દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 81 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર સુદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 April 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૭ એપ્રિલ ૨૦૨૫ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦



ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ ૮



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મોદીએ દેશને પ્રથમ વર્ટિકલ લિફ્ટ રેલવે સી બ્રિજની આપી ભેટ

## રામસેતુના દર્શન કરી ધન્ય થઇ ગયોઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે શ્રીલંકાથી ભારત પરત ફરતી વખતે વિમાનમાંથી રામસેતુના દર્શન કર્યા હતા.

વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને કહ્યું હતું કે થોડા સમય પહેલા શ્રીલંકાથી પરત ફરતી વખતે મને રામસેતુના દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું. દૈવીય સંયોગથી આ તે જ સમયે બન્યું જ્યારે અયોધ્યામાં સૂર્ય તિલક થઈ રહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, ''બંનેના દર્શન કરીને ધન્યતા અનુભવું છું.''

ભગવાન શ્રી રામ તમામને જોડનારી શક્તિ છે. તેમના આશીર્વાદ હંમેશાં આપણા પર રહે.

માન્યતા છે કે ભગવાન રામ અને તેમની વાનર સેનાએ રાવણનો વધ કરવા માટે શ્રીલંકા જવા માટે જે પુલ બનાવ્યો હતો રામસેતુ તે તેનો હિસ્સો છે.■

રામેશ્વરમ (તમિળનાડુ) વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તમિળનાડુના રામેશ્વરમ ટાપુને રેલવે માર્ગથી જોડતા નવા પંબન પુલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ૨.૦૭ કિલોમીટર લાંબો પુલ ભારતનો પહેલો વર્ટિકલ લિફ્ટ બ્રિજ છે. નવો પંબન પુલ ૧૦૦ વર્ષ સુધી ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રેન ચલાવવા માટે સક્ષમ છે. પીએમ મોદીએ ૨૦૧૯માં પંબન પુલનો શિલાન્યાસ કર્યો હતો અને ૫ વર્ષમાં તે દરિયાની ઉપર બનીને તૈયાર થઇ ગયો હતો.

આ સાથે તેમણે રામેશ્વરમ-તાંબરમ (ચેન્નઈ) નવી ટ્રેન સેવાનો શુભારંભ કરાવ્યો. આ ઉપરાંત પીએમ મોદીએ કોસ્ટ ગાર્ડના જહાજને પણ લીલી ઝંડી આપી હતી. આ પુલ દેશભરમાંથી આવતા ભક્તોને રામેશ્વરમ સાથે વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ પુલ મુખ્ય ભૂમિને ચાર ધામ તીર્થસ્થળોમાંના એક રામેશ્વરમને જોડે છે. જૂનો પુલ જે મૂળ રૂપે મીટરગેજ ટ્રેનો માટે બનાવવામાં આવ્યો હતો, તેને બ્રોડગેજ ટ્રાફિક માટે મજબૂત બનાવવામાં આવ્યો હતો અને ૨૦૦૭માં ફરીથી ખોલવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૧૯માં રેલવે મંત્રાલયે જૂના માળખાને બદલવા માટે એક નવો પુલ બનાવવાની મંજૂરી આપી હતી.

આ પ્રસંગે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, તમિળનાડુના રાજ્યપાલ

(જુઓ પાનું ૨) ▸▸



**દેશની સિદ્ધિઃ** તમિળનાડુના રામેશ્વરમમાં એશિયાના પ્રથમ વર્ટિકલ લિફ્ટ રેલવે સી બ્રિજનું ઉદ્ઘાટન કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

## 'રામરાજ્ય દેશના નિર્માણની આધારશિલા'

### ભાજપના સ્થાપના દિનની ભવ્ય ઉજવણી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે જણાવ્યું હતું કે રામરાજ્ય જેવું સારું શાસન રાષ્ટ્રના નિર્માણની આધારશિલા છે અને ભાજપ આ સ્વપ્ન સાકાર કરશે. લોકો ભાજપનો સુચારુ વહીવટનો એજન્ડા અમલમાં મુકાતો જોઈ રહ્યા છે અને વીતેલા વરસો દરમિયાન પક્ષે મેળવેલા ઐતિહાસિક જનાદેશમાં તેનું પ્રતિબિંબ પડી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

પક્ષના સ્થાપના દિન નિમિત્તે તમામ કાર્યકર્તાઓને અભિનંદન આપતાં તેમણે કહ્યું હતું કે વીતેલા અનેક દાયકાઓમાં પક્ષને મજબૂત કરવામાં સમર્પણ આપનારા લોકોને અમે યાદ કરીએ છીએ.

આ મહત્ત્વનો દિવસ અમને દેશના વિકાસના કામ પરત્વેની અમારી પ્રતિબદ્ધતા અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાની યાદ અપાવે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## અમદાવાદમાં ૪૨ ડિગ્રી ગરમીથી લોકો ત્રાહિમામ્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલી કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ્ પોકારી ગયા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ પારો ૪૨ ડિગ્રી પહોંચી જતા બન્ને શહેરો માટે શનિવાર સિઝનનો સૌથી ગરમ દિવસ સાબિત થયો હતો. રાજ્યના મોટા ભાગના શહેરના તાપમાન ૪૦થી ૪૨ ડિગ્રીની આસપાસ રહેતા નાગરિકોએ અગન વર્ષા થઇ રહી હોય તેવો અહેસાસ કર્યો હતો. આગામી બે દિવસ દરમિયાન કચ્છમાં સિવિયર હીટવેવ અને રાજ્યનાં અન્ય શહેરોમાં હીટવેવની વકી હવામાન વિભાગે વ્યક્ત કરી હતી.

રાજ્યમાં પ્રવર્તતા ઉત્તર-પશ્ચિમથી ઉત્તરીય પવનોને પગલે રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યમાં હીટવેવનું પ્રમાણ વધ્યું છે. રાજ્યના વિવિધ શહેર બપોર થતા જ અગનભઠ્ઠીમાં ફેરવાઇ ગયા હોય તેવી ગરમી વર્તાઇ હતી. આગામી હીટવેવનું પ્રમાણ વધવાની સંભાવના વચ્ચે લમણાં શેકી નાખે તેવી ગરમી સહન કરવાની તૈયારી રાખવી પડશે.

ગુજરાતમાં આકરી ગરમીનો હીટવેવ સાથે પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી પાંચ દિવસ

(જુઓ પાનું ૨) ▸▸

## રામલલાના લલાટે સૂર્યતિલક કરાયુંઃ રામનવમીની ભવ્ય ઉજવણી

અયોધ્યાઃ રામનવમી નિમિત્તે અયોધ્યામાં ઉજવણીનો માહોલ હતો. અયોધ્યા સહિત દેશભરના લોકો રામમય બન્યા હતા. અયોધ્યામાં રામમંદિરમાં રામનવમી પર ભગવાન શ્રી રામલલાનો સૂર્યાભિષેક કરવામાં આવ્યો હતો. રામલલાની સવારથી પૂજા શરૂ થઇ ગઇ હતી. રામનવમીના અવસરે મોટી સંખ્યામાં ભક્તો રામજન્મભૂમિ મંદિરે રામલલાના દર્શન કરવા પહોંચ્યા હતા.

રવિવારે બપોરે ૧૨ વાગ્યે રામલલાના જન્મોત્સવની ઉજવણી શરૂ થઇ હતી. મંદિરમાં પૂજા-અર્ચન-આરતી અને સૂર્ય તિલક કરવામાં આવ્યા હતા. બપોરે ૧૨ વાગ્યાના ટકોરે સૂર્યાભિષેક થયો હતો. આ તકે સીધા સૂર્યના કિરણો શ્રી રામલલાના લલાટ પર પડ્યા ત્યારે અલૌકિક નજારો જોવા મળ્યો હતો. રામલલાના કપાળ પર લગભગ ચાર મિનિટ સુધી સૂર્ય કિરણો પડ્યા હતા. રામનવમી નિમિત્તે હનુમાન ગઢીના મહંત સંજય દાસે જણાવ્યું કે આ અદ્ભુત અને અલૌકિક છે. અયોધ્યાના રાજા દશરથ પુત્ર ભગવાન શ્રી રામ સૂર્યવંશી હતા. જે સમયે ભગવાન રામનો જન્મ થયો હતો, તે સમયે સ્વયં ભગવાન સૂર્ય એક મહિના સુધી તેમની લીલા જોતા રહ્યા હતા. તેથી આ ચાર મિનિટનું સૂર્ય તિલક ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે

(જુઓ પાનું ૨) ▸▸

## ભગવાન શામળિયાને ૪.૨૫ કરોડનો મુગટ અર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર એક ઐતિહાસિક ક્ષણનું સાક્ષી બન્યું હતું. મંદિર ટ્રસ્ટ દ્વારા ભગવાન શામળિયાને ૪.૨૫ કરોડથી વધુની કિંમતનો સોનાનો મુગટ ભેટમાં આપવામાં આવ્યો છે. ભક્તોએ અર્પણ કરેલા દાગીનામાંથી આ મુગટ તૈયાર કરવામાં આવ્યો છે. ભક્તોની શ્રદ્ધાના પ્રતીક સમાન આ મુગટથી ભગવાન શામળિયા વધુ ઝળહળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૩ કિલો સોનું અને ૭૦૦ ગ્રામ હીરા સહિત નવરત્નોનો ઉપયોગ કરી આ મુગટ તૈયાર કરવામાં આવ્યો છે. જેને બનાવવામાં ૩ મહિનાથી વધુનો સમય લાગ્યો હતો.

ભગવાનને અર્પણ કરવામાં આવેલો આ મુગટ ભક્તો

(જુઓ પાનું ૨) ▸▸

## વ્યાજદર ઘટાડવાની બુધવારે જાહેરાતની આશા

મુંબઈ : રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)એ આ અઠવાડિયે વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો થાય એવી સંભાવના છે. નીચો ફુગાવો એ સમાવેશક નાણાકીય પગલાંને ટેકો આપે છે અને અમેરિકાના રેસિપ્રોકલ ટૅરિફ જાહેર કરીને ગ્લોબલ ઈકોનોમી સામે પડકારો ઊભા કર્યા છે ત્યારે વૃદ્ધિને ઉત્તેજન આપવા વ્યાજદરમાં ઘટાડો કરવાની જરૂર છે. ફેબ્રુઆરીમાં ગવર્નર સંજય મલ્હોત્રાની આગેવાની હેઠળની આરબીઆઈની મોનેટરી પોલીસી કમિટીએ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સ ઘટાડીને ૬.૨૫ ટકા કર્યો છે. આ અઢી વર્ષમાં પ્રથમ વાર વ્યાજદરમાં પહેલી વાર સુધારો અને મે ૨૦૨૦થી પહેલી વાર ઘટાડો કરવામાં આવ્યો હતો.

એમપીસીની ૫૪મી બેઠકમાં સાત એપ્રિલે ચર્ચા શરૂ થશે અને નિર્ણયની જાહેરાત નવ એપ્રિલે કરવામાં આવશે.

આરબીઆઈએ ફેબ્રુઆરી ૨૦૨૩થી રેપો રેટ (નાણાં ઉછીના દેવાના ટૂંકા ગાળાના દર) સાડાછ ટકા જાળવી રાખ્યો છે. આરબીઆઈએ છેલ્લી વાર વ્યાજદર કોવિડના સમયે (મે ૨૦૨૦) ઘટાડવામાં આવ્યો હતો. ત્યાર બાદ તેને ઉત્તરોત્તર વધારીને સાડાછ ટકા કરવામાં આવ્યો હતો. (એજન્સી) ■

## વક્ફ બોર્ડ પર નિયંત્રણ નથી ઈચ્છતી સરકારઃ નડ્ડા

નવી દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના અધ્યક્ષ જે.પી નડ્ડાએ રવિવારે કહ્યું કે કેન્દ્ર સરકાર વક્ફ બોર્ડ પર નિયંત્રણ કરવા માંગતી નથી, પરંતુ તે સુનિશ્ચિત કરવા માંગે છે કે તેઓ કાયદાના દાયરામાં રહીને કામ કરે જેથી તેમની મિલકતોનો ઉપયોગ મુસ્લિમ સમુદાયમાં શિક્ષણ, આરોગ્ય સંભાળ અને રોજગારને પ્રોત્સાહન આપવા માટે થઈ શકે.

પાર્ટીના ૪૬મા સ્થાપના દિવસ નિમિત્તે અહીં ભાજપ મુખ્યાલય ખાતે એક કાર્યક્રમને સંબોધતા નડ્ડાએ કહ્યું કે તૂર્કીએ અને અન્ય ઘણા મુસ્લિમ દેશોની

(જુઓ પાનું ૨) ▸▸

## હૉસ્પિટલમાં 'બનાવટી' કાર્ડિયોલોજિસ્ટ પાસે સારવાર લેતા સાતનાં મોત

દામોહ ( મધ્ય પ્રદેશ) : મધ્ય પ્રદેશના દામોહ જિલ્લાની મિશનરી હૉસ્પિટલના બનાવટી કાર્ડિયોલોજિસ્ટે સારવાર કરેલા સાત દર્દી મરણ પામ્યા છે. આને પગલે નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશને આ બાબતની તપાસનો આદેશ આપ્યો હતો.

માનવ અધિકાર પંચના સભ્ય પ્રિયાંક કાનૂન્ગોએ માહિતી આપી હતી કે પંચની એક ટીમ આ બાબતની તપાસ કરવા સાત એપ્રિલથી નવ એપ્રિલ સુધી દામોહમાં એક શિબિરનું આયોજન કરશે. સ્થાનિક રહેવાસીએ પંચને કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ડૉક્ટર 'એન. જોન કામ'ના નામનો ઉપયોગ કરતી વ્યક્તિ હૉસ્પિટલમાં કામ કરે છે અને તેણે એવું બતાડ્યું છે કે તે શિક્ષિત છે અને વિદેશમાં તેણે તાલીમ લીધી છે. ફરિયાદીએ દાવો કર્યો છે કે તેનું સાચું નામ નરેન્દ્ર વિક્રમાદિત્ય યાદવ છે અને તે ઈંગ્લૅન્ડના જાણીતા કાર્ડિયોલોજિસ્ટના નામનો દૂરુપયોગ કરે છે. તેની ખોટી સારવારને લીધે દર્દીઓ મરણ પામ્યા

(જુઓ પાનું ૨) ▸▸

## ઈઝરાયલનો ગાઝા પર હુમલોઃ ૧૫નાં મોત

ગાઝાપટ્ટીઃ ઈઝરાયલે શનિવારે રાત્રે ગાઝાપટ્ટી પર કરેલા હવાઈ હુમલામાં ૧૦ મહિલા અને બાળકો સહિત ૧૫નાં મોત થયાં હોવાનું સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ કહ્યું હતું.

ગયા મહિને ઈઝરાયલે હમાસ સાથેના શસ્ત્રવિરામનો અંત આણ્યો હતો અને નવેસરથી હવાઈ તેમ જ જમીની

(જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદની આગમાં બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જીવરાજ પાર્ક ચાર રસ્તા પાસે આવેલી જ્ઞાનદા સોસાયટીમાં રહેણાક મકાનમાં રાખેલી એસીના ગૅસના બાટલામાં આગ લાગતા નાસભાગ મચી હતી. એસીના ગૅસની બોટલોમાં આગ ફાટી નીકળતા ગૅસની બોટલો હવામાં ઊડી હતી અને આસપાસના મકાનોની બારી પર અથડાતા કાચ તૂટ્યા હતા. એક પછી એક વિસ્ફોટ થતા ભયનો માહોલ છવાયો હતો. ગણતરીની મિનિટોમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આસપાસના અન્ય મકાનો અને પાર્ક કરેલા વાહનો આગની ચપેટમાં આવ્યા હતા. આ દરમિયાન અમદાવાદના વિવિધ ફાયર સ્ટેશનોમાંથી ૧૪ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને લગભગ બે કલાકની જહેમત બાદ આગ

(જુઓ પાનું ૨) ▸▸




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# વક્ફ એક્ટમાં સુધારાથી મૂળભૂત અધિકારોના ભંગની વાત વાહિયાત

**સંસદનાં** બંને ગૃહો લોકસભા અને રાજ્યસભામાં વક્ફ એક્ટમાં સુધારો કરતો ખરડો પસાર થઈ ગયો છે અને હવે રાષ્ટ્રપતિની મંજૂરી જ બાકી છે. ૨ એપ્રિલે લોકસભામાં ૧૪ કલાકની અને ૩ એપ્રિલે રાજ્યસભામાં ૧૨ કલાકની ચર્ચા પછી આ બિલ પસાર થયું હતું. હવે સંસદનાં બંને ગૃહે પસાર કરેલા ખરડાને રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવશે. રાષ્ટ્રપતિની મંજૂરી મળતાં જ આ ખરડો કાયદો બની જશે.

વિપક્ષોએ આ ખરડાનો વિરોધ કરેલો પણ સંસદમાં બહુમતી સામે કંઈ ના ચાલતાં વિપક્ષના કેટલાક સાંસદો અને ધારાસભ્યો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે. ગુરુવારે રાજ્યસભામાં બિલ પસાર થયા પછી બીજા જ દિવસે એટલે કે શુક્રવારે જ સુપ્રીમ કોર્ટમાં વક્ફ સુધારા બિલ સામે બે અરજી દાખલ કરવામાં આવી હતી. બિહારના કિશનગંજથી કૉંગ્રેસના સાંસદ મોહમ્મદ જાવેદ અને એઆઈએમઆઈએમના સાંસદ અસદુદ્દીન ઓવૈસી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં વક્ફ એક્ટમાં કરાયેલો સુધારો ગેરબંધારણીય હોવાનો દાવો કરાયો છે.

શનિવારે દિલ્હીના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાને પણ અરજી કરી અને એસોસિએશન ફોર ધ પ્રોટેક્શન ઈન ધ મેટર્સ ઓફ સિવિલ રાઈટ્સ નામની સંસ્થાએ પણ અરજી કરી છે તેથી અત્યાર સુધીમાં વક્ફ એક્ટમાં સુધારા સામે કુલ ૪ અરજી થઈ છે. ગુરુવારે રાજ્યસભામાં બિલ પસાર થયા પછી કૉંગ્રેસના સાંસદ જયરામ રમેશે કહ્યું હતું કે કૉંગ્રેસ સુપ્રીમ કોર્ટમાં જશે. તામિલનાડુના ડીએમકેએ પણ અરજી દાખલ કરવાની જાહેરાત કરી હતી. હજુ બંને સત્તાવાર રીતે કોર્ટમાં ગયા નથી પણ બંને કોર્ટમાં જશે જ. ભારતમાં ધર્મના નામે ચાલતાં તૂતની વાત આવે એટલે બધાંની લાગણીઓ દુભાઈ જતી હોય છે તેથી બીજા પણ ઘણા આ ખરડાને પડકારવા માટે ઊભા થશે એ જોતાં સુપ્રીમ કોર્ટમાં આ ખરડા સામેની અરજીઓની સંખ્યા હજુ વધશે એ નક્કી છે.

વક્ફ એક્ટમાં સુધારાને પડકારતી અરજીઓમાં દલીલ કરાઈ છે કે, આ સુધારો બંધારણે આપેલા મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે અને કલમ ૩૦૦એ હેઠળના સંપત્તિના બંધારણીય અધિકારનો પણ ભંગ કરે છે. બધા અરજદારોની અરજીઓ એકસરખી નથી તેથી બધી અરજીઓમાં બંધારણની અલગ અલગ કલમોના ભંગના દાવા કરાયા છે પણ બધી અરજીઓનો સાર કઢાય તો બંધારણની કલમો ૧૪, ૧૫, ૨૧, ૨૫, ૨૬, ૨૯, ૩૦ અને ૩૦૦એનો આ સુધારા દ્વારા ભંગ થાય છે એવો અરજદારોનો દાવો છે.

હવે આપણે બંધારણની આ કલમોમાં જે જોગવાઈ પર નજર નાખીએ તો સમજાય કે, વક્ફ એક્ટમાં સુધારાનો વિરોધ કરનારા કાં ગમાર છે કાં કોમેડી કરી રહ્યા છે કાં પોતાનો કક્કો ખરો સાબિત કરવા માટે સાવ બકવાસ વાતો કરવા પર ઊતરી રહ્યા છે. સુધારાને પડકારનારામાં અસદુદ્દીન ઓવૈસી જેવા બંધારણના જાણકાર પણ છે તેથી બધાંને ગમાર ના ગણી શકાય પણ આ બધાંનો ઉદ્દેશ મુસ્લિમ સમાજમાં પોતાનું વર્ચસ્વ જાળવવાનો છે જ. એ વાસ્તે થઈને એ લોકો કોમિક સિચ્યુએશન તો ઊભી કરી જ રહ્યા છે કેમ કે વાસ્તવમાં વક્ફનો કાયદો અને વક્ફની જોગવાઈ જ કાં બંધારણે આપેલા મૂળભૂત અધિકારનો ભંગ કરે છે કાં તેને મૂળભૂત અધિકાર સાથે કંઈ લેવાદેવા નથી. આપણે એક પછી એક કલમને લગતી જોગવાઈ પર નજર નાખીશું તો આ વાત સમજાશે.

ભારતના બંધારણની કલમ ૧૪ ભારતમાં તમામ લોકોને કાયદા સમક્ષ સમાનતા અને કાયદાના સમાન રક્ષણની ખાતરી આપે છે. આ એક મૂળભૂત અધિકાર છે કે જે દેશના તમામ નાગરિકો, વિદેશીઓ અને કાનૂની સંસ્થાઓને લાગુ પડે છે. વક્ફના કાયદામાં સુધારા દ્વારા કોની સમાનતા કે કાયદા દ્વારા સમાન રક્ષણના અધિકારનો ભંગ થયો ? ઉલટાનું વક્ફના કાયદામાં ટ્રિબ્યુનલના ચુકાદાને કોઈ કોર્ટમાં ના પડકારી શકાય એ જોગવાઈના કારણે કલમ ૧૪નો ભંગ થતો હતો. ભારતીય બંધારણની કલમ ૧૫ ધર્મ, જાતિ, લિંગ અથવા જન્મ સ્થળના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે છે, જાહેર સ્થળો અને સેવાઓમાં સમાન પ્રવેશ સુનિશ્ચિત કરે છે. રાજ્યને મહિલાઓ, બાળકો અને વંચિત જૂથો માટે વિશેષ જોગવાઈઓ કરવાની સત્તા આપે છે. વક્ફ એક્ટ વાસ્તવમાં ધર્મના આધારે ભેદભાવ કરનારો કાયદો છે કેમ કે બીજાં કોઈ ધર્મ માટે નહીં પણ મુસ્લિમો માટે જ આવો કાયદો બનાવાયો. આ ભેદભાવ શા માટે?

ભારતીય બંધારણની કલમ ૨૧ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના રક્ષણના મૂળભૂત અધિકારની ખાતરી આપે છે, કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા સિવાય કોઈપણ વ્યક્તિને તેમના જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત રાખી શકાય નહીં. વક્ફ એક્ટમાં સુધારાના કારણે આ અધિકારનો ભંગ કઈ રીતે થાય છે? આ દલીલ કોમિક છે તેથી તેના વિશે નહીં બોલવામાં જ સાર છે. ભારતીય બંધારણની કલમ ૨૫ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને આરોગ્ય અને બંધારણની અન્ય જોગવાઈઓને આધીન રહીને અંતરાત્માની સ્વતંત્રતા અને મુક્તપણે ધર્મ સ્વીકારવા, તેનું પાલન કરવા અને પ્રચાર કરવાના અધિકારની ખાતરી આપે છે. એ જ રીતે ભારતીય બંધારણની કલમ ૨૬ ધાર્મિક બાબતોનું સંચાલન કરવાની સ્વતંત્રતાની બાંયધરી આપે છે.

ધાર્મિક સંપ્રદાયોને સંસ્થાઓ સ્થાપિત કરવા અને જાળવવા, પોતાનાં કાર્યોનું સંચાલન કરવા, મિલકતની માલિકી અને સંપાદન કરવા અને કાયદા અનુસાર તેનું સંચાલન કરવાની મંજૂરી આપે છે, આ બધું જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને આરોગ્યને આધીન છે. ટૂંકમાં ધાર્મિક સ્વાતંત્ર્યને લગતો આ કાયદો છે ને વક્ફ એક્ટમાં સુધારા દ્વારા કોઈની ધાર્મિક સ્વતંત્રતા છિનવાતી નથી. વક્ફ ધાર્મિક સ્વતંત્રતાનો ભાગ નથી. એ તો સ્વૈચ્છિક રીતે દાનમાં મળેલી સંપત્તિનો વહીવટ કરવાની વ્યવસ્થા છે. આ વ્યવસ્થા પણ કોઈ છિનવી નથી રહ્યું, બલ્કે તેને બહેતર બનાવાઈ રહી છે.

ભારતીય બંધારણની કલમ ૨૯ લઘુમતીઓનાં હિતોનું રક્ષણ કરે છે. કોઈ પણ નાગરિકને પોતાની ભાષા, લિપિ અથવા સંસ્કૃતિના સંરક્ષણનો અધિકાર છે. રાજ્ય દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી અથવા સહાયિત શૈક્ષણિક સંસ્થાઓમાં ધર્મ, જાતિ, જાતિ અથવા ભાષાના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરવામાં આવે છે. અરજદારો વક્ફ બોર્ડમાં મુસ્લિમોની ઈજારાશાહી ઈચ્છે છે તો આ અધિકારનો ભંગ કોણ કરી રહ્યું છે. કલમ ૩૦ હેઠળ લઘુમતીઓના શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને સંચાલનનો અધિકાર અપાયો છે. વક્ફ બોર્ડ શૈક્ષણિક સંસ્થા છે? તો પછી આ અધિકારનો ભંગ કઈ રીતે થયો ?

કલમ ૩૦૦એ હેઠળ સરકાર યોગ્ય કાનૂની પ્રક્રિયાઓનું પાલન કર્યા વિના મનસ્વી રીતે કોઈ વ્યક્તિની મિલકત છીનવી ન શકે. આ બંધારણીય અધિકાર છે. સમાનતા અથવા સ્વતંત્રતાના અધિકાર જેવો મૂળભૂત અધિકાર નથી તેથી કાયદા દ્વારા તેને રદ કરી શકાય કે અમલ મોકૂફ કરી શકાય.

સવાલ એ છે કે, કોની સંપત્તિ છિનવાઈ રહી છે ? વક્ફ બોર્ડ વક્ફના નામે લોકોની સંપત્તિ છિનવી રહ્યા છે એટલે વાસ્તવમાં એ લોકો આ અધિકારનો ભંગ કરી રહ્યા છે. આ દેશની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોમાં બંધારણની સમજ આપણા બધા કરતાં વધારે છે તેથી આ અરજીઓનું શું થશે એ કહેવાની જરૂર નથી.■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, સોમવાર, તા. ૭–૪–૨૦૨૫, ધર્મરાજ દશમી,

- ભારતીય દ્નિાંક ૧૭, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ –૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ સુદ–૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૬મો અશીશવંઘ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૮–૦૩, રાત્રે ક. ૨૧–૧૦
- ઓટઃ બપોરે ક. ૧૪–૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૪૫ (તા. ૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – દસમી. ધર્મરાજ દશમી, બુધ માર્ગી
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ પૂજા, પિતૃપૂજન, શ્રાદ્ધ તર્પણ, ચંદ્રબુધ ગ્રહદેવતાનું પૂજન, સર્પપૂજા, શિવપાર્વતી પૂજા ચંપાના પુષ્પથી, ઔષધ ઉપચાર, માલ વેંચવો, સ્થાવર લેવડદેવડ, ધાન્ય ઘરે લાવવું, ઘર–ખેતર જમીન, મકાન મિલકતના કામકાજ, પ્રાણી પાળવા,
- આચમનઃ શુક્ર–શનિ યુતિ પ્રેમસંબંધોમાં વફાદાર, સૂર્ય–ચંદ્ર ત્રિકોણ સર્વાંગી ઉદય.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર–શનિ યુતિ, સૂર્ય–ચંદ્ર ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–મીન, માર્ગી મંગળ–કર્ક, માર્ગી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, વક્રી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.■

પહેલા પાનાનું ચાલુ

## મોદીએ દેશને

આર.એન. રવિ, રાજ્યના નાણામંત્રી થાંગમ થેનારસુ અને અન્ય નેતાઓ હાજર રહ્યા હતા. શ્રીલંકાથી પરત ફર્યા બાદ વડા પ્રધાન મોદીનું તમિળનાડુના નાણામંત્રી, કેન્દ્રીય મંત્રી એલ. મુરુગન, ભાજપ નેતા કે. અન્નામલાઈ અને અન્ય વરિષ્ઠ ભાજપ નેતાઓએ સ્વાગત કર્યું હતું. જોકે રાજ્યના મુખ્ય પ્રધાન એમ.કે.સ્ટાલિને કાર્યક્રમમાં હાજરી આપી નહોતી.

ઉલ્લેખનીય છે કે તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિને રાજ્યના નીલગિરી જિલ્લામાં આયોજિત કાર્યક્રમોમાં હાજરી આપી હતી. તેમણે કહ્યું હતું કે 'તેમણે રામેશ્વરમમાં યોજાનાર કાર્યક્રમમાં તેમની ગેરહાજરી વિશે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પહેલાથી જ જાણ કરી દીધી હતી. 'નીલગિરિમાં યોજાનાર પૂર્વનિર્ધારિત કાર્યક્રમોને કારણે તેઓ વ્યક્તિગત રીતે હાજરી આપી શકશે નહીં, પરંતુ દરમિયાન તેમના મંત્રીઓ થંગમ થેનારાસુ અને રાજકનપ્પન વડા પ્રધાનનું સ્વાગત કરશે.'

પંબન સી બ્રિજ એ ભારતનો પહેલો વર્ટિકલ સી–લિફ્ટ બ્રિજ છે, જેની લંબાઈ ૨.૦૮ કિલોમીટર છે અને તેમાં ૯૯ સ્પાન છે. તેમાં ૭૨.૫ મીટર લાંબો વર્ટિકલ લિફ્ટ સ્પાન છે, જે ૧૭ મીટર ઉપર જઇ શકે છે. આનાથી મોટાં જહાજો સરળતાથી અહીંથી પસાર થઈ શકશે, જ્યારે ટ્રેન કામગીરીમાં કોઈ વિક્ષેપ પડશે નહીં. આ પુલના નિર્માણમાં ૫૫૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થયો છે.

પુલના માળખાને મજબૂત બનાવવા માટે ૩૩૩ થાંભલાઓ અને ૧૦૧ પિયર્સ–પાઇલ કેપ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પુલ બે રેલ ટ્રેક માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે અને ભવિષ્યમાં વિસ્તરણની શક્યતાને ધ્યાનમાં રાખીને તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. પુલ પર પોલિસિલોક્સેન પેઇન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે તેને કાટ લાગવાથી બચાવે છે અને દરિયાઈ વાતાવરણમાં તેનું આયુષ્ય સુનિશ્ચિત કરે છે.

આ પુલનું નિર્માણ રેલ વિકાસ નિગમ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. તે ઝડપી ટ્રેનો અને વધેલા ટ્રાફિકને સંભાળવા માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે. રામેશ્વરમને મુખ્ય ભૂમિ સાથે જોડતો નવો પંબન પુલ વૈશ્વિક મંચ પર ભારતીય એન્જિનિયરિંગની એક નોંધપાત્ર સિદ્ધિ તરીકે ઊભરી આવ્યો છે. દરમિયાન ભાષા વિવાદ વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તમિળનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન પર કટાક્ષ કર્યો હતો. વડા પ્રધાન મોદીએ કહ્યું કે તેમને તમિળનાડુના ઘણા નેતાઓ તરફથી પત્રો મળે છે, પરંતુ તે ક્યારેય તમિળમાં સહી કરેલા હોતા નથી. જો તમને તમિળ ભાષા પર આટલો ગર્વ છે તો તમારે તમિળમાં હસ્તાક્ષર કરવા જોઇએ. સરકાર તમિળ ભાષા અને તમિલ વારસાને વિશ્વના ખૂણે ખૂણે ફેલાવવા માટે આ દિશામાં કામ કરી રહી છે.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તમિળભાષાની તરફદારી કરતા ભારપૂર્વક કહ્યું હતું કે તમિળને વૈશ્વિક સ્તરે લઈ જવાનાં તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

ગરીબ વર્ગના લોકોને પણ લાભ મળે તે માટે મોદીએ તમિળનાડુ સરકારને મેડિકલ શિક્ષણ તમિળ ભાષામાં આપવા જણાવ્યું હતું.

દેશના દરેક રાજ્યે મેડિકલ શિક્ષણ માતૃભાષામાં આપવા પગલાં ભરવા જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

રામનવમી નિમિત્તે એકંદરે રૂ. ૮,૩૦૦ કરોડ કરતાં પણ વધુના પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા બાદ તેમણે કહ્યું હતું કે ભગવાન રામનો સુચારુ વહીવટી દેશના નિર્માણની આધારશિલા છે.

તમિળ ભાષા, તમિળ વારસાને વિશ્વના ખૂણે ખૂણે લઈ જવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું.

રાજ્યમાં મેડિકલ શિક્ષણ તમિળ ભાષામાં આપવામાં આવે જેથી કરીને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને પણ તેનો લાભ મળી શકે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે તમિળનાડુને ભંડોળ વધારી આપવામાં આવ્યું હોવા છતાં એ મુદ્દે હજુ ઘણા લોકો કાગારોળ કરી રહ્યા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી શ્રીલંકાના ત્રણ દિવસના પ્રવાસના છેલ્લા દિવસે રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે સાથે અનુરાધાપુરાની મુલાકાત લીધી હતી. અહીં બંનેએ જય શ્રી મહાબોધિ મંદિરમાં પ્રાર્થના કરી હતી. વડા પ્રધાને મંદિરમાં બૌદ્ધ સાધુ પાસેથી આશીર્વાદ મેળવ્યા હતા.

ત્યારબાદ પીએમ મોદીએ શ્રીલંકાના ઉત્તરીય ક્ષેત્રને રાજધાની કોલંબો સાથે જોડતા રેલવે પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં ભારતે શ્રીલંકાને ટેક્નિકલ અને નાણાકીય સહાય પૂરી પાડી છે. ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન મોદી શ્રીલંકાના ત્રણ દિવસના રાજકીય પ્રવાસ પર ૪ એપ્રિલના રોજ સાંજે રાજધાની કોલંબો પહોંચ્યા હતા.

ગત વર્ષે સપ્ટેમ્બરમાં અનુરા કુમારા દિસાનાયકે શ્રીલંકાના ૧૦માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. ત્યારબાદ તેમણે પોતાના પહેલા વિદેશ પ્રવાસ માટે ભારતની પસંદગી કરી હતી. તો વળી દિસાનાયકે રાષ્ટ્રપતિ બન્યા બાદ પીએમ મોદી શ્રીલંકાની મુલાકાત લેનારા પ્રથમ વિદેશી નેતા છે. શ્રીલંકાએ વડા પ્રધાન મોદીની મુલાકાત દરમિયાન ખાસ સદ્ભાવના હેઠળ ૧૪ ભારતીય માછીમારોને મુક્ત કર્યા હતા.

અનુરાધાપુરા એક બૌદ્ધ તીર્થસ્થાન અને વિશ્વ ધરોહર સ્થળ છે. તે થરવાડા બૌદ્ધધર્મનું જન્મસ્થળ પણ છે. જે કંબોડિયા, લાઓસ અને મ્યાનમાર સહિત શ્રીલંકામાં મુખ્ય ધર્મ છે. બૌદ્ધ ધર્મનું આ સ્વરૂપ ભારત, ચીન, બાંગ્લાદેશ, નેપાળ અને વિયેતનામમાં પણ પ્રચલિત છે. અનુરાધાપુરા શ્રીલંકાની પ્રાચીન રાજધાની પણ હતી. જે ૧૯૮૦ના દાયકાથી યુનેસ્કોના સમર્થનથી સંરક્ષિત કરવામાં આવી રહ્યું છે. અનુરાધાપુરા વિશ્વના સૌથી જૂના વસ્તીવાળા શહેરો પૈકીનું એક છે. રાજધાની કોલંબોથી ૨૦૦ કિમી (૧૨૪ માઇલ) ઉત્તરમાં આવેલા અનુરાધાપુરામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અંજીરના વૃક્ષને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રામનવમીના અવસરે અહીંના જાણીતા રામનાથસ્વામી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. પરંપરાગત 'વેષ્ટી' (ધોતી), શર્ટ અને 'અંગવસ્ત્રમ' (ગળામાં પહેરવાનું વસ્ત્ર)માં સજ્જ વડા પ્રધાન રવિવારે મંદિર પહોંચ્યા હતા. ગયા વર્ષે તેમણે ઉત્તર પ્રદેશના અયોધ્યામાં શ્રી રામમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા અગાઉ પૂજા અર્ચના કરી હતી.મંદિર પહોંચતા જ પૂજારીઓએ તેમનું પરંપરાગત રીતે સ્વાગત કર્યું અને વડા પ્રધાને મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. તેમની સાથે તમિળનાડુના ગવર્નર આરએન રવિ, કેન્દ્રીય મંત્રી એલ મુરુગન અને બીજેપી તમિળનાડુ એકમના પ્રમુખ કે અન્નામલાઈ પણ તેમની સાથે હતા.

વડા પ્રધાન અહીં નવા પંબન બ્રિજનું ઉદ્ઘાટન કરવા અને વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ અને શિલાન્યાસ કરવા આવ્યા હતા. તેઓ પાડોશી દેશ શ્રીલંકાની સત્તાવાર મુલાકાત પૂર્ણ કર્યા બાદ અહીં આવ્યા હતા. વડા પ્રધાન મોદીના સ્વાગત માટે હજારો તમિળનાડુના લોકો અહી પહોંચ્યા હતા.■

## રામલલાના લલાટે

અને બધા સનાતનધર્મીઓ આ પળની આતુરતાથી રાહ જોતા હોય છે.

તેઓએ જણાવ્યું કે આ પહેલા ભગવાનનો પાઠ કરવામાં આવ્યો હતો. સુંદરકાંડનો પાઠ કરવામાં આવ્યો અને પછી હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું દૂરદર્શન પર સીધું પ્રસારણ કરવામાં આવ્યું હતું. તેમજ અયોધ્યા સહિત ઘણા શહેરોમાં મોટા એલઇડી સ્ક્રીન લગાવીને લાઇવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન લગભગ ચાર લાખ શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચવાની સંભાવના વ્યક્ત કરાઇ હતી. રામનવમીને ધ્યાનમાં રાખીને મંદિરમાં દર્શનના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો હતો. શ્રદ્ધાળુઓને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. જણાવી દઇએ કે રામલલાને તિલક કરવાની તૈયારીમાં કેટલાક વૈજ્ઞાનિકો પણ વ્યસ્ત હતા. તેથી રામમંદિરમાં ઉપકરણો પણ લગાવવામાં આવ્યા હતા. નોંધનીય છે કે ગત વર્ષે ૨૨ જાન્યુઆરીએ રામલલાની પ્રાણપ્રતિષ્ઠા બાદ રામમંદિરમાં આ બીજી વખત સૂર્યાભિષેક કરવામાં આવ્યો હતો.

રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે જણાવ્યું કે સવારે ભગવાન રામનો અભિષેક કરવામાં આવ્યો હતો. સવારે ૯-૩૦થી ૧૦-૩૦ સુધી ભગવાનનો શૃંગાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રસાદ ધરવામાં આવ્યો હતો. ચૈત્ર શુક્લની નવમીએ બપોરે ૧૨ વાગ્યે ભગવાનનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પહેલા જન્મની આરતી કરવામાં આવી હતી. ભગવાનને ૫૬ પ્રકારનો ભોગ ધરવામાં આવ્યો હતો. અયોધ્યામાં ભક્તોએ રામનવમીની ઉજવણી સરયૂ નદીમાં પવિત્ર સ્નાન સાથે કરી હતી. દેશ–વિદેશથી આવેલા શ્રદ્ધાળુઓ વહેલી સવારથી જ સરયૂમાં ધાર્મિક સ્નાન કરવા માટે વિવિધ ઘાટ પર પહોંચ્યા હતા. ઘાટ પર ભારે ભીડ જોવા મળી હતી. સરયૂ નદીના કિનારે વિશેષ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. રામમંદિર પરિસરની બહાર ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. રામમંદિરની સાથે હનુમાન ગઢીમાં પણ ભક્તોની ભારે ભીડ જામી હતી.

દરમિયાન ગુજરાતમાં ભગવાન રામના જન્મની ગુજરાતભરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતમાં ઠેર–ઠેર ભગવાન રામની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. અમદાવાદ શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા સાત કિમી લાંબી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. પ્રેમ દરવાજા, દરિયાપુર, શાહપુર તેમ જ અલગ–અલગ વિસ્તારમાં થઈને કુલ સાત કિલોમીટર વિસ્તારમાં શોભાયાત્રા નીકળી હતી. માં અખાડા, હાથી, ઊંટગાડી, ડીજે, વજન મંડળી અને અલગ–અલગ ટેબ્લો જોડાયા હતા, જ્યારે વડોદરામાં પણ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જુદા–જુદા પોલીસ મથક વિસ્તારમાંથી ૩૩ જેટલી શોભાયાત્રાઓને પોલીસ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

સુરતમાં રામનવમી નિમિત્તે શોભાયાત્રા યોજાઈ હતી. શહેરના રેલવે સ્ટેશનથી ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી, જય શ્રી રામના નારા સાથે મોટી સંખ્યામાં લોકો શોભાયાત્રામાં જોડાયા હતા. શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે અલગ અલગ જગ્યાએથી શોભાયાત્રા નીકળી હતી. સુરત શહેરમાં અલગ અલગ જગ્યાએ ૪૦૦૦ પોલીસકર્મીઓ તૈનાત કરાયા હતા. કોઇપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ડ્રોન કેમેરાની પણ મદદ લેવાઈ હતી.

રામનવમીના પાવન અવસરે રાજકોટ શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા એક ભવ્ય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ હતી અને તેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. યાત્રામાં ભજન–કીર્તન મંડળીઓ રામના ભજનો ગાતી ચાલી રહી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. સંપૂર્ણ યાત્રા દરમિયાન સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. પોલીસ તંત્ર દ્વારા પણ યાત્રાના માર્ગો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ ભવ્ય યાત્રા સાંજના સમયે નિર્ધારિત સ્થળે પહોંચીને સંપન્ન થઈ હતી.

ઉત્તર પ્રદેશમાં રવિવારે રામનવમી નિમિત્તે રાજ્યભરનાં મંદિરોમાં ભક્તોની ભીડ ઊમટી પડી હતી. આ અવસરે લોકોએ વિશેષ પૂજા–અર્ચન કર્યા હતા. રાજ્યના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગોરખનાથ મંદિરમાં પ્રાર્થના કરી હતી.

લખનઊમાં પ્રસિદ્ધ ચંદ્રિકા દેવી, મનકામેશ્વર, કાલી બારી અને સૈલાની માતાનાં મંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી. એક અધિકારીએ જણાવ્યું કે પોલીસ દળ સતર્ક છે અને સમગ્ર રાજ્યમાં સઘન સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ગોરખપુરમાં આદિત્યનાથ(જે ગોરક્ષપીઠાધિશ્વર પણ છે)એ ગોરખનાથ મંદિરમાં પરંપરાગત કન્યા પૂજન વિધિ કરી હતી. જેમાં નવ નાની કન્યાઓની દેવી દુર્ગાના સ્વરૂપ તરીકે પૂજા કરવામાં આવી હતી. પૂજારી–રાજનેતાએ કન્યાઓના પગ ધોયા અને તેમની પૂજા કરી હતી. તેમણે બટુક પૂજન(નાના કુમારોની પૂજા) પણ કર્યું હતું.

વારાણસીનાં મંદિરોમાં પણ ભારે ભીડ જોવા મળી હતી. ભક્તો રામનવમી પર પ્રાર્થના કરવા માટે સવારથી જ કતારમાં ઊભા રહી ગયા હતા. વારાણસીનાં તમામ મુખ્ય મંદિરોમાં અખંડ રામાયણનું પઠન અને ભક્તિ કીર્તન કરવામાં આવ્યા હતા. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ(કાશી ઝોન) ગૌરવ બંસલે જણાવ્યું કે તહેવાર પહેલા શહેરમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. તેમજ તમામ મુખ્ય મંદિરોમાં ચેકપોઇન્ટ બનાવવામાં આવ્યા હતા.

સ્થાનિક પોલીસ ઉપરાંત પ્રોવિન્શલ આર્મ્ડ કોન્સ્ટેબ્યુલરી(પીએસી) અને અન્ય દળોના કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. જેમાંથી કેટલાક સાદા કપડામાં હતા. તેમજ ડ્રોનની મદદથી હવાઇ દેખરેખ રાખવામાં આવી હતી. ■

## અમદાવાદની આગમાં

પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ભીષણ આગ ફાટી નિકળી તે સમયે ઘરમાં હાજર માતા સરસ્વતીબેન મેઘાણી અને બે વર્ષનો પુત્ર સૌમ્ય ગંભીર રીતે ઘાયલ થતા બંનેના મોત નિપજ્યા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.ઘટના અંગે મળતી વિગત મુજબ જ્ઞાનદા સોસાયટીમાં બંગલા નંબર ૨૪ના માલિક જગદીશભાઈ મેઘાણી એર કન્ડિશનનો રો મટિરિયલનો માલ સામાન સપ્લાય કરવાનું કામ કરે છે તથા તેમના મકાનનો ગોડાઉન તરીકે ઉપયોગ કરી રહ્યા હતા. મકાનમાં અંદાજે ૨૦૦૦થી વધારે નાના બાટલા અને કોપરના વાયર ઘરમાં રાખ્યા હતા. તેમની આ પ્રવૃત્તિ સામે જ્ઞાનદા સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીએ વાંધો ઉઠાવ્યો હતો અને મકાન માલિકને નોટિસ આપી હતી. જે તે સમયે મનપાને પત્ર લખીને પણ જાણ કરવામાં આવી હતી. આ પ્રકારની ચેતવણી રૂપ જાણ કરતો પત્ર લખવા છતાં પણ દક્ષિણ પશ્ચિમ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અને એસ્ટેટ વિભાગ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ન હતી. આગની ઘટનામાં મકાન માલિક અને અમદાવાદ મનપાની બેદરકારી પણ ફરી એક વખત ઉજાગર થઈ છે.

## ભગવાન શામળિયાને

દ્વારા અર્પણ કરાયેલા સોના–ચાંદીના દાગીનામાંથી બનાવવામાં આવ્યો છે. શામળાજી મંદિરમાં દૂર–દૂરથી ભક્તો કાળિયા ઠાકરનાં દર્શન કરવા આવે છે અને પોતાની શ્રદ્ધા અનુસાર ભેટ–સોગાદ અર્પણ કરે છે. આ ભેટ–સોગાદોનો ઉપયોગ મંદિરના વિકાસ અને ભગવાનના શણગાર માટે કરવામાં આવે છે. આ કલાત્મક મુગટ અમદાવાદની એક કંપનીના ૧૦થી વધુ કુશળ કારીગરો દ્વારા બનાવવામાં આવ્યો છે. મુગટનું કુલ વજન ૩ કિલો છે, જેમાં ૭૦૦ ગ્રામ હીરા ઉપરાંત કલગી અને કુંડળ સહિત પન્ના, માણેક, હીરા, પોખરાજ જેવાં નવરત્ન લગાવવામાં આવ્યા છે. વિષ્ણુ ભગવાનના કમળને મુગટના સેન્ટરમાં લગાવવામાં આવ્યું છે. મુગટની સંપૂર્ણ કામગીરી ૧૦થી ૧૨ કારીગર દ્વારા કરવામાં આવી હતી. ■

## હૉસ્પિટલમાં 'બનાવટી'

છે. મિશનરી હૉસ્પિટલના સત્તાવાળાઓનો આ બાબત અંગે સંપર્ક થઈ શક્યો નહોતો. કાનૂન્ગોએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં શુક્રવારે કહ્યું હતું કે સાત દર્દીના અકાળે મૃત્યુનો કેસ આવ્યો છે. દામોહમાં એક બનાવટી ડૉક્ટરે દર્દીને હૃદયની બીમારીની સારવાર આપવા ઓપરેશન પણ કરતો હતો. મિશનરી હૉસ્પિટલ પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના સાથે સંકળાયેલી હતી અને આથી સરકારી નાણાંનો આમાં દુરુપયોગ થયો છે. માનવ પંચે તપાસનો આદેશ આપ્યો છે. મારા હુકમથી રચાયેલી તપાસ ટીમ દામોહમાં સાતથી નવ એપ્રિલ સુધી હશે અને જો આ કેસ અંગે કોઈને માહિતી આપવી હોય તો એ ટીમને મળે. તપાસ ટીમ સંસ્થા અને ફરિયાદમાં જેમનો ઉલ્લેખ છે એ વ્યક્તિઓની પૂછફરછ કરશે.(એજન્સી) ■

## વક્ફ બોર્ડ પર

સરકારોએ વક્ફ મિલકતોને પોતાના નિયંત્રણમાં લઇ લીધી છે. તેમણે કહ્યું હતું, ''અમે (વક્ફ બોર્ડ) સંચાલન કરી રહેલા લોકોને કહી રહ્યા છીએ કે તેઓએ નિયમો અનુસાર કામ કરવું જોઈએ. તમારે આ કામ નિયમો અનુસાર કરવું પડશે.''

નડ્ડાએ કહ્યું હતું કે, ''અમે વક્ફ બોર્ડ પર નિયંત્રણ ઇચ્છતા નથી. અમારું લક્ષ્ય ફક્ત એ સુનિશ્ચિત કરવાનું છે કે તેનું સંચાલન કરતા લોકો કાયદાની અંદર કામ કરે અને સ્થાપિત નિયમોનું પાલન કરે. વક્ફ બોર્ડની મિલકતો અને ભંડોળ મુસ્લિમ સમુદાય માટે શિક્ષણને પ્રોત્સાહન આપવા, આરોગ્ય સંભાળ અને રોજગારની તકો પૂરી પાડવા માટે સમર્પિત રહેશે.''

ભાજપના વડાએ નેતાઓ અને કાર્યકરોને સંબોધતા પહેલા મુખ્યાલય ખાતે પાર્ટીનો ધ્વજ ફરકાવ્યો હતો. ૧૯૫૧માં ભારતીય જનસંઘથી શરૂ થયેલી ભાજપની રાજકીય સફરને યાદ કરતાં નડ્ડાએ કહ્યું કે તે વિશ્વનો સૌથી મોટો રાજકીય પક્ષ બની ગયો છે અને આજે ઘણા રાજ્યોમાં સત્તામાં છે. તેમણે કહ્યું કે ભાજપ ક્યારેય તેની મૂળ વિચારધારાથી ભટકી નથી, જ્યારે કૉંગ્રેસ તેની ''વૈચારિક નબળાઈ'' ને કારણે વર્ષોથી પતનનો સામનો કરી રહી છે.

## અમદાવાદમાં ૪૧ ડિગ્રી

સૌરાષ્ટ્ર તથા કચ્છમાં હીટવેવની આગાહી કરી હતી. કચ્છ અને રાજકોટમાં ઓરેન્જ એલર્ટ છે. સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ અને મોરબી સાથે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા સહિતના ભાગોમાં હીટવેવનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર–કચ્છ અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ઉકળાટ અનુભવાશે. ૭ એપ્રિલે સૌરાષ્ટ્ર–કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં આકરી ગરમીના એંધાણ છે. કચ્છમાં બે દિવસ રેડ એલર્ટ જ્યારે મોરબી અને રાજકોટમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. પોરબંદર અને જૂનાગઢમાં હીટવેવનું યલો એલર્ટ રહેશે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા તથા ગાંધીનગર માટે પણ બે દિવસનું યલો એલર્ટ છે. ૮ અને ૯ એપ્રિલ દરમિયાન પણ સૌરાષ્ટ્ર–કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લા માટે હીટવવેનું એલર્ટ છે. કચ્છમાં બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ, મોરબી, રાજકોટ અને જૂનાગઢ માટે પણ યલો એલર્ટ છે. જૂનાગઢ માટે માત્ર તા. ૮મી માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ જ તારીખો દરમિયાન બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને ગાંધીનગર માટે યલો એલર્ટ અપાયું છે. ■

## ઈઝરાયલનો

હુમલા શરૂ કર્યા હતા. બાનમાં રખાયેલા લોકોની મુક્તિ અને શસ્ત્રવિરામના નવા કરારનો સ્વીકાર કરવા હમાસ પર દબાણ આણવા ઈઝરાયલે શ્રેણીબદ્ધ હુમલા કર્યા હતા અને તેમના અમુક પ્રદેશ પર કબજો મેળવ્યો હતો. મૃતકોના મૃતદેહ જે હોસ્પિટલમાં પહોંચ્યા હતા તે નાસર હોસ્પિટલના જણાવ્યા અનુસાર ઈઝરાયલે ખાન યુનુસના ઘર અને તંબુઓ પર કરેલા હુમલામાં પાંચ મહિલા ,પાંચ છોકરા અને પાંચ પુરુષનાં મોત થયાં હતાં. (એજન્સી) ■

# રાજ્યમાં ગરમીના પ્રમાણ મુજબ શાળાના સમયમાં ફેરફાર કરવા શિક્ષણાધિકારીને આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરમાં કાળઝાળ ગરમી શરૂ થઇ ગઇ છે ત્યારે શાળાનાં બાળકો-વિદ્યાર્થીઓ સૌથી વધુ તેનો ભોગ બની શકે છે. તે ધ્યાનમાં રાખીને શાળાના સમયમાં જરૂરી ફેરફાર કરવા માટે રાજ્ય સરકારે મંજૂરી આપી છે. રાજ્ય કક્ષાના શિક્ષણ પ્રધાન પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, રાજ્યના તમામ જિલ્લામાં ગરમીનું પ્રમાણ જોઇને જિલ્લા શિક્ષણાધિકારી શાળાના સમયમાં ફેરફાર કરી શકશે.

રાજ્યમાં એપ્રિલના પ્રારંભથી જ લૂ વાતા ગરમ પવનો અને ભારે ગરમીની શરૂઆત સાથે પારો ૪૦ ડિગ્રી ઉપર પહોંચી ગયો છે. શાળામાં જતાં બાળકો-વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી સરકારે લીધેલા પગલાંની જાણકારી આપતા પ્રધાન પાનસેરિયાએ જણાવ્યું હતું કે, પ્રાથમિક શાળાનાં બાળકો સાયલન્ટ ડિઝાસ્ટર હીટ વેવનો શિકાર ન થાય તે માટે હીટ વેવ સંદર્ભે પ્રાથમિક વિભાગની શાળાઓ માટે એક માર્ગદર્શિકા જાહેર કરી છે. તે મુજબ તમામ જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારી ગરમીનું પ્રમાણ જોઇને શાળાના સમયમાં ફેરફાર કરી શકશે. એટલું જ નહીં, તેમને રાજ્ય સરકાર પાસે કોઈ પણ પ્રકારે મંજૂરી મેળવવાની રહેશે નહીં. તે ઉપરાંત શાળામાં વિદ્યાર્થીઓ પ્રાર્થના બાદ ઉનાળામાં મેદાનમાં ખેલકૂદની પ્રવૃત્તિઓ કરી શકશે નહીં. ઉનાળામાં શિક્ષકોએ વિદ્યાર્થીઓ સમયસર પાણી પીવે તે યાદ કરાવવાનું રહેશે. ■

# અનંત અંબાણીની ૧૭૦ કિ.મી.ની પદયાત્રા સંપન્ન

## માતા અને પત્ની સાથે દ્વારકાધીશના ચરણોમાં શીશ નમાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જાણીતા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીની જામનગરથી દ્વારકાધીશ મંદિર સુધીની ૧૭૦ કિમીની પદયાત્રા રવિવારે સંપન્ન થઈ હતી અને તેઓ દ્વારકાધીશ મંદિરે પહોંચ્યા હતા. આ ધાર્મિક યાત્રામાં અનંત અંબાણીના માતા અને રિલાયન્સ ફાઉન્ડેશનનાં સ્થાપક-ચેરપર્સન નીતા અંબાણી અને તેમના પત્ની રાધિકા મર્ચન્ટ પણ જોડાયાં હતાં. અનંત અંબાણીની સાથે તેમનાં માતા નીતા અંબાણી તથા પત્ની રાધિકાએ પણ ભગવાન દ્વારકાધીશના ચરણમાં શીશ નમાવ્યું હતું.

આ પ્રસંગે અનંત અંબાણીએ જણાવ્યું હતું કે, આ મારી ધાર્મિક યાત્રા છે. મેં ભગવાનના નામથી આ યાત્રા શરૂ કરી હતી અને હું તેમના નામ સાથે જ તેને પૂર્ણ કરી રહ્યો છું. હું ભગવાન દ્વારકાધીશનો આભાર માનું છું. આ યાત્રામાં મારી સાથે જોડાયેલા તમામ લોકોનો પણ હું આભાર વ્યક્ત કરું છું. આજે મારી પત્ની રાધિકા અને મારી માતા નિતાબેન પણ જોડાયા છે, જ્યારે મેં મારા પિતાને આ યાત્રા વિશે જણાવ્યું ત્યારે તેમણે મને ઘણી હિંમત આપી હતી.

અનંત અંબાણીના આગમન સમયે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ યાત્રા દરમિયાન અનંત અંબાણીએ અનેક સ્થળોની મુલાકાત લીધી હતી અને લોકો સાથે સંવાદ કર્યો હતો. તેમની આ ધાર્મિક યાત્રાને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. દ્વારકાધીશ મંદિરે દર્શન કર્યા બાદ અનંત અંબાણીએ તેમની યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ ભગવાનનો આભાર માન્યો હતો.

પદયાત્રાના સમાપન બાદ અનંત અંબાણીએ ગોમતિપૂજન કર્યું હતું. શારદાપીઠ ખાતે પાદુકાપૂજનનો પણ લાભ લીધો હતો. આ પ્રસંગે અંબાણી પરિવાર તરફથી ૧૦ હજાર જેટલા પરિવારના એક લાખ લોકોની પ્રસાદી સેવા કરાઇ. આ ઉપરાંત રામનવમીના પાવન અવસર પર દ્વારકાધીશના દર્શન કરવા આવેલા ભક્તોમાં પણ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. ■

# ગુજરાતના છ શહેરમાં સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ૧૧૦૧૯ કરોડનો ખર્ચ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગત ૩૧ માર્ચે સ્માર્ટ સિટીના પ્રોજેક્ટોની મુદત પૂર્ણ થઈ ગઈ છે. આ પ્રોજેક્ટો પાછળ રાજ્યના ૬ શહેરોમાં ૧૧ હજાર કરોડનો ખર્ચ થયો છે. જેમાં સૌથી વધુ પ્રોજેક્ટ સુરતમાં ૮૨ અને રાજકોટમાં ૭૦ છે. અમદાવાદ, દાહોદ, ગાંધીનગર, રાજકોટ, સુરત, અને વડોદરામાં ૧૧,૦૧૯ હજાર કરોડના ખર્ચે સ્માર્ટ સિટી મિશનના ૩૪૫ પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયા છે. હજુ ૯ પ્રોજેક્ટ પાછળ ૪૩૨ કરોડનો ખર્ચ થવાનો બાકી છે.

નાગરિકોને અત્યાધુનિક સુવિધા મળી શકે અને શહેરી સમસ્યાઓમાંથી મુક્તિ મળી શકે તે માટે કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્માર્ટ સિટી મિશનનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ શરૂ કરાયો હતો. લોકસભામાં એક સવાલના જવાબમાં મંત્રાલય દ્વારા અપાયેલી માહિતી મુજબ એસસીએમ પાછળ પસંદ કરાયેલા દેશભરનાં ૧૦૦ જેટલા શહેર પાછળ અત્યાર સુધી ૧,૫૦,૩૦૬ કરોડના ખર્ચે ૭૫૦૪ પ્રોજેક્ટ સંપન્ન કરી ૯૩ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

હજુ ૧૪,૩૨૯ કરોડની કિંમતના ૫૫૯ પ્રોજેક્ટ દેશભરમાં ચાલી રહ્યા છે. જેમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. તમામ ૩૫૪ પ્રોજેક્ટસ ગુજરાતમાં પૂર્ણ થયા બાદ એસસીએમ પાછળ કુલ ખર્ચ ૧૧,૪૫૧ કરોડનો થશે. ઉલ્લેખનીય છે કે, ૩૧ માર્ચે પ્રોજેક્ટની મુદત પૂરી છતાં મહાનગરોમાં ખાડા, ટ્રાફિકના પ્રશ્નો યથાવત રહ્યાં છે. ■

# માત્ર ૧૦ સેકન્ડમાં કરી શકાશે સોઈલ ટેસ્ટિંગ, ઈસરોના નિવૃત્ત વૈજ્ઞાનિકે ડિવાઈસ બનાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના નિવૃત્ત વૈજ્ઞાનિકે એક એવું ડિવાઇસ બનાવ્યું છે જે માત્ર ૧૦ સેકન્ડમાં જ સોઇલ ટેસ્ટિંગ કરી આપશે. સામાન્ય રીતે સોઇલ ટેસ્ટિંગમાં ૧૦ દિવસ જેટલો સમય લાગતો હોય છે, પરંતુ આ નવી ટૅક્નોલૉજીથી સમયમાં મોટો ઘટાડો થશે. આ ડિવાઇસ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) અને સ્પેક્ટ્રોસ્કોપી જેવી અદ્યતન ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને સોઇલ ટેસ્ટિંગ કરે છે. વૈજ્ઞાનિક ડૉ. મધુકાંત પટેલે જણાવ્યું કે આ એઆઈ સોઇલ એનાલાઇઝર ડિવાઇસ જમીન ચકાસણી અને પ્રાકૃતિક ખેતીમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવા માટે સક્ષમ છે.

ડૉ. મધુકાંત પટેલે સોઈલ ટેસ્ટિંગ (જમીન ચકાસણી)ની પદ્ધતિમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય તેવું ઉપકરણ વિકસાવ્યું છે. જમીન સારી-ફળદ્રુપ હોય તો તેના પર ફળ, શાકભાજી, અનાજ, કઠોળ સારી ગુણવત્તાવાળા અને વધારે જથ્થામાં ઊગે છે. આથી જમીન સારી છે કે નહિ? તેમાં ક્યાં તત્ત્વો ખૂટે છે? તે ચકાસવા, તેમાં રહેલાં પોષક તત્ત્વોની હાજરી માપવી માટે સોઈલ હેલ્થ ટેસ્ટિંગ કરવામાં આવે છે. આ ડિવાઇસથી સામાન્ય ખેડૂત પણ પોતાના ખેતરમાં તેનો આસાનીથી ઉપયોગ કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા ખેતરની માટીનું ટેસ્ટિંગ કરીને સોઈલ હેલ્થ કાર્ડ બનાવી આપવામાં આવે છે. રાજ્યમાં સરકારી ૨૦ જેટલી અને સહકારી બે સોઈલ ટેસ્ટિંગ લેબ આવેલી છે. આ તમામ લેબોરેટરીમાં ઇન્ડિયન કાઉન્સિલ એગ્રીકલ્ચરલ રિસર્ચ (આઈસીએઆર)ની માર્ગદર્શિકા મુજબ સોઈલ ટેસ્ટિંગ થાય છે. પાકને સારી રીતે ઉગાડવા માટે જરૂરી એવા નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ જેવાં પોષક તત્ત્વો તેમ જ પીએચ વેલ્યૂ, ઇલેક્ટ્રિકલ કંડક્ટિવિટી (ઈસી) જેવા માટીના ગુણધર્મો આ લેબમાં ચકાસવા અને માપવામાં આવે છે. સરકારી લેબમાં આ પોષક તત્ત્વો 'વેટ કેમેસ્ટ્રી પદ્ધતિ'થી માપવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં ખેતરની માટીના સેમ્પલને ચકાસીને પરિણામ લેતા બે દિવસથી વધુનો સમય લાગે છે. ખેતરમાંથી લીધેલી માટીનું સેમ્પલ સરકારી લેબમાં પહોંચે, ટેસ્ટિંગ કરવામાં તેનો વારો આવે તેમાં પણ ૧૦-૧૨ દિવસ કે તેથી વધુ સમય લાગી શકે છે. ડૉ. મધુકાંત પટેલે બનાવેલા ઉપકરણનો ઉપયોગ ખેતરમાં જઇ કરી શકાતો હોવાથી માટીને લેબ સુધી લઈ જવાની જરૂર રહેતી નથી. ■

# ગુજરાતમાં બાળ સ્વાસ્થ્યના ક્ષેત્રમાં ડિજિટલ ક્રાંતિ, ૧.૧૫ કરોડ હેલ્થ કાર્ડ ઈસ્યૂ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે જે શાળાના વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ રિપોર્ટ આપે છે. અત્યાર સુધીમાં ૧.૧૫ કરોડથી વધુ ડિજિટલ હેલ્થ કાર્ડ ઇસ્યુ કરવામાં આવ્યાં છે. આ ડિજિટલ હેલ્થ કાર્ડમાં દરેક વિદ્યાર્થીની સંપૂર્ણ આરોગ્ય તપાસ અને સારવાર સંબંધિત વિગતો હોય છે. જેથી બાળકોના સ્વાસ્થ્ય પર સતત દેખરેખ રાખી શકાય. બાળ સ્વાસ્થ્યના ક્ષેત્રમાં વધુ એક સિદ્ધિ મેળવતા ગુજરાતે ૨૦૧૯થી ૨૦૨૩ દરમ્યાન નવજાત શિશુઓની આરોગ્ય તપાસ, જન્મજાત વિકૃતિની ઓળખ અને તેમના અસરકારક સંચાલનમાં મોટાં રાજ્યોની શ્રેણીમાં રાષ્ટ્રીય સ્તરે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

ગુજરાતની મહત્ત્વપૂર્ણ યોજના શાળા આરોગ્ય તપાસણી હેઠળ રાજ્યમાં દર વર્ષે ૯૯૨ મોબાઇલ હેલ્થ ટીમો અને ૨૮ જિલ્લા પ્રારંભિક હસ્તક્ષેપ કેન્દ્રો દ્વારા ૧.૬૧ કરોડથી વધુ બાળકોની તપાસ કરવામાં આવે છે. જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં, આ પહેલ હેઠળ ૨૦૬ કિડની, ૩૭ લીવર અને ૨૧૧ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૨૦,૯૮૧ બાળકોને કિડની સંબંધિત, ૧૧,૨૧૫ બાળકોને કેન્સર અને ૧,૬૭,૩૭૯ બાળકને હૃદય સંબંધિત રોગો માટે નિઃશુલ્ક સારવાર આપવામાં આવી છે.

તે જ રીતે, એસએચ-આરબીએસકે (શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ) હેઠળ ગુજરાત સરકારની બ્રેકિંગ ધ સાયલન્સ ઝુંબેશ ગંભીર હિઅરિંગ લોસ ધરાવતા બાળકોને નિઃશુલ્ક કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરીની સુવિધા પ્રદાન કરે છે. રાજ્ય સરકાર તરફથી રૂપિયા ૨૨૮ કરોડના સહયોગથી આ અભિયાન દ્વારા અત્યાર સુધીમાં ૩,૨૬૦ બાળકે શ્રવણ શક્તિ પાછી મેળવી છે. આ સિદ્ધિઓને ધ્યાનમાં રાખીને ફેબ્રુઆરી ૨૦૨૫માં, ગુજરાતના આરોગ્ય વિભાગને બાળ સ્વાસ્થ્યમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ બે પ્રતિષ્ઠિત ગોલ્ડ સ્કોચ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ■

# ગુજરાતમાં ૨૩ હજાર કરોડના ખર્ચે હાલમાં ઉપલબ્ધ વર્લ્ડ ક્લાસ આરોગ્ય સુવિધાઓમાં વધારો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર દેશમાં ગુજરાત વર્લ્ડ ક્લાસ આરોગ્ય સુવિધાઓ પૂરું પડતું રાજ્ય બન્યું છે. વધુમાં વધુ નાગરિકો ઉત્તમ આરોગ્ય સેવાઓ મેળવી શકે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય વિભાગના વર્ષ ૨૦૨૪-૨૫ના રૂ. ૨૦,૧૦૦ કરોડના બજેટમાં ૧૬.૩૫ ટકા જેટલો વધારો કરીને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૨૩,૩૮૫.૩૩ કરોડનું બજેટ જાહેર કરવામાં આવ્યું છે.

આગામી સમયમાં અમદાવાદ સિવિલ મેડિસિટીમાં મગજ અને નર્વ સિસ્ટમ સંબંધિત રોગોની સારવાર તેમ જ સંશોધન માટે ન્યૂરોલોજીકલ સાયન્સની સ્વાયત સંસ્થાનું નિર્માણ કરાશે. ગુજરાત કૅન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદ દ્વારા કૅન્સરના રોગોની સેવાઓ સુદૃઢ કરવા પોરબંદર, હિંમતનગર, વલસાડ અને ગોધરા ખાતે નવા રેડિયોથેરાપી સેન્ટરો શરૂ કરાશે. યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી અમદાવાદ દ્વારા ગાંધીનગર અને સુરત ખાતે કાર્ડિયોલોજી તથા ન્યૂરોલોજી વિભાગની સેવાઓ તેમ જ રાજકોટ અને ભાવનગર ખાતે કાર્ડિયોલોજી સેટેલાઈટ સેન્ટર પણ કાર્યરત કરાશે.

આ ઉપરાંત સરકાર દ્વારા છ સરકારી હૉસ્પિટલમાં 'પેલિયેટીવ કેર' વોર્ડ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. રાજ્યની સરકારી મેડિકલ કૉલેજો અને સંલગ્ન હૉસ્પિટલ તેમ જ એમ. એન્ડ જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓપ્થાલ્મોલોજી અને સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ ખાતે ૧૦૦ કરોડના ખર્ચે નવા અત્યાધુનિક તબીબી સાધનો ઉપલબ્ધ કરાશે. જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા અંદાજે કુલ ૧.૪૪ કરોડથી વધુ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કુલ ૧.૩૧ કરોડથી વધુ દર્દીઓને ઓપીડી થકી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી છે.

આ ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિત્તના દર્દીઓને ઉચ્ચત્તમ સારવાર આપવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા સગર્ભા બહેનોને પૂરતું પોષણ મળે અને માતા-બાળ મૃત્યુદર ઘટાડવા 'નમોશ્રી યોજના' અમલમાં મુકાઈ છે, જે અંતર્ગત ચાલુ વર્ષે રાજ્યની ૨.૭૭ લાખ સગર્ભા બહેનોએ લાભ લીધો છે. આયુષ પદ્ધતિઓનો ગ્રામીણ વિસ્તાર સુધી વ્યાપ વધારવા માટે આયુષગ્રામ પ્રોજેક્ટ, ૩૬૫ જેટલા આયુષ્માન આરોગ્ય મંદિર શરૂ કરવામાં આવ્યા છે. ■

## મુંબઈ ન્યૂઝ

# પક્ષને પરિવાર અને કાર્યકરોને પોતાના બાળકો સમજવા જોઇએઃ ગડકરી

નાગપુરઃ રાજકીય નેતા માટે તેનો પક્ષ પરિવાર સમાન હોવો જોઇએ અને પક્ષના કાર્યકરોને પરિવારના સભ્યો ગણવા જોઇએ, એમ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ રવિવારે જણાવ્યું હતું.

નાગપુર શહેરમાં ભાજપના નવા કાર્યાલયના શિલાન્યાસ વિધિ વખતે ગડકરીએ ઉક્ત નિવેદન કર્યું હતું. આ કાર્યક્રમમાં દેવેન્દ્ર ફડણવીસ અને ભાજપના રાજ્યના વડા ચંદ્રશેખર બાવનકુળે પણ હાજર રહ્યા હતા.

ભાજપ દ્વારા રવિવારે તેના સ્થાપના દિનની પણ ઉજવણી કરવામાં આવી હતી. ભાજપની સ્થાપના છઠ્ઠી એપ્રિલ, ૧૯૮૦માં તે વખતના ભારતીય જન સંઘના નેતાઓ દ્વારા કરવામાં આવી હતી. કટોકટી બાદ ૧૯૭૭ની ચૂંટણી માટે ભારતીય જન સંઘે કોંગ્રેસની સામે અન્ય વિપક્ષો સાથે ગઠબંધન કરીને જનતા પક્ષ બનાવ્યો હતો.

૧૯૮૪માં ભાજપે પ્રથમ રાષ્ટ્રીય ચૂંટણીમાં લોકસભાની બે બેઠક જીતી હતી. તેમ છતાં અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીના નેતૃત્વમાં પક્ષે સારો દેખાવ કર્યો હતો અને ૯૦ના દાયકામાં ગઠબંધનમાં સૌથી મોટા પક્ષ તરીકે ભાજપ સત્તા પર આવ્યો હતો.

ગડકરીએ કહ્યું હતું કે કોઇ પણ નેતા માટે તેનો પક્ષ પરિવાર સમાન હોવો જોઇએ અને પક્ષના કાર્યકરો તેના પરિવારના સભ્યો સમાન હોવા જોઇએ. પક્ષના કાર્યકરોને પોતાના બાળકની જેમ પ્રેમ કરવો જોઇએ. ■

# ગોંદિયામાં લગ્નમાં જમ્યા બાદ લોકોને ખોરાકી ઝેરની અસર

ગોંદિયાઃ ગોંદિયા જિલ્લાના એક ગામમાં લગ્ન પ્રસંગમાં જમ્યા બાદ બાળકો સહિત પચાસ લોકોને ખોરાકી ઝેરની અસર થઇ હતી. અમુક લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

અસરગ્રસ્ત લોકો પર ગોંદિયાની એક ખાનગી હોસ્પિટલમાં, પ્રાથમિક સારવાર કેન્દ્રમાં અને ગોરેગાંવ તહેસિલની ગ્રામિણ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ લોકો બાબઇ ગામમાં એક લગ્ન સમારંભમાં જમ્યા હતા ત્યાર બાદ તેમની તબિયત ખરાબ થઇ હતી.

ગામવાસીઓ શનિવારે તેમના બાળકોને પેટમાં દુખાવા, ઉલટી, ઝાડા વગેરેની ફરિયાદ સાથે લઇ આવ્યા હતા. અમે બાળકો સહિતના દર્દીઓની સારવાર કરી છે. રવિવારે ચાર દર્દીને ડિસ્ચાર્જ પણ આપવામાં આવ્યો છે જ્યારે અન્યો નિરીક્ષણ હેઠળ છે અને તેમની હાલત સ્થિર છે, એમ ગ્રામીણ હોસ્પિટલના મેડિકલ અધિકારી ડો. પી. કે. પાટલેએ જણાવ્યું હતું. ■

# ભંડારામાં વધુ એક વાઘણ પાંજરે પૂરાઈ

ભંડારાઃ ભંડારા જિલ્લામાં એક વાઘણ પકડાયાના થોડા દિવસ બાદ શનિવારે એક વાઘણને માનવી વસવાટમાંથી દૂર કરી જંગલ વિસ્તારમાં છોડવામાં આવી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. લખનદુર જંગલ રેન્જ હેઠળના ગાવરાલા ગામના એક ખેતરમાંથી વાઘણને બચાવી લેવામાં આવી હતી. આ વાઘણ કેટલાક દિવસોથી લોકોના રહેવાસી વિસ્તારોની નજીક જોવા મળી હતી. તેથી તેને પકડીને જંગલમાં છોડવાની માગણી થઇ રહી હતી, એમ આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ (એસીએફ) સંજય મેંઢેએ જણાવ્યું હતું. વાઘણે એક પ્રાણીનું શનિવારે મારણ કર્યું હતું. ત્યાર બાદ લોકોએ વન વિભાગના અધિકારીને ફરિયાદ કરી હતી. ત્યાર બાદ વન વિભાગની ટીમ આવીને વાઘણને બેભાન કરી હતી ત્યાર બાદ તેને જંગલ વિસ્તારમાં છોડી મૂકી હતી.

ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ પહેલા એક ખેડૂતનો જીવ લેનારી વાઘણને પણ પાંજરે પૂરવામાં આવી હતી. ■

# હાઇડ્રોલિક ડમ્પર ઓપરેટરના મૃત્યુ પ્રકરણે વળતરનો દાવો એમએસીટીએ ફગાવ્યો

થાણેઃ બેદરકારી સાબિત ન થવાને કારણે થાણેની મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યૂનલે મૃતક હાઇડ્રોલિક ડમ્પર ઓપરેટરના પરિવાર દ્વારા કરવામાં આવેલા વળતરના દાવાને ફગાવી દીધો હતો. મોટર એક્ટની કલમ ૧૬૬ પ્રમાણે બેદરકારી સાબિત કરવી બહુ જરૂરી હોય છે.

સાતમી મે, ૨૦૦૫ના પીડિત ગોવિંદ બાંદગર હાઇડ્રોલિક ડમ્પર ઓપરેટ કરી રહ્યો હતો ત્યારે તે ડમ્પર જ તેના પર પડ્યું હતું જેમાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. અકસ્માતના પાંચ વર્ષ બાદ ૩૧મી મે, ૨૦૧૦ના તેનું મૃત્યુ થયું હતું. તેની પત્ની મહાનંદા અને તેના ત્રણ પુત્ર દ્વારા દાવો માંડવામાં આવ્યો હતો.

એમએસીટીએ તેના આદેશમાં જણાવ્યું હતું કે બાંદગર જ્યારે હાઇડ્રોલિક ડમ્પર ઓપરેટ કરી રહ્યો હતો ત્યારે અકસ્માત થયો હતો અને અન્ય કોઇ વાહન તેમાં સામેલ નહોતું.

મૃતક દ્વારા જ બેદરકારી કરવામાં આવી હોય તો દાવો માંડી શકાય નહીં. પોતે કરેલી ભૂલ માટે જ કલમ ૧૬૬ હેઠળ વળતરની માગણી ન કરી શકાય, એમ એમએસીટીએ તેના આદેશમાં જણાવ્યું હતું.

કલમ ૧૬૬ હેઠળ કોઇનાથી બેદરકારી થઇ હોવાનું સાબિત થવું જોઇએ, પરંતુ આ કેસમાં એ સાબિત થતું નથી તેથી અરજી સ્વીકાર્ય નથી, એમ આદેશમાં વધુમાં જણાવાયું હતું. ■

# ભંડોળમાં ગેરરીતિઃ સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટીના સેક્રેટરીની ધરપકડ

પુણેઃ પ્રતિષ્ઠિત ગોખલે ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોલિટિક્સ એન્ડ ઇકોનોમિક્સ (જીઆઇપીઇ)ની પિતૃ સંસ્થા સર્વન્ટ્સ ઓફ ઇન્ડિયા સોસાયટી (એસઆઇએસ)ના ભંડોળની ઉચાપત તેમ જ છેતરપિંડી આચરવા બદલ પુણેમાં ડેક્કન જિમખાના પોલીસે સોસાયટીના સેક્રેટરીની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

જીઆઇપીઇના ડેપ્યુટી રજિસ્ટ્રારની ફરિયાદને આધારે સેક્રેટરી મિલિંદ દેશમુખની શનિવારે ધરપકડ કરવામાં આવી હતી. એસઆઇએસ માટે જમીન ખરીદીને નામે જીઆઇપીઇના ૧.૫ કરોડ રૂપિયાના ભંડોળની ઉચાપત કરવામાં આવી હતી, ૨૦૨૨-૨૩માં સામે આવી હતી.

સંસ્થાનાં કથળતાં શૈક્ષણિક ધોરણો અને તાજેતરની એનએએસી એક્રિડિટેશન કવાયતમાં 'બી' ગ્રેડ મળ્યા બાદ એસઆઇએસમાંથી તેના ચાન્સેલર અને ઇએસ-પીએમ મેમ્બર સંજીવ સન્યાલને જીઆઇઇપીમાંથી દૂર કરાયા હતા. ત્યાર બાદ વિવાદ ઊભો થતાં તેમને ફરીથી પ્રસ્થાપિત કરવામાં આવ્યા હતા. આરંભમાં સન્યાલે એસઆઇએસ પ્રમુખ દામોદર સાહુને પત્ર લખીને જીઆઇપીઇમાં વિવાદો અને નાણાકીય ઉચાપતના આરોપો વર્ષોથી થઇ રહ્યા છે તે તરફ ધ્યાન દોર્યું હતું.

ચાન્સેલર તરીકે દૂર કર્યા બાદ સન્યાલે કહ્યું હતું કે સંસ્થાનો એનએએસી એક્રિડિટેશનમાં નબળો ગ્રેડ અગાઉની આગેવાનોની કામગીરી પ્રતિબિંબિત કરે છે, કારણ કે પોતે ચાન્સેલરના હોદ્દા પર નહોતા ત્યારે આ ગરબડ થઇ હોવાનું ડેટા સ્પષ્ટ રીતે બતાવે છે. (પીટીઆઇ)■

# યુવકે છઠ્ઠા માળેથી લગાવી મોતની છલાંગઃ

## આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ બે પિતરાઈની ધરપકડ

પુણેઃ પુણેના પિંપરી-ચિંચવડ ખાતે ૨૦ વર્ષના યુવકે ઇમારતના છઠ્ઠા માળેથી ઝંપલાવી જીવાદોરી ટૂંકાવી હતી. યુવકને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ તેના બે પિતરાઇની પોલીસે ધરપકડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

કોર્પોરેટ કંપનીમાં કામ કરનારા તેજસ બાજીરાવ સોનગરેએ ૧૨ ફેબ્રુઆરીએ હિંજેવાડી વિસ્તારમાં ઇમારતના છઠ્ઠા માળેથી ઝંપલાવી આત્મહત્યા કરી હતી.

તેજસે મૃત્યુ અગાઉ સોશિયલ મીડિયા પર વીડિયો શૅર કર્યો હતો, જેમાં તેને અંતિમ પગલું ભરવા માટે તેના બે પિતરાઇ મજબૂર કર્યો હોવાનો આરોપ લગાવ્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર તેજસ કોર્પોરેટ કંપનીમાં ઓફિસ બૉય તરીકે કામ કરતો હતો. વીડિયોમાં તેણે આક્ષેપ કર્યો હતો કે તેના પિતરાઇ તેને પગાર વિશે પૂછતા હતા અને વારંવાર ત્રાસ આપતા હતા.

પોલીસે આ પ્રકરણે તપાસ કર્યા બાદ તેજસના બંને પિતરાઇ નીલેશ સંજય પુંડે (૨૫) અને મંગેશ (૨૩) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ (આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું) હેઠળ ગુનો નોંધીને તેમની ધરપકડ કરી હતી. બંને જણને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવતાં તેમને સોમવાર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. (પીટીઆઇ)■

# લાતુર પાલિકાના કમિશનરનો માથામાં ગોળી મારીને આત્મહત્યાનો પ્રયાસ

લાતુરઃ લાતુર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરે રવિવારે રાતે પિસ્તોલમાંથી માથામાં ગોળી મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. રવિવારે રાતે બનેલી આ ઘટનામાં ઘાયલ પાલિકાના કમિશનર બાબાસાહેબ મનોહરેને સારવાર માટે સહ્યાદ્રી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા અને તેમની તબિયત સ્થિર છે. બાબાસાહેબે રાતે ૧૧.૩૦ વાગ્યે પોતાના બારશી રોડ પર આવેલા નિવાસસ્થાને પિસ્તોલમાંથી પોતાના માથામાં ગોળી મારી હતી.

બાબાસાહેબ પર ઇમરજન્સી સર્જરી કરવામાં આવી હતી. ગોળી તેમની ખોપરીની જમણી બાજુ ઘૂસી ગઇ હતી, જેને કારણે ભારે રક્તસ્રાવ થયો હતો, એમ હોસ્પિટલના ડિરેક્ટર ડો. હનુમંત કિણીકરે જણાવ્યું હતું.

બાબાસાહેબની તબિયત સ્થિર છે અને તેઓ સારવારને સારો પ્રતિસાદ આપી રહ્યા છે, એમ પણ કિણીકરે કહ્યું હતું. (પીટીઆઇ)■

# બોગસ દસ્તાવેજોને આધારે બર્થ સર્ટિફિકેટઃ ૪૩ સામે ગુનો

મુંબઈઃ જળગાંવમાં બોગસ દસ્તાવેજોને આધારે મહાપાલિકા પાસેથી બર્થ સર્ટિફિકેટ્સ લેવા અંગે પોલીસે ૪૩ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ભાજપના ભૂતપૂર્વ સાંસદે બર્થ સર્ટિફિકેટ્સ જારી કરવામાં અનિયમિતતાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

રાજ્યના અમુક ભાગોમાં બોગસ બર્થ સર્ટિફિકેટ આપવાનું કૌભાંડ ચાલી રહ્યું છે, જેના ભાગરૂપે જળગાંવમાં પણ ગેરકાયદે બાંગ્લાદેશી હિજરતીઓ અને રોહિંગ્યાઓએ બોગસ બર્થ સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યા છે, એવો દાવો કરાયો હતો.

આ બર્થ સર્ટિફિકેટ્સમાં ખોટા અથવા અસંબદ્ધ સરનામાં આપવામાં આવ્યાં હતાં. કેટલાક સ્થળે હોસ્પિટલના રેકોર્ડનો અભાવ જોવા મળ્યો હતો. લીગલ એફિડેવિટ પણ બનાવવામાં આવી નહોતી, એમ જળગાંવ પોલીસે ૪ એપ્રિલે દાખલ કરેલા એફઆઇઆરમાં જણાવાયું હતું.

આ બર્થ સર્ટિફિકેટ્સનો આધાર કાર્ડ, રેશનકાર્ડ અને મતદાર ઓળખપત્ર જેવા દસ્તાવેજો પ્રાપ્ત કરવા માટે સંભવિત રીતે દુરુપયોગ કરવામાં આવી શકે છે.

ભાજપના ભૂતપૂર્વ સાંસદે આરોપીઓ વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરાઇ તેનું સ્વાગત કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે સરકારી પ્રક્રિયાઓમાં જવાબદેહી અને કડક દેખરેખ જરૂરી છે. (પીટીઆઇ)■

# અંબરનાથમાં ભાજપના નેતાની ઓફિસમાં તોડફોડઃ ગુનો દાખલ

થાણેઃ થાણે જિલ્લાના અંબરનાથમાં ભાજપના સ્થાનિક નેતાની ઓફિસમાં ઘૂસીને ટોળાએ કથિત તોડફોડ કર્યા બાદ એક વ્યક્તિની મારપીટ પણ કરી હતી.

અંબરનાથ પૂર્વમાં ભાજપના ભૂતપૂર્વ નગરસેવક રાજુ મહાડિકની ઓફિસમાં શનિવારે રાતના આ ઘટના બની હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આશુતોષ કરાળે ઉર્ફે દાક્યા (૨૩) અને ગની રફીક શેખ (૨૫)ની નેતૃત્વ હેઠળ ૧૦થી ૧૨ જણનું ટોળું તલવારો સાથે જબરજસ્તી મહાડિકની ઓફિસમાં ઘૂસ્યું હતું.

તેમણે ઓફિસમાં તોડફોડ કરી હતી અને ત્યાં કામ કરનારા કૃષ્ણા ગુપ્તા (૨૨)ની મારપીટ કરી હતી. આ ઘટના ત્યાંના સીસીટીવી કેમેરાના કેદ થઇ હતી. દરમિયાન ગુપ્તાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરાયો હતો અને હુમલાખોરોને ઓળખી કાઢવામાં આવ્યા છે, એમ શિવાજીનગર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર રમેશ પાટીલે કહ્યું હતું.

ભાજપના નેતા અને આરોપીઓ વચ્ચે ચાલી રહેલા અંગત વિવાદને લઇ આ તોડફોડ કરાઇ હતી, એવું તપાસમાં જણાયું હતું. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોઇ આરોપીઓને પકડવા માટે પોલીસ ટીમ તૈયાર કરવામાં આવી છે. (પીટીઆઇ)■

નવમા પાનાનું ચાલુ

## ભાજપ સરકાર

પ્રમાણમાં સોનું 'પડાવી લેવા' પર છે. સપકાળે બંધારણની આવૃત્તિ લઈને નાશિકના કલારામ મંદિરની મુલાકાત લીધી હતી અને રામનવમી નિમિત્તે પ્રાર્થના કરી હતી.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે ભગવાન રામ ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. બાબાસાહેબ આંબેડકરે નાશિકના ઐતિહાસિક કલારામ મંદિરમાં પ્રવેશ મેળવવા માટે વિરોધ કર્યો હતો, પરંતુ તત્કાલીન તંત્રએ એમને અટકાવ્યા હતા.

કૉંગ્રેસ કાર્યકર્તાઓની એક સભાને સંબોધિત કરતા સપકાળે જણાવ્યું હતું કે અંગ્રેજોએ દિલ્હીને પોતાની રાજધાની બનાવવાનો નિર્ણય કર્યો હતો, ત્યારે એવી માગ કરવામાં આવી હતી કે જમીન સંપાદન કરતી વખતે પૂજા સ્થળોને સુરક્ષિત રાખવામાં આવે. આ હેતુ માટે, વક્ફ બોર્ડની રચના ૧૯૧૩ માં પુનર્વસન અધિનિયમ દ્વારા કરવામાં આવી હતી. તેની રચના તમામ ધર્મ સ્થળોને સુરક્ષિત રાખવા માટે કરવામાં આવી હતી અને મંદિરો, મસ્જિદો અને ગુરુદ્વારાઓને વિશેષ અધિકારો આપવામાં આવ્યા હતા.'

'તેમણે આરોપ કર્યો હતો કે વક્ફ સુધારા ખરડો પસાર કર્યા પછી ભાજપ સરકાર જમીન સંપાદન કરવાનો પ્રયાસ કરી રહી છે. તેઓ પદ્મનાભ મંદિરમાં મોટા પ્રમાણમાં રહેલું સોનું કબજે કરવા માંગે છે'.

ઉલ્લેખનીય છે કે, તિરુવનંતપુરમ સ્થિત પદ્મનાભસ્વામી મંદિરને શ્રી વૈષ્ણવ પરંપરામાં ભગવાન વિષ્ણુનું પવિત્ર ધામ માનવામાં આવે છે.

## બીડમાં મસ્જિદ બ્લાસ્ટ

ન્યાય સંહિતાની કલમો ૨૯૮ (ધર્મસ્થળે કોઇ પણ વર્ગના ધર્મનું અપમાન કરવાના હેતુથી ભાંગફોડિયા પ્રવૃત્તિ કરવી), ૨૯૯ (ધાર્મિક લાગણી દુભાય એવું કૃત્ય કરવું) અને ૧૯૬ (બે જૂથ વચ્ચે દુશ્મનાવટ પેદા કરવી) હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

તપાસમાં આ આતંકવાદી કૃત્ય હોવાનું જણાયા બાદ હવે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૩ (આતંકવાદી કૃત્ય) અને યુએપીએની કલમો ૧૫,૧૬, ૧૮ લાગુ કરવામાં આઆવી છે. યુએપીએ હેઠળ હવે આરોપીઓને જામીન મેળવવાનું મુશ્કેલ બનશે. (પીટીઆઇ)

# સંસ્થા સમાચાર

## શ્રી મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ

વડાલામાં પહેલી વખત શ્વેતાંબર અને દિગંબર જૈન સમાજ સાથે મળીને શ્રી મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ ૧૦ એપ્રિલે ઊજવવાના છે. એ દરમ્યાન સવારે સાડા આઠ કલાકે પ્રભુજીની રથયાત્રા કાઢવામાં આવશે. ત્યારબાદ સમાજમાં ઉલ્લેખનીય યોગદાન આપનારા લોકોનું બહુમાન કરવામાં આવશે. બાદમાં સ્વામી વાત્સલ્યનો કાર્યક્રમ યોજવામાં આવશે.

## સમદર્શન સેવા પરિવારે ૧૨૧ દિવ્યાંગોના જીવનમાં રેલાવી ખુશીની લહેર

સમદર્શન સેવા પરિવારે તાજેતરમાં જ દિવ્યાંગો માટે એક મેડિકલ કેમ્પ યોજીને તેમને આર્ટિફિશ્યલ લિંબ ઈમ્પ્લાન્ટ કરવામાં સફળતા મેળવી છે. દહાણુમાં ૨૭ માર્ચથી ૩૦ માર્ચ સુધી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કૃત્રિમ અવયવ બેસાડવાના આ કાર્યક્રમમાં હાજર લોકો માટે સંસ્થા દ્વારા જમવાની અને રહેવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આવી રીતે દિવ્યાંગોના જીવનમાં ફરીથી આશાના નવા રંગો ભરવાનું કામ સંસ્થાએ કર્યું હતું. હવે ફરીથી આવા કેમ્પનું આયોજન ડિસેમ્બરમાં કરવાની તૈયારી સમદર્શન સેવા પરિવારે કરી છે.

## કાંદિવલીમાં રજવાડી ડાયરો

કાંદિવલી વેસ્ટમાં આવેલા કાંદિવલી રિક્રિએશન કલબની મનોરંજન સમિતિ અને જેજેસી મલાડ દ્વારા રજવાડી ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડાયરામાં કલાકાર ભાનુ વોરા, તૃપ્તિ છાયા, ભરતદાન ગઢવી, દર્શન પંચાલ અને નયના આચાર્યએ રંગ રાખ્યો હતો. હાજર લોકોએ આ ડાયરાને મન મૂકીને માણ્યો હતો.

## ફ્રેન્ડ્સ ઑફ સ્ટેમ્પ્સની પચાસમી વર્ષગાંઠ

મુંબઈના પશ્ચિમ ઉપનગરમાં આવેલી ટિકિટ સંગ્રહાલયની કલબ ફ્રેન્ડ્સ ઑફ સ્ટેમ્પ્સ તેની પચાસમી વર્ષગાંઠ મનાવી રહ્યું છે. આ કલબ દર મહિને મીટિંગ કરીને ટિકિટ, સિક્કા અને બંધ થયેલી નોટ પર ચર્ચા કરે છે. હવે તેમની આગામી મીટિંગ ૧૩ એપ્રિલના રોજ માલવિયા રોડ, વિલેપાર્લે ઇસ્ટમાં થવાની છે.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) સમપા મંડળ | ૩૨ | ૮૦,૦૦૦ |
| ૨) બેબી ઘોષ | ૩૯ | ૧,૨૦,૦૦૦ |
| ૩) પીંકી દેવી | ૪૩ | ૪૦,૦૦૦ |
| ૪) પૂજા ગોરાઈ ડાંગર | ૩૦ | ૩૦,૦૦૦ |
| ૫) લોકનાથ બનિયા | ૫૭ | ૧,૫૦,૦૦૦ |
| ૬) ગીતા બાળો | ૫૧ | ૮૦,૦૦૦ |
| ૭) ગોઉરંગા મઝુમદાર | ૪૭ | ૫૦,૦૦૦ |
| ૮) સાબિતા માજી | ૬૯ | ૩૦,૦૦૦ |
| ૯) મીનુ બાસુમાતા | ૪૪ | ૮૦,૦૦૦ |
| ૧૦) એમ ડી બદ્લાલમ | ૫૧ | ૪૫,૦૦૦ |
| ૧૧) રામપિ બિસ્વાસ | ૨૭ | ૮૦,૦૦૦ |
| ૧૨) બસંતી સહા | ૫૪ | ૨૪,૦૦૦ |
| ૧૩) રેખા માન્ડુ | ૬૪ | ૨,૦૦,૦૦૦ |
| ૧૪) બિલ્લીમા ખાતુન | ૩૪ | ૧,૨૦,૦૦૦ |
| ૧૫) અરાહ શૈખ | ૫ | ૨,૫૦,૦૦૦ |
| ૧૬) શારદા શિવાજી ધાગરે | ૫૫ | ૪૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૭) અહીલ ઈઝરાઈલ ખાન | ૯ | ૪,૫૦,૦૦૦ |
| ૧૮) શ્વેતા કુમારી અશોક કુમાર | ૧૪ | ૨,૯૦,૦૦૦ |
| ૧૯) મારિયા શાહનુખ સાવકાર | ૧ | ૩,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ હોલી સ્પિરિટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૨૦) રમબિલાશ રાજક | ૨૭ | ૫૯,૯૯૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## કાંદિવલીમાં

મલાડથી કાંદિવલી તરફ જઇ રહેલા ટેમ્પોએ બંનેને અડફેટમાં લીધાં હતાં.આ અકસ્માતમાં બંને જણ ગંભીર રીતે ઘવાયાં હતાં અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યાં હતાં, જ્યાં ભારતી શાહનું મૃત્યુ થયું હતું. ભારતીય શાહ કાંદિવલીમાં એસ.વી. રોડ પર આવેલા એપાર્ટમેન્ટમાં રહેતાં હતાં.

## ગિરગામમાં

ડિલિવરી બૉય ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ ઘટના બાદ તેમણે કસ્ટમર કેરનો સંપર્ક સાધી ફરિયાદ કરી હતી, જેને પગલે ડિલિવરી બૉયને હાજર થવાનું કહેવાયું હતું. જોકે ૪૮ કલાક બાદ પણ તે હાજર ન થતાં ગૃહિણીએ વી.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરીને તેની શોધ આદરી હતી અને શુક્રવારે ગામદેવીથી તેને ઝડપી પાડ્યો હતો.

## બીમારીને કારણે

શુક્રવારે સંસદે આ ખરડાને મંજૂરી આપી દીધા બાદ ગુરુવારે લોકસભામાં પસાર કરવામાં આવ્યો હતો. સુરેશ મ્હાત્રેએ સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'હું બીમાર હતો અને સત્ર દરમિયાન મને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. મને અપેક્ષા નહોતી કે આ ખરડો લોકસભામાં રજૂ કરવામાં આવશે. તે અણધાર્યો જ આવ્યો હતો.' મ્હાત્રે આ ખરડા પર રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)માં હતા. એનસીપી (એસપી) વક્ફ સુધારા ખરડાનો વિરોધ કર્યો હતો.

## પશ્ચિમ રેલવેને

હતો. પ્રસ્તાવિત ટર્મિનસમાં ચાર પ્લેટફોર્મ, ત્રણ સ્ટેબલિંગ લાઈન તથા નવું ટર્મિનસ બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવશે. પ્રસ્તાવિત પ્રોજેક્ટને ૨૦૧૮માં મંજૂરી આપી હતી અને ૨૦૨૩માં પૂરી કરવાની યોજના હતી. હાલનું નેટવર્ક ફૂલ જામ થયું હોવાથી નવું ટર્મિનસ બનાવવામાં આવશે. નવા ટર્મિનસ માટે કોઈ નવી જમીન સંપાદનની જરૂર નથી. ટર્મિનસ પર પ્રવાસીઓની સુવિધાઓનું સ્થાન નક્કી કરવા માટે બાંધકામ વિભાગ દ્વારા એન્જિનિયરિંગ પ્લાન તૈયાર કરવામાં આવશે. તેમાં ટિકિટ બારી, પુલ, એસ્કેલેટર, લિફ્ટ, વેઇટિંગ રૂમ, પીવાના પાણીની વ્યવસ્થા નક્કી કરશે. ત્યાર બાદ ટેન્ડર બહાર પાડી કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવામાં આવશે. નવા ટર્મિનસનું નિર્માણ કરવામાં આવ્યા પછી લાંબા અંતરની ૨૦૦ અને સબર્બનની ૩,૦૦૦થી વધુ લોકલ ટ્રેનનું સંચાલન કરી શકાશે.

## બાવનકુળે

શિલાન્યાસ કરવાના એક કાર્યક્રમમાં પક્ષના કાર્યકરોને સંબોધન કરી રહ્યા હતા.

વરિષ્ઠ નેતાએ એમ પણ જણાવ્યું હતું કે સભ્યપદ અભિયાન દરમિયાન એક લાખથી વધુ પક્ષના કાર્યકરો ઘરે ઘરે જઈ તમામ સભ્યો માટે પક્ષના આઈ કાર્ડ બનાવ્યા હતા. મહારાષ્ટ્રમાં ૧.૫૧ કરોડ લોકોએ પાર્ટીનું પ્રાથમિક સભ્યપદ લીધું હતું.

બાવનકુળેએ જણાવ્યું હતું કે ભાજપ મહારાષ્ટ્રના ઇતિહાસમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ જ્યારે પક્ષના પ્રમુખ હતા ત્યારે પક્ષે ૯૭ લાખ સભ્યો નોંધાવ્યા હતા અને હવે તેણે એક કરોડથી વધુ સભ્યોની નોંધણી પક્ષમાં કરી લીધી છે. આ અભિયાનની સફળતા માટે મહારાષ્ટ્ર ભાજપના બૂથ પ્રમુખો અને પદાધિકારીઓની પ્રશંસા કરી વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે આગામી બે વર્ષમાં મહારાષ્ટ્રમાં આશરે ૩૬ નવી પાર્ટી ઓફિસ શરૂ થશે. (પીટીઆઈ)

## થાણેના

ઊભા કરવામાં આવવાના છે. આ કામ દરમ્યાન જૅક બીમ નાખીને તેના પર રાફ્ટર ઊભા કરવામાં આવશે. આ કામ ૬૦ ટનની મોબાઈલ ક્રેનની મદદ કરવામાં આવવાનું છે. રાતના ૧૦ વાગે આ ક્રેન જ્યુપિટર હૉસ્પિટલ સામેના માજીવાડા ફ્લાયઓવર પાસે ઊભી કરવામાં આવશે. આ કામ સવારના પાંચ વાગ્યા સુધી ચાલવાનું છે. તેથી પુલ પરથી ઘોડબંદર રોડ અને નાશિક તરફ જનારા તમામ પ્રકારનાં વાહનો પુલ નીચેના રોડથી આગળ જશે.

આ રોડ પર રાતના સમયે ભારે વાહનો મોટા પ્રમાણમાં હોય છે પણ રાતના સમયે પુલને બંધ કરવામાં આવવાનો હોવાથી નીચે ભારે ટ્રાફિક જામ થવાની શક્યતા છે. રાતના સમયે ઘોડબંદર રોડ, ભિવંડી તેમ જ નાશિક તરફ જનારા લોકોને હાલાકીનો સામનો કરવો પડી શકે છે.

થાણે ટ્રાફિક વિભાગે વાહનચાલકોને પર્યાયી માર્ગનો ઉપયોગ કરવાની સલાહ આપી છે, જેમાં મુંબઈ તરફથી નાશિક અને ઘોડબંદર રોડ તરફ જનારા તમામ પ્રકારના વાહનો રાતના ૧૦ વાગ્યા બાદ માજીવાડા ફલાયઓવરને બદલે પુલ નીચેથી કાપૂરબાવડી સર્કલથી ઈચ્છિત સ્થળે જઈ શકશે. તેથી સર્કલ પર મોટો ટ્રાફિક જૅમ થવાની શક્યતા છે. કેડબરી જંકશન સુધી વાહનવ્યવહારને તેની અસર થવાની સાથે જ થાણેમાં અન્ય વિસ્તારમાં પણ તેની અસર જોવા મળશે.

## વક્ફ સુધારા

પ્રદર્શન યોજાયું હતું, જેમાં આલમી તહરીક રઝા એકેડેમી, ઓલ ઇન્ડિયા સુન્ની જમિયતઉલ ઉલેમાના કાર્યકરો અને 'અહલે સુન્નત વાલ જમાત' આંદોલનનું પ્રતિનિધિત્વ કરતા કેટલાક અન્ય જૂથો સહભાગી થયા હતા.

રઝા એકેડમીના સ્થાપક સઇદ નૂરીએ જણાવ્યું હતું કે તેઓ સુપ્રીમ કોર્ટમાં આ કાયદાને પડકારવાની શક્યતા સહિત કાનૂની માર્ગો શોધવા માટે ટોચના બંધારણીય નિષ્ણાતો અને વરિષ્ઠ વકીલોની સલાહ લેવા માટે ૭ એપ્રિલે એક પ્રતિનિધિમંડળ સાથે દિલ્હી જશે.

રઝા એકેડેમીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ મુદ્દે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ પાસેથી સમય માગવામાં આવ્યો છે. (પીટીઆઈ)

## પીએમ મોદી

હતો જેણે અન્ય વિરોધ પક્ષો સાથે ભળીને કટોકટી પછીની ૧૯૭૭ની ચૂંટણીમાં કૉંગ્રેસનો મુકાબલો કરવા જનતા પક્ષની રચના કરી હતી.

૧૯૮૪માં પ્રથમ વાર રાષ્ટ્રીય ચૂંટણીમાં ઝુકાવનાર ભાજપે માત્ર બે લોકસભા બેઠક જીતી હતી. જોકે, ૧૯૯૦ના દાયકામાં ગઠબંધનના વડા તરીકે સત્તા પર આવતા અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીના નેતૃત્વ હેઠળ ભાજપનો ઝડપથી વિકાસ થયો હતો. ત્યારબાદ મોદીએ ૨૦૧૪માં પક્ષને પ્રથમ વાર બહુમતી અપાવી હતી. ત્યારથી પક્ષ કેન્દ્રમાં સત્તા પર છે. કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ નાગપુરમાં ભાજપના નવા કાર્યાલયનો શિલાન્યાસ કર્યા બાદ ફડણવીસ બોલી રહ્યા હતા.

મુખ્ય પ્રધાને ભાજપના નવા કાર્યાલય માટે પાંચ લાખ રૂપિયાનું યોગદાન આપ્યું હતું અને પક્ષના તમામ કાર્યકરોને તેમની ક્ષમતા મુજબ ફાળો આપવા વિનંતી કરી હતી. (પીટીઆઈ)

## ખડસે અને

વિસ્તરણ માટે અમિત શાહ સાથે બેઠક યોજાઇ ત્યારે તેમણે મહાજનને બોલાવી લીધા હતા', એમ ખડસેએ જણાવ્યું હતું.

અમિત શાહે મહાજનને તે મહિલા સાથેના સંબંધ અંગે ઘણા સવાલ કર્યા હતા તથા મહાજને તે મહિલા સાથે સંબંધ હોવાનું નકારી કાઢ્યું હતું. ત્યારે શાહે કહ્યું હતું કે તેમના ફોન રેકોર્ડ તેમની પાસે છે અને અડધી રાત સુધી કલાકો સુધી તેમના કોલ તે મહિલા સાથે ચાલુ જ હોય છે, એમ ખડસેએ જણાવ્યું હતું.

ગિરીશ મહાજન વિશે સત્ય જાણવું હોય તો છેલ્લા દસ વર્ષનો તેમનો રેકોર્ડ તપાસો. હું પણ અમિત શાહને આ બાબતે મળવાનો છું અને પૂછીશ કે આ બધું શું ચાલી રહ્યું છે?, એમ ખડસેએ જણાવ્યું હતું.

## હું જો તેમની માટે બોલીશ તો લોકો તેમને જૂતા મારશેઃ મહાજન

ખડસેએ કરેલા દાવા પર પ્રતિક્રિયા આપતા ગિરીશ મહાજને જણાવ્યું હતું કે જો હું તેમની (ખડસે) માટે મોં ખોલીશ તો લોકો તેમને જૂતાથી મારશે. તેઓ એક નંબરના મહાચોર છે. કમરની નીચે વાર કર્યા સિવાય તેમને કંઇ જામતું નથી. તેમણે એક પણ પુરાવો દેખાડયો તો હું સક્રિય રાજકારણમાંથી બહાર નીકળી જઇશ. મારી સહનશીલતાની પરીક્ષા લેવાની જરૂર નથી.

ખડસેની સ્થિતિ કેટલી ખરાબ છે એ આખા મહારાષ્ટ્રને ખબર છે. તેથી હું તેમની જેમ આટલા નીચલા સ્તરે જઇ શકું નહીં. તેમની દુકાન બંધ થઇ ગઇ છે તેથી જ ગમે તેમ બોલી રહ્યા છે, જેવી તેવી ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે, એમ મહાજને જણાવ્યું હતું.

## ભારતીય નૌકાદળે

(બલોચ) નાગરિકને મલ્ટીપલ ફ્રેક્ચર અને હાથમાં ગંભીર ઈજા થવાથી ખૂબ લોહી વહી ગયું હતું'.

ભારતીય જહાજની તબીબી ટીમે સર્જરી કરતા લોહી વહેતું અટકી ગયું હતું અને ગેન્ગરિનને કારણે આંગળી ગુમાવવામાંથી બચી જવાયું હતું. આ ઉપરાંત, જહાજમાં એન્ટિબાયોટિક્સ સહિત તબીબી પુરવઠો પૂરો પાડવામાં આવતા ઈરાન સુધી એ હેમખેમ પહોંચી જાય એમ જણાવી નૌકાદળે ઉમેર્યું કે સાથીદારના જીવનને બચાવવામાં સમયસર મદદ કરવા બદલ જહાજના અન્ય સભ્યોએ ભારતીય નૌકાદળ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. (પીટીઆઈ)

## મહારાષ્ટ્ર સરકારે

સંબોધતા નિરુપમે જણાવ્યું હતું કે ૯૦,૦૦૦ એકરથી વધુ જમીનમાં ફેલાયેલી ૨૩,૦૦૦ પ્રોપર્ટી વક્ફ બોર્ડ પાસે છે.

નિરુપમે એમ પણ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે વક્ફ પ્રોપર્ટી અંગેનો વિસ્તૃત અહેવાલ તૈયાર કરી આ મિલકતોની સ્થિતિ શું છે અને વકફના નામ હેઠળ તેને કોણ નિયંત્રિત કરી રહ્યું છે એ જનતાને જણાવવું જોઈએ.

વક્ફની જમીન પર મોટા પાયે કૉંગ્રેસે અંકુશ રાખ્યો હતો એવો આક્ષેપ કરી નિરુપમે જણાવ્યું હતું કે કૉંગ્રેસ હંમેશાં મુસ્લિમ સમુદાયનો વોટ બૅંક તરીકે ઉપયોગ કરી તેમનામાં ભાજપ અને હિન્દુત્વમાં વિશ્વાસ ધરાવતા સંગઠનો વિશે ભય પેદા કરે છે.

નિરુપમે એમ પણ જણાવ્યું હતું કે કૉંગ્રેસના અગ્રણી નેતાઓ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાએ લોકસભામાં વક્ફ સુધારા ખરડા પરની ચર્ચામાં ભાગ લીધો ન હતો, કારણ કે તેમને આ મામલે કોઈ રસ નથી. એનડીએની સરકાર તેમને પરેશાન કરી રહી છે અને એટલે તેઓ તેની સામે લડી રહ્યા છે, એવું મુસ્લિમોને જણાવવા માગે છે. (પીટીઆઈ)

## ભાજપની નજર

ઉદ્ધવે કહ્યું, 'મારી શુભકામનાઓ દરેકની સાથે રહેશે' ભાજપ સાથે પણ છે. પણ મારી ઈચ્છા છે કે તેમનું આચરણ ભગવાન રામ જેવું હોય. રામનું નામ લેવાની તેમની કોઈ પાત્રતા નથી. તેમણે કહ્યું કે ભાજપનું ધ્યાન બધાની જમીન હડપીને પોતાના મિત્રોને ફાયદો પહોંચાડવામાં છે. સમાજના કોઈ વર્ગ સાથે તેમને પ્રેમ નથી. તેથી અમે ખરડાનો વિરોધ કર્યો. ભાજપને હિંદુઓ સાથે કોઈ લેવાદેવા નથી.

તેમણે કહ્યું, 'વક્ફ ખરડા બાદ હવે તેઓ ખ્રિસ્તી અને બૌદ્ધ સમુદાયોની જમીનો પર પણ નજર રાખી રહ્યા છે.' અંતે ઠાકરેએ સવાલ કર્યો કે પછી, અમને હિન્દુત્વ શીખવનારા એ લોકો કોણ છે? તેમનો છૂપો એજન્ડા શું છે? ઉદ્ધવે મરાઠી ભાષાને લઈને એમએનએસની રાજનીતિ પર પણ નિશાન સાધ્યું અને કહ્યું કે અમે નવો કાર્યક્રમ 'ચાલો મરાઠી શીખીએ' શરૂ કર્યો છે.

## કચ્છના બે મિત્રો

સાથે ટકરાયા બાદ ઊંધી વળી ગઇ હતી. કારચાલક હેતુલ રામજિયાણી દારૂના નશામાં હતો. હેતુલ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો અને કાર પણ જપ્ત કરવામાં આવી હતી. આ ગુનો જામીનપાત્ર હોવાથી હેતુલને નોટિસ આપી જવા દેવામાં આવ્યો હતો.

ઘાટકોપર પશ્ચિમમાં એલ.બી.એસ. માર્ગ પર ગંગાવાડી ખાતે રહેનારા હેતુલ રામજિયાણીના બે મિત્ર

પાર્થ લિંબાણી અને નરેશકુમાર પોકાર કચ્છના બિદડામાં કુકાણી નગર અને ઉમિયા નગરમાં રહે છે. બંને મિત્ર કચ્છથી આવ્યા હોવાથી શનિવારે રાતે હેતુલે તેમની સાથે દારૂની પાર્ટી કરી હતી અને બાદમાં જમવા માટે તેઓ સ્કોડા કારમાં દક્ષિણ મુંબઈ આવ્યા હતા. જમ્યા બાદ તેઓ ઘાટકોપર પાછા જવા નીકળ્યા હતા.

હેતુલ કાર હંકારી રહ્યો હતો અને બાંદ્રા-વરલી સી લિંક પરથી પસાર થતી વખતે તેણે અચાનક કાબૂ ગુમાવતાં કાર ડિવાઇડર સાથે ભટકાયા બાદ ઊંધી વળી ગઇ હતી, જેમાં હેતુલ અને તેના બંને મિત્રને ઇજા થઇ હતી. દરમિયાન અકસ્માતની જાણ થતાં વરલી પોલીસ સ્ટેશનનો સ્ટાફ ત્વરિત ઘટનાસ્થળે આી પહોંચ્યો હતો.

અકસ્માતમાં ઘવાયેલા નરેશકુમાર અને પાર્થ લિંબાણીને એમ્બ્યુલન્સમાં કાંદિવલીની હોસ્પિટલમાં મોકલાયા હતા, જ્યારે કારચાલક હેતુલને પોલીસ સ્ટેશન લવાયો હતો અને બાદમાં તબીબી તપાસ માટે તેને જે. જે. હોસ્પિટલમાં લઇ જવાયો હતો. અકસ્માતગ્રસ્ત કારને ક્રેનની મદદથી ટૉવ કરીને પોલીસ સ્ટેશન લવાઇ હતી. હેતુલે દારૂ પીધો હોવાનું તબીબી તપાસમાં જણાયું હતું, જેને પગલે તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે દારૂના નશામાં વાહન ચલાવીને પોતાના અને અન્યોના જીવને જોખમમાં મૂકનારાઓ પર લગામ તાણવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા કડક પગલાં લેવાનું નક્કી કરાયું છે. ટ્રાફિક પોલીસના વરિષ્ઠ અધિકારીએ આપેલા આદેશ મુજબ નશામાં વાહન ચલાવતા પકડાયેલા ડ્રાઇવરો સામે મોટર વેહિકલ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાને બદલે તેમની સામે સંબંધિત પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાશે. તેમના ડ્રાઇવિંગ લાઇસન્સ તથા વાહનો જપ્ત કરવાની ભલામણ પણ કરાઇ છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

પાલિતાણા હાલ ઘાટકોપર પંકજભાઇ ઇન્દુમતી મનહરલાલ કપાસી (ઉં. વ. ૭૧) તે દીપાબેનના પતિ. હીરલ ધારા, ચિંતન-મેઘાના પિતા. રશ્મીનભાઇ તથા બીનાબેન બકુલકુમાર શેઠના ભાઇ. ક્યારાના દાદા. સસુર પક્ષે સ્વ. હરગોવિંદદાસ કરસનદાસ મહેતાના જમાઇ. તા. ૬-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા મંગળવાર, તા. ૮-૪-૨૫ના રાખેલ છે. ઠે. પરમકેશવ બાગ, ઘાટકોપર (વે), ૪થી ૬. ચક્ષુદાન કરેલ છે.

**પાટણ જૈન**

ખેજડાનો પાડો હાલ સાંતાક્રુઝ સ્વ. લીલાવતીબેન હીરાલાલ ઝવેરીના સુપુત્ર પ્રફુલભાઇ ઝવેરી (ઉં. વ. ૮૦) તા. ૫-૪-૨૫ના શનિવારે અરિહંતશરણ પામેલ છે. તે ઉર્મિલાબેનના પતિ. ઇશિતા અને અનુજના પિતાશ્રી. ભાવેશભાઇ કોરાડીયા, બેલા અનુજ ઝવેરીના સસરા. સ્વ. નટવરલાલ મણિશંકર પારેખના જમાઇ. પ્રિશા વામાના દાદા. ભાવયાત્રા સોમવાર, તા. ૭-૪-૨૫ના પથી ૭. ઠે. એમ.એમ.પ્યુપીલ્સ સ્કૂલ, એસ. વી. રોડ, ખાર પોલીસ સ્ટેશનની બાજુમાં, ખાર (વેસ્ટ).

**દશા સ્થા.જૈન**

બાલંભા નિવાસી કિશોરભાઈ પ્રભુદાસ મહેતાના ધર્મપત્ની નિલાબેન (ઉં.વ.૭૯) તે આશિષ, કામિની તથા ડિમ્પલના માતુશ્રી. પરેશભાઈ ભાયાણી, જાગના તથા અલ્પાના સાસુ. સ્વ. નિરંજન, રમેશ, બિપિન, હર્ષદા, પારૂલ, શીલા, અરૂણાના ભાભી. સ્વ. રસીલાબેન અમૃતલાલ મહેતાના દીકરી.૫/૪/૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેશલપુર (કંઠી) હાલે મુલુંડના લક્ષ્મીબેન/ લાછબાઈ કેશવજી વીરા (ઉં.વ.૮૪) તા. ૪-૪-૨૫ના દેહપરિવર્તન કરેલ છે. હીરબાઈ શામજી ખીમરાજ વીરાના પુત્રવધુ. કેશવજીના પત્ની. માલતી, હર્ષા, માયા, વિજયના માતુશ્રી. ભુજપુર રતનબેન ધારશી નરશીના પુત્રી. હરીલાલ, નિર્મળાના બેન. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

**દશા શ્રી. સ્થા. જૈન**

રાણપુર (ભેસાણ) વતની મુંબઈ નિવાસી હાલ પુના બકુલભાઈ નાનાલાલ ચોવટીયા, તે નાનાલાલ જયંતિલાલ ચોવટીયાના સુપુત્ર. જ્યોતિબેનના પતિ. ખુશ્બુના પિતાશ્રી. અભિજીતના સસરા. યુવરાજ કુશલના નાના. પ્રભુદાસ લીલાધર દરબારીના જમાઈ. હસમુખભાઈ દરબારીના બનેવી. નીલા, આશા, પન્નાના ભાઈ રવિવાર, તા. ૬-૪-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ સાલેજ (હાલ કાંદિવલી) ચારકોપ સ્વ. મણીબેન, સ્વ. સુખાભાઇ પટેલના પુત્ર, ગીરીશભાઇ સુખાભાઇ પટેલ (ઉં. વ. ૫૨) મંગળવાર, તા. ૧-૪-૨૫ના શ્રીચરણ પામ્યા છે. તે બિનાબેનના પતિ. તે મીહિર અને દેવના પિતા. તે કિશોરભાઇ, ગીતાબેન, ચેતનાબેનના નાનાભાઇ. તે ભરતભાઇ ભટ્ટા અને ભરતભાઇ પટેલના સાળા. તેમનું બન્ને પક્ષનું બેસણું બુધવાર, તા. ૯-૪-૨૫ના બપોરે ૩થી ૫. પુચ્છપાણી શનિવાર, તા. ૧૨-૪-૨૫ના ૩.૩૦ કલાકે નિવાસ સ્થાને રાખેલ છે. નિવાસસ્થાનઃ ૩૬/ ૫૦૨ સી.એસ.આર. કોમ્પ્લેકસ, એકતાનગર બસ સ્ટોપ નિયર, મ્હાડા કોલોની ચારકોપ, કાંદિવલી (વેસ્ટ).

**ચૌર્યાશી મેવાડા બ્રાહ્મણ**

(કિલ્લા પારડી) હાલ મુંબઇ કિરણભાઇ રતિલાલ જોષી (ઉં. વ. ૭૫)નું અવસાન તા. ૫-૪-૨૫ના શનિવારે થયેલ છે. તે પૂર્ણિમાબેનના પતિ. વિરલ તથા અ. સૌ. સ્નેહલના પિતા. અ. સૌ. ડોલી તથા નિષાદભાઇના સસરા. આશાબેન તથા ગિરિશભાઇના ભાઇ. સ્વ. રતિલાલ છોટુભાઇ જોષી તથા શાંતાબેનના પુત્ર. હાલ સુરત નલિનભાઇ, હિતેન્દ્રભાઇ તથા પંકજભાઇના બનેવી. શોકસભાઃ તા. ૭-૪-૨૫ સોમવારના ૪થી ૬. ઠે. પાર્લેશ્વર હોલ, શહાજી રાજે માર્ગ, વિલેપાર્લે (પૂર્વ).

**હાલાઇ લોહાણા**

મૂળગામ કુવાડવા હાલ (કાંદિવલી) સ્વ. મોહનલાલ વેલજી આડઠક્કરના પુત્ર. સ્વ. નંદુબેન ડાયાલાલ કોટકના જમાઇ ભીખુભાઇ મોહનલાલ આડઠક્કર (ઉં. વ. ૭૯) તા. ૪-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. સ્વ. વસંતાબેન મગનલાલ પોપટ અને અરવિંદભાઇના ભાઇ. સ્વ. દીપ્તિ, હીના, આરતી તથા સ્વ. હિરેનના પિતાશ્રી. દિવ્યેશ, કારિયા, હિતેશ ઠક્કરના સસરા. પ્રાર્થનાસભા સ્થળઃ હાલાઇ લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, ૨ માળે, કાંદિવલી (વેસ્ટ), તા. ૭-૪-૨૫ ૪થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**દેસાઇ સઇ સુતાર જ્ઞાતિ**

ઘાંઘળી નિવાસી હાલ પ્રભાદેવી સ્થિત સ્વ. શંભુભાઇ નારાયણભાઇ ગોહિલના ધર્મપત્ની ગં. સ્વ. લીલાવતીબેન (ઉં. વ. ૮૫) તે નરેન્દ્ર, પ્રદીપ, સ્વ. દક્ષા તથા ભાવનાના માતુશ્રી. તે પુષ્પા, કિન્નરી, પ્રદીપકુમાર, કિરીટકુમાર, કાજલના સાસુ. તે જિતેશ, ઉષ્મા, પાયલ, મુદ્રા, રાજ, નેહાન, પ્રિશા, દ્વિતના દાદી. તે રમેશભાઇ, રતુભાઇ, વિનોદભાઇ, જયાબેન, સ્વ. ચંપાબેન, સ્વ. શાનુબેનના બેન તા. ૪-૪-૨૫ના શુક્રવારે સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૭-૪-૨૫ સોમવારે સાંજે ૪થી ૬. ઠે. દેસાઇ સઇ સુતાર જ્ઞાતિની વાડી, સ્વયંભૂ ગણેશ મંદિરની સામે, અશોક નગર, કાંદિવલી (પૂર્વ). લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

જામનગર નિવાસી (હાલ નાલાસોપારા) ગં.સ્વ. મીનાબેન (મધુરીબેન) (ઉં. વર્ષ ૮૯). તે સ્વ. ચંપકભાઈ મોહનલાલ રામજી મર્ચન્ટનાં પત્ની. તે સ્વ. નાથાલાલ ગોરધનદાસ દત્તાણીની દિકરી. તે વિનય, રાજેશ, સ્વ. જીગ્ના વૈભવ પડવાનીનાં માતા. પૂનમ, વૈભવભાઈનાં સાસુ. તે ચિ. શ્યામનાં દાદી. શુક્રવાર તા. ૪-૪-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ**

મૂળ કુકસવાડા હાલ કાંદિવલી, મુંબઈ નિવાસી સ્વ. ગોદાવરીબેન અને કામેશ્વર ગગજી વ્યાસના પૌત્ર ચી. યજ્ઞેશ (ઉં. વ. ૪૮) તે સ્વ. સૂર્યકાંત કામેશ્વર વ્યાસ અને ગં.સ્વ.હંસા બેનના પુત્ર તા. ૫ એપ્રિલના શનિવારે કૈલાસવાસી થયા છે. તે સ્વ. હર્ષના નાના ભાઈ. પ્રાર્થના સભા તા.૭ એપ્રિલના સોમવારે સાંજે ૫થી ૭ રાખી છે. સ્થળઃ કનકશ્રી બેન્કવેટ હોલ, એક્સિસ બેન્ક પાસે, કાંદિવલી (ઇસ્ટ).

**લોહાણા**

મૂળ ગામ બીલખા હાલ કલ્યાણ નિવાસી લક્ષ્મીકાંતભાઈ વ્રજલાલભાઈ કારીયા (ઉં.વ.૮૪) તે નિલમબેનના પતિ. તે સ્વ મનહરભાઈ, નરેશભાઈ, રમાબેન રસિકલાલ મણીયાર, જોત્સનાબેન નારાયણદાસ પોપટ, ભારતીબેન સૂર્યકાંત ધનેશા, સ્વ. હંસાબેન ધનંજયભાઈ અઢિયાના ભાઈ તે સુશાંતભાઈ, વૈશાલીબેન ગિરિશભાઈ રૂપારેલીયા, જીજ્ઞાબેન ધર્મેશભાઈ શાહ, સોનલબેન નિમેષભાઈ ઠક્કરના મોટા બાપુજી. તે સ્વ. છોટાલાલ નારાયણદાસ રાચ્છના જમાઈ ગુરૂવાર તા.૦૩/૦૪/૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. બંન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૦૭/૦૪/૨૫ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ દરમ્યાન માતૃશ્રી શ્યામભાઈ લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ (પ).

**દશા સોરઠીયા વણિક**

હડાળા નિવાસી હાલ કાંદિવલી વ્રજલાલ લીલાધર શેઠના ધર્મપત્ની અ. સૌ. પ્રવિણાબેન (ઉં.વ.૭૮) તે ૩/૪/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે અતુલ-હેતલ, લીના સુભાષ મલકાણ, નીલમ અનિલ ભણસાલીના માતુશ્રી, ગં. સ્વ પુષ્પાબેન ન્યાલચંદ શેઠના દેરાણી. પિયરપક્ષે વણીવાળા સ્વ. મુક્તાબેન પોપટલાલ પારેખના દીકરી. નંદલાલ, હસમુખભાઈ, વસંતભાઈ, સ્વ. કુસુમબેન ગીરીશભાઈ ઢોલકિયા, અલકાબેન રાજેશભાઈ શાહના બહેન. પિન્કેશના દાદી. પ્રાર્થનાસભા ૭/૪/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે લોહાણા મહાજનવાડી, બીજેમાળે શંકર મંદિર પાસે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**શ્રીગોડ બ્રાહ્મણ**

જંબુસર નિવાસી હાલ કાંદીવલી (મુંબઈ) દિપક કૃષ્ણશંકર જોશી (ઉં. વ. ૭૪) તા. ૩-૪-૨૫ના કૈલાશવાસી થયેલ છે. જે અરૂણાબેનના પતિ અને તેમની દીકરી બોસ્કી શ્રોફ તથા હાર્દિક જોશીના પિતા. તે સ્વ. વ્રજલાલ જીવરામ ત્રિવેદી (ઉના નિવાસી)ના જમાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી. સરનામુંઃ ફ્લેટ નં. ૨, ૪ બી વિંગ, મજીઠિયા નગર, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**સુરતી વિશાલાડ વણિક**

નયના રમેશ ચોક્સી (ઉં. વ. ૮૩) તા. ૫-૪-૨૫ના રોજ વૈકુંઠધામ પધાર્યા છે. તે રમેશ રતિલાલ ચોકસીના પત્ની. દેવેન, દીપાના માતા અને મોના દેવેન ચોક્સી, પંકજ રમેશ શ્રોફના સાસુ. તે હેત, જુહી ચોક્સી, ધવલ, સ્નેહા શ્રોફના દાદી. તે સ્વ. કિશન અને તરુણિકા દલાલ, સ્વ. હરકિશન અને કોકિલા દલાલ, ચિનુ અને અંજુ દલાલ, દીપિકા સતીશ દલાલ, સ્વ. ઉષા અને ચંપકલાલ મારફતિયા, આશા અને સ્વ. ભરત પી શાહના બહેન. પ્રાર્થનાસભા ૭-૪-૨૫ સાંજે ૫-૭ દરમિયાન, હિરાવતી હોલ, હિન્દુ સ્ત્રી મંડળ, પોદાર સ્ટ્રીટ, સાંતાક્રુઝ (પશ્ચિમ).

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com

## જ્ઞાનરૂપ માટી ને વૈરાગ્યરૂપ જળ



મૈત્રેયી ઉપનિષદમાં કહેવાયું છે કે આ શરીર એક દેવાલય છે, મંદિર છે અને આત્મા એ તે મંદિરનો ઈશ્વર છે. આ ઈશ્વરની ઓળખ કરવાની છે, આત્માને જાણવાનો છે, તેની પૂજા કરવાની છે. અન્ય ઉપનિષદની માફક, અહીં પણ એમ કહેવાયું છે કે આત્મા અને પરમાત્મામાં ભેદ ન જોવો. આત્મા અને પરમાત્માને એક જ સમજવા એટલે જ્ઞાન. આત્મા એ જ પરમાત્મા છે, આત્મા અને પરમાત્મા વચ્ચે અદ્વૈતતા છે, અહીં ઐક્ય પ્રવર્તે છે. આ ઐક્યની સ્વીકૃતિ એટલે જ્ઞાન. આ ઉપનિષદમાં આગળ જણાવાયું છે કે મનને વિષયોમાંથી મુક્ત કરવું એટલે ધ્યાન, મનની મલીનતાનો ત્યાગ કરવો એટલે સ્નાન અને ઇન્દ્રિયોને નિયંત્રણમાં રાખવી એટલે પવિત્રતા.

મન જ્યાં સુધી વિષયોમાં ભટકે ત્યાં સુધી જ્ઞાનની પ્રાપ્તિ અસંભવ હોય. જ્ઞાન માટે ચોક્કસ પ્રકારનું ધ્યાન જરૂરી છે અને જ્યાં સુધી મન ચલિત હોય ત્યાં સુધી આવું ધ્યાન સિદ્ધ ન થઈ શકે. આત્માની અનુભૂતિ માટે શુદ્ધ એકાગ્રતા જરૂરી છે. કોઈ પણ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા, કોઈ પણ પ્રકારનું વૈકલ્પિક ચિંતન, કોઈ પણ પ્રકારનો અન્ય ભટકાવ અહીં માન્ય ન હોય.

સ્નાન શબ્દ સામાન્ય રીતે શરીરની પવિત્રતા માટે વપરાય છે. જ્યારે મનની પવિત્રતાની વાત થાય ત્યારે મનની મલીનતાનો ત્યાગ જરૂરી બને. શરીરની શુદ્ધિ માટે શારીરિક સ્નાન અને મનની શુદ્ધિ માટે માનસિક સ્નાનની આવશ્યકતા હોય. શરીરની શુદ્ધિ માટે અહીં ઉપનિષદમાં કહેવાયું છે કે, મા-બાપનાં મળથી ઘડાયેલાં, જન્મ-મરણની પ્રકૃતિવાળાં, સુખ અને દુ:ખનાં સ્થાન રૂપ, અપવિત્રતા ધારણ કરવાના સ્વભાવવાળા આ શરીરને વ્યવસ્થિત રીતે શુદ્ધ કરવું જોઈએ. શરીર વિશે આગળ અહીં જણાવાયું છે કે તે વિકાર પામનારી સાત ધાતુઓના સમન્વય સમાન છે, રોગને આધીન થનારી પ્રકૃતિવાળું છે, પાપાચારના આધાર સમાન છે, અસ્થિરતા અને વિકૃતિઓથી ભરપૂર છે, નવ દ્વાર વડે યુક્ત છે, સૂતકને આધીન છે અને તે બધા સાથે અપવિત્રતાના સમૂહ સમાન છે. તેની સિદ્ધિ માટે સ્નાન જરૂરી છે.

એવી જ રીતે મન કામ, ક્રોધ, લોભ, મોહ, સ્વાર્થ, અહંકાર, માયા, અજ્ઞાન, અવિદ્યા, પ્રપંચ, અપેક્ષા વગેરેથી ગ્રસ્ત હોય છે. આ બધી બાબતો મનની મલીનતા સમાન ગણાય છે. તેની શુદ્ધિ માટે સત્સંગ, ધ્યાન, ભક્તિ, યોગ, શ્રદ્ધા તથા ઈશ્વર સ્મરણ જેવાં માધ્યમ સ્થાપિત થયેલાં છે. જ્યારે જ્ઞાનની પ્રાપ્તિ થાય, ઈશ્વરની કૃપા થાય, સાધના સિદ્ધ થાય કે સદ્ગુરુ કે સંત મહાત્માની કરુણા વરસે ત્યારે મનની મલિનતા નાશ થવાના સંજોગો ઊભા થાય. ગીતામાં કહેવાયું છે કે આ લોકમાં જ્ઞાન સમાન પવિત્ર બીજું કશું જ નથી. આ લોકમાં જ્ઞાન એ સૌથી પવિત્ર ઘટના છે. આથી જ મૈત્રેયી ઉપનિષદમાં મનની મલિનતા દૂર કરવા માટે જ્ઞાનને વધારે મહત્ત્વ અપાયું છે. જ્ઞાન એટલું પવિત્ર છે કે તે મનની દરેક પ્રકારની મલિનતા દૂર કરવા સમર્થ છે. આ સત્ય છે. આધ્યાત્મિક ઇતિહાસમાં આ સિદ્ધ થયેલી વાત છે.


મનની શુદ્ધિ માટે જ્ઞાનરૂપી માટીની, અર્થાત્ આજના સંદર્ભમાં સાબુની, જેટલી આવશ્યકતા છે તેટલી જ આવશ્યકતા શુદ્ધ જળની રહે. આ ઉપનિષદ અનુસાર આ શુદ્ધ જળ એટલે વૈરાગ્ય. જ્યારે નિત્ય અને અનિત્યની, શ્રેય અને પ્રેયની, સત્ય અને અસત્યની, ધર્મ અને અધર્મની, દૈવી અને આસુરી તત્ત્વોની, શાશ્વત અને ક્ષણભંગુરની, પુણ્ય અને પાપની, વાસ્તવિકતા અને પ્રપંચની, પુરુષ અને પ્રકૃતિની, ચૈતન્ય અને જડની, જ્ઞાન અને અજ્ઞાનની તથા બ્રહ્મ અને ભ્રમની ઓળખ થાય પછી આપમેળે વૈરાગ્ય જાગે.


વૈરાગ્ય એટલે એવી સ્થિતિ કે જ્યાં મનને સ્થિર થવા માટે બધા જ સંજોગો સ્થાપિત થઈ ચૂક્યા હોય, ઇંદ્રિયોને વિષયો તરફના ખેંચાણ માટે કોઈ કારણ ન હોય, ચિત્તને વિચલિત કરી શકે તેવી કોઈ પણ પરિસ્થિતિ માટે કામના ન હોય, બુદ્ધિને ગેરમાર્ગે દોરી શકે તે પ્રકારની ગેરસમજ માટે સ્થાન ન હોય, વિકાર કે વિકૃતિ માટે આકર્ષણ ન હોય, અસત્ય કે અધર્મની અનુમતિ માટેનું કોઈ કારણ ન હોય અને માત્ર અંતિમ સત્યને, પરમ સત્યને પામવાની ઉત્કૃષ્ટ અભિલાષા જાગ્રત થવાના પૂરેપૂરા સંજોગો હોય. વૈરાગ્ય એ પ્રકારનું જળ છે જેનાથી જ્યારે શુદ્ધિ થાય ત્યારે કોઈ પણ પ્રકારની માનસિક કે આંતરિક વિશુદ્ધિ બાકી ન રહે.

જ્ઞાન જરૂરી છે અને વૈરાગ્ય જરૂરી છે. શુદ્ધતા માટેનાં આ બંને માધ્યમ દ્વારા જ્યારે શુદ્ધતા પ્રાપ્ત થાય ત્યારે ચિત્ત પરમ સત્ય અને પરમ આનંદની અનુભૂતિ કરી શકે. આ એ સ્થિતિ છે જ્યાં આત્માની પ્રતીતિ થઈ શકે. જ્ઞાનરૂપ માટી અને વૈરાગ્યરૂપ જળ વડે જે પવિત્રતા ધારણ કરવામાં આવે તે જ સાચી પવિત્રતા. આ પવિત્રતા પ્રાપ્ત થયા બાદ અહંકાર રૂપી પુત્ર, વિકારો રૂપી મિત્ર, ધન રૂપી બંધુ, મોહ રૂપી ઘર, વાસના રૂપી પાશ અને અજ્ઞાન રૂપી પત્નીથી મુક્ત થઈ શકાય. જ્યારે સંપૂર્ણ વૈરાગ્યની સ્થિતિ પ્રાપ્ત થાય, જ્યારે સંપૂર્ણ જ્ઞાન સમજમાં આવે ત્યારે આ સ્થિતિ આપમેળે સ્થાપિત થતી જણાય. જીવનનું આ અંતિમ ધ્યેય હોવું જોઈએ.

આ પહેલાનો પ્રવાસ કદાચ શરૂઆત મંત્રની સાધનાથી થાય, તે વખતે તીર્થસ્થાનમાં ફરવાથી અને સત્સંગ કરવાથી પણ ફાયદો થઈ શકે. આગળ જતાં વિચાર-પ્રક્રિયા તથા તેનું અનુસરણ શાસ્ત્રઆધારિત હોવું જોઈએ. તેનાથી પણ આગળ વિચારતાં એમ કહી શકાય કે અંતે તો તત્ત્વનો - આત્મતત્ત્વનો વિચાર સર્વોત્તમ છે. જ્યાં સુધી આત્માની ઓળખ ન થાય ત્યાં સુધી ચોર્યાસી લાખના જન્મના ચક્રમાંથી મુક્તિ ન મળી શકે, ભવના ફેરા ભાંગી ન શકે. આ આત્માની ઓળખ માટે મૈત્રેયી ઉપનિષદ પ્રમાણે જ્ઞાન અને વૈરાગ્ય સર્વથા યોગ્ય સાધન છે. ■

## વિશ્વમંગલ માટે શ્રીરામચરિતમાનસનો પાઠ કરજો








માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com

‘માનસ’માં લખ્યું છે કે ભગવાનની કથા સાંભળતાં-સાંભળતાં કોઈ તૃપ્ત થઈ જાય તો સમજવું કે એમણે રસ જાણ્યો જ નથી. આમાં તો અતૃપ્તિને જ તૃપ્તિ માનવી પડશે. આમાં પ્યાસ જ સંતુષ્ટિ છે. મહાદેવે કથાને વિરામ આપ્યો. હવે શરણાગતિના ઘાટ પર બેઠેલા બાબા ગોસ્વામીજી પોતાના મનને મુખ્ય શ્રોતા બનાવીને સંતગણોમાં કથા કહી રહ્યા હતા,ત્યાં કથાને વિરામ આપતાં તેઓ કહે છે-

एहिं कलिकाल न साधन दूजा ।
जोग जग्य जप तप ब्रत पूजा ।।
रामहि सुमिरिअ गाइअ रामहि ।
संतत सुनिअ राम गुन ग्रामहि ।।

તુલસી કહે છે,ભીષણ કલિકાલ છે,એમાં આપણા જેવા લોકો બીજાં કોઈ સાધન નથી કરી શકતાં. ત્રણ વસ્તુ કરીએ-રામને સાંભળીએ,રામને ગાઈએ અને રામને સ્મરીએ. જેમનું નામ પતિતપાવન છે,એમનું નામ પોકાર્યું એવા ક્યાં અધમાધમને વિશ્રામ નથી મળ્યો?

जाकि कृपा लवलेस ते मतिमंद तुलसीदासहूँ
पायो परम बिश्रामु राम समान प्रभु नाहीं कहूँ ।।

તુલસી કહે છે,મારા ઠાકુર કંજૂસ નથી. તેઓ પૂર્ણ કૃપા કરી શકતા હતા પરંતુ એમને ખ્યાલ હતો કે તુલસી બિચારો પચાવી નહીં શકે. એટલા માટે રજમાત્ર કૃપા થઈ તો જેવો મતિમંદ ‘પાયો પરમ બિશ્રામુ ।’

मेरी सल्तनत मेरा फन रहे ।
मुझे ताजौं-तख्त खुदा न दै ।।

મને પરમ વિશ્રામની સલ્તનત પ્રાપ્ત થઈ છે. મારા માટે રામ સમાન બીજું કોણ હોઈ શકે? આપણે સૌ કંબોડિયા દેશમાં,આ વિષ્ણુલોકમાં ભગવાન રામની કથાને નિમિત્તે એકઠાં થયા હતાં. અને આજે મારી વ્યાસપીઠ પરથી હું પણ કથાને વિરામ આપવા જઈ રહ્યો છું ત્યારે સમગ્ર આયોજનની પ્રસન્નતા વ્યક્ત કરું છું. એક નાની એવી બોધકથા સાથે આ નવદિવસીય કથાને વિરામ આપી દઉં.

એક જીર્ણ-શીર્ણ મંદિર હતું. બધા લોકોએ વિચાર્યું કે આ મંદિર ક્યારેક ને ક્યારેક પડશે તો અંદર પ્રાર્થના કરનારાઓને દબાવી દેશે. તો ટ્રસ્ટીઓની મિટિંગ થઈ અને ત્રણ પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યા. પ્રસ્તાવ પહેલો,જલદીથી જલદી આ મંદિર નવું બનાવવામાં આવે. સર્વાનુમતે ઠરાવ પાસ થયો. બીજો પ્રસ્તાવ આવ્યો કે આવું જ મંદિર બનાવવામાં આવે. ત્રીજો પ્રસ્તાવ આવ્યો કે આ બહુ જ પુરાણું મંદિર છે,એ જગ્યાએ જ મંદિર બનાવવામાં આવે પરંતુ એ મંદિર પાડવામાં ન આવે. મૂઢ લોકોએ પ્રસ્તાવ પાસ કર્યો ! બાપ,હું એટલું કહીને વિદાય લઈશ કે નવું સ્થાપિત કરવા માટે જૂનું પડવું પડશે. બીજું અન્યત્ર કરી શકીએ. પરંતુ એ જ જગ્યાએ તમારે નવું મંદિર બાંધવું હોય અને તમે પ્રસ્તાવ કરો કે આ જ જગ્યાએ અમે મંદિર બનાવીશું પરંતુ એને પાડીશું નહીં,તો એમાં મૂઢતા સિવાય બીજું કંઈ નથી ! આપણે આપણા દિલમાં નવસર્જન કરવું હોય; મનને સુમન બનાવવું હોય; બુદ્ધિની શુદ્ધિ કરવી હોય; ચિત્તને એકાગ્ર કરવું હોય અને અહંકારથી ક્રમશઃ દૂર જવું હોય તો એ જ બૂરાઈઓને રાખીને ત્યાં જ નવું બનાવી નહીં શકાય. ત્યાં બનાવવા માટે એ જ દિલમાં એક નવું સર્જન કરવું પડશે. અને એ સર્જન થશે રામનામથી. ‘ભજ ગોવિંદમ્, ભજ ગોવિંદમ્, ભજ ગોવિંદમ્, કેમ કે નામ લો તો રૂપની ચિંતા ન કરો,રૂપ આવશે. તુલસીએ કહ્યું છે, રૂપ નામને આધીન છે.

रुप ग्यान नहिं नाम बिहीना ।

અને જ્યાં રૂપ આવશે ત્યાં એની લીલા પણ આવશે કે એ શું કરે છે? પછી એ જાણવાની ઈચ્છા થશે,એ ક્યાં જન્મ્યો? ક્યાં રહે છે? એના ધામ તરફ પણ ગતિ થશે. કળિયુગમાં મૂળ યાત્રા થશે નામથી. અને મને સમજાતું નથી કે આટલું સરળ સાધન છોડીને લોકો આટલાં કઠિન-કઠિન સાધનોમાં શું કામ જાય છે? ક્યારેક-ક્યારેક મોટા શોપિંગ મોલમાં જે વસ્તુ મળે છે,એનાથી સારી વસ્તુ અને ઓછી કિંમતમાં રેંકડીમાં મળે છે ! હરિનામ લોને પ્યારે ! બધાં શાસ્ત્રોનો સાર છે પ્રભુનું નામ.

તો બાપ,આવો યજમાન પરિવાર સાથે આપણે સૌ મળીને આ નવદિવસીય રામકથા ભગવાન વિષ્ણુનાં ચરણોમાં સમર્પિત કરીએ. પરંતુ વિષ્ણુ,અમે સાંભળ્યું છે કે તારી પાસે તો બધું જ છે. તો તને કથા શું કામ આપું? પરંતુ હે ભગવન,આ નવદિવસીય કથા મારા યજમાન સાથે,મારા શ્રોતાઓ સાથે,મારા એકસો સિત્તેર દેશોમાં સાંભળનારા બધા શ્રોતાઓ સાથે હે વિષ્ણુ ભગવાન,તારા ચરણોમાં હું એટલા માટે અર્પિત કરું છું કે આ ભૂમિ પર કેટલાંક વર્ષો પહેલાં બહુ મોટો નરસંહાર થયેલો ! અને કહે છે કે કેટલાય લાખ લોકો માર્યા ગયેલા! જેમને મારવામાં આવ્યા છે ! તું તો પાલક છે, સંહારક નથી ! ચાલ,તું કદાચ પાલન કરવામાં ચૂકી ગયો તો અમે કથાનું ફળ તને આપીએ છીએ. એ બધાને સદ્ગતિ તો આપી દે ! બની શકે તો વિશ્વમંગલ માટે, પર્યાવરણ માટે,ભીતરી-બહિર પ્રદૂષણો દૂર કરવા માટે ‘માનસ’નો પાઠ કરજો.

(સંકલન : જયદેવ માંકડ)■

## વામન એટલે નાના કદનો બટુક

અલૌકિક દર્શન
ભાણદેવ
bhandev@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

૩. વિષ્ણુ અને વામન એટલે કોણ?

વિષ્ણુ એટલે પરમાત્મા અને વામન એટલે જીવાત્મા. પરમાત્મા પોતે જ માયાનો અંધારપછેડો ધારણ કરીને જીવાત્માનું સ્વરૂપ ધારણ કરે છે. વિષ્ણુ અને વામન દ્વારા પરમાત્મા અને જીવાત્માનું અદ્વૈત સૂચિત થાય છે. માત્ર માયાને કારણે જીવાત્મા વામનસ્વરૂપે જણાય છે. ‘ભાગવત’કાર આ ઘટના એક સાંકેતિક શબ્દ દ્વારા સૂચવે છે. વામનના સ્વરૂપનું વર્ણન કરતાં ‘ભાગવત’કાર કહે છે:

‘जटिलं वामनं विप्रं मायामाणवकं हरिम्।।’
- શ્રીમદ્ભાગવત: ૮-૧૮-૨૪

‘જટા ધારણ કરેલા, વામન, બ્રાહ્મણ બનેલા અને માયાથી બટુક સ્વરૂપ બનેલા હરિ...’

‘માયાથી બટુકસ્વરૂપ બનેલા હરિ...’ આ પ્રયોગથી સ્પષ્ટ સૂચિત થાય છે કે ભગવાન વિષ્ણુ માયાથી જીવાત્માનું સ્વરૂપ ધારણ કરે છે.

વામન એટલે વ્યક્તિગત આત્મા, અર્થાત્, પ્રત્યગાત્મા અને વિષ્ણુ એટલે વિશ્વાત્મા. બંને એક જ છે. માયાનો પડદો હટે એટલે જીવ પર પરબ્રહ્મસ્વરૂપે પ્રગટે છે.

૪. વામનનાં (વિરાટ બનીને) ત્રણ પગલાં એટલે શું?

વામન બલિરાજા પાસે ત્રણ પગલાં જમીન માગે છે. બલિરાજા સંકલ્પ કરે છે. સંકલ્પ પછી તરત ભગવાન વામન વિરાટ-સ્વરૂપ ધારણ કરે છે. વિરાટ બનીને પ્રથમ પગલા દ્વારા પૃથ્વીને માપી લે છે. દ્વિતીય પગલા દ્વારા સ્વર્ગને માપી લે છે. તૃતીય પગલા માટે જમીન ન મળવાથી ભગવાન વામન બલિરાજાને બાંધે છે અને આખરે બલિરાજા પોતાનું મસ્તક ધરે છે.

અહંકારે શરીર, પ્રાણ અને મન પર પોતાનું આધિપત્ય સ્થાપિત કરેલું છે. તેમને અહંકારના આધિપત્યથી મુક્ત કરીને પુનઃ આત્માના આધિપત્ય હેઠળ મૂકવાં તે અધ્યાત્મપથનું મહત્ત્વપૂર્ણ સોપાન છે. જીવાત્મા માયાથી બદ્ધ હોય છે ત્યાં સુધી શરીર - પ્રાણ - મન પર અહંકારનું આધિપત્ય રહે છે, પરંતુ જ્યારે જીવાત્મા માયાનો અંચળો છોડીને વિરાટ બને છે ત્યારે તે શરીર-પ્રાણ-મનને અહંકારના આધિપત્યમાંથી મુક્ત કરી ત્રિલોકી પર આત્માનું આધિપત્ય સિદ્ધ કરે છે.

વામન વિરાટ બનીને ત્રણ પગલાં ભરે છે તે ઘટનાનો આધ્યાત્મિક અર્થ એવો છે કે જીવાત્મા પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરીને શરીર - પ્રાણ - મનને અહંકારના આધિપત્યમાંથી મુક્ત કરે છે. શરીર - પ્રાણ - મનરૂપી ત્રિલોકી પર અહંકારના સ્થાને આત્માના આધિપત્યની સ્થાપના કરવી તે જ વામનનાં ત્રણ પગલાં છે, પરંતુ આ પગલાં વામનભગવાન વામન રહીને ન ભરી શકે, વિરાટ બનીને જ આ શક્ય બને છે. વામન વિરાટ બને છે, અર્થાત્ જીવાત્મા માયાનો અંચળો છોડીને મુક્ત બને છે અને અહંકારનું આધિપત્ય પૂરું થાય છે, બલિ કેદી બને છે.

ભગવાન વિષ્ણુનું એક નામ ત્રિવિક્રમ છે. તેનો અર્થ એમ છે કે જેમણે ત્રણ મહાન પરાક્રમ કર્યાં, અર્થાત્ ત્રણ મહાન પગલાં ભર્યાં તેવા વિષ્ણુ. ગુજરાતી ‘ત્રિકમ’ કે ‘ત્રિકમરાય’ શબ્દ આ ‘ત્રિવિક્રમ’નું જ રૂપાંતર છે.

‘વિષ્ણુસહસ્ત્રનામ’માં વિષ્ણુનું એક નામ ‘વામન’ પણ કહેલ છે, પણ પછી તરત બીજું નામ ‘પ્રાંશુ’ પણ કહેલ છે. વામન એટલે નાના કદનો બટુક. પ્રાંશુ એટલે મહાન કદાવળો - વિરાટ. વિષ્ણુને વામન અને પ્રાંશુ કહીને એમ સૂચવવામાં આવેલ છે કે જે વામન છે - જીવાત્મા છે તે જ પ્રાંશુ પણ બને છે - પરબ્રહ્મ પરમાત્મા પણ બને છે. વામન કહીને તરત પ્રાંશુ કહીને બંનેનું એકત્વ સૂચિત કરવામાં આવેલ છે.



ભગવાન વિષ્ણુનાં આ ત્રણ પગલાંનું વર્ણન ‘ઋગ્વેદ’માં અનેક સ્થળે જોવા મળે છે. બ્રાહ્મણગ્રંથોમાં પણ ભગવાન વિષ્ણુને ત્રણ મહાન પગલાં ભરનાર ગણીને તેમની સ્તુતિ કરવામાં આવે છે.

અહીં આપણે વિષ્ણુનાં ત્રણ પગલાંનું વર્ણન જેમાં છે તેવો એક નમૂનારૂપ મંત્ર જોઈએ:

‘त्रीणिं पदा वि चक्रमे विष्णुर्गोपा अदाभ्य:।।
अतो धर्माणि धारयन् ।।’
- ऋग्वेद : १-२२-१८

‘અવિનાશી અને રક્ષણકર્તા વિષ્ણુએ પોતાનાં ત્રણ પગલાં દ્વારા આ જગતને સર કરી લીધું અને તે રીતે તેઓ આ જગતમાં ધર્મના ધારણ કરનાર બન્યા છે.’

૫. બલિરાજાનું સુતલમાં જવું અને વામન - ભગવાનનું તેમના દરવાન બનવું એટલે શું?

બલિરાજા એટલે અહંકાર. શરીર - પ્રાણ - મન મળીને આપણી બહિરંગ ચેતના બને છે. આ ત્રિલોકીમાંથી અહંકાર વિસર્જિત થાય એટલે તે નિમ્ન ચેતનામાં ચાલ્યો જાય છે. આ નિમ્ન ચેતના તે જ સુતલ છે. બલિરાજા સુતલમાં ગયા એટલે અહંકાર નિમ્ન ચેતનામાં ચાલ્યો ગયો.

ભગવાન બલિરાજાને નષ્ટ કરતા નથી, તેને સુતલમાં જવા દે છે. અહંકાર સંપૂર્ણ નષ્ટ થતો નથી, કારણ કે અહંકાર સંપૂર્ણ નષ્ટ થાય તો શરીર - પ્રાણ - મન ટકી શકે નહીં, તેથી આત્માની આધીનતા સ્વીકારીને અહંકાર નિમ્ન ચેતનામાં રહે છે.

પરંતુ અહંકારનો ભરોસો શો? અહંકાર પુનઃ આક્રમણ કરી પુનઃ ત્રિલોકી પર રાજ્ય સ્થાપિત કરે તો? તેથી અહંકાર પર પાકી ચોકી મૂકવી જોઈએ. ભગવાન વામન બલિરાજા દરવાન બને છે તે ઘટના દ્વારા એમ સૂચવવામાં આવે છે કે અહંકાર પર પાકી ચોકી મૂકવામાં આવે છે. અહંકાર પર આત્માનું આધિપત્ય સિદ્ધ થયું છે અને પુનઃ તે પોતાનું આધિપત્ય સિદ્ધ ન કરે તે માટે તેના પર આત્માની પાકી ચોકી મૂકવામાં આવે છે.

અહંકારનો નાશ નહીં, પરંતુ તે આત્માના નિયંત્રણ હેઠળ રહે તે ઈષ્ટ છે તેમ આ ઘટના દ્વારા સૂચિત થાય છે. અહંકાર જો ભગવાનની શરણાગતિ સ્વીકારે તો તે બાધારૂપ બનતો નથી, પરંતુ એક નમ્ર કારણ બની રહે છે. ઠાકુર રામકૃષ્ણદેવ આવા અહંકારને ‘દાસ અહંકાર’ કહેતા. અહંકાર જો દાસ અહંકાર બનીને રહે તો તે બાધારૂપ બનતો નથી, તેથી આત્માના શરણાગત અહંકારને પોતાના સ્થાનમાં રહેવાની છૂટ આપવામાં આવે છે. પરંતુ તેનો ભરોસો શો આખરે તે એક અસુર છે, તેથી તેન પર પાકી ચોકી મુકાવી જોઈએ. અને તે પણ કાયમી ચોકી રાખવી જોઈએ. આ સત્યને સૂચિત કરવા માટે અહીં કથામાં કહ્યું છે કે ભગવાન બલિરાજાના કાયમી ધોરણે દરવાન બન્યા છે. આ તો કહેવાની એક ભાષા છે. ભગવાન અર્થાત્ પરમાત્માની અહંકાર પર કાયમી અને પાકી ચોકી મુકાઈ ગઈ છે તેવો તેનો અર્થ છે.

ઉપસંહાર:

વામનાવતારની આ કથાનો આવો આધ્યાત્મિક અર્થ છે, પરંતુ તેનો અર્થ એમ નહીં કે વામનાવતાર એ માત્ર કલ્પના છે. ભગવાન વિષ્ણુનો વામનાવતાર અને બલિરાજાને કેદી બનાવવા એ એક આધ્યાત્મિક ઘટના છે, તે જ રીતે એ એક ઐતિહાસિક ઘટના પણ છે જ. બંને એક સાથે સત્ય છે.

ઐતિહાસિક ઘટનામાં જરૂરી પરિવર્તન કરીને તેને આધ્યાત્મિક કથા બનાવવાની આપણી પૌરાણિક પદ્ધતિ છે. તે જ રીતે વામનાવતારની ઐતિહાસિક ઘટનામાં આવશ્યક પરિવર્તન કરીને તેને આધ્યાત્મિક સિદ્ધાંત અભિવ્યક્ત કરનાર એક સાંકેતિક કથાનું સ્વરૂપ આપવામાં આવેલ છે.

આ રીતે આ કથા ઈતિહાસના પાયા પર રચાયેલી એક અધ્યાત્મકથા છે.

### શિવતત્ત્વ રહસ્ય

ભારતીય સંસ્કૃતિ અધ્યાત્મકેન્દ્રી સંસ્કૃતિ છે. અધ્યાત્મ ભારતનો પ્રાણ છે. ભારતીય સંસ્કૃતિનું પ્રત્યેક તત્ત્વ અધ્યાત્મ દ્વારા અનુપ્રાણિત થયેલું છે. અહીં મંદિરથી પ્રારંભીને આયુર્વેદ સુધી સર્વત્ર અધ્યાત્મ છે જ. અધ્યાત્મ વિનાનું ભારત એકડા વિનાનાં મીંડાં જેવું છે, પરંતુ અધ્યાત્મસહિત ભારત પ્રશંસનીય, વંદનીય, અનુકરણીય અને આદરણીય છે.

ભારતીય અધ્યાત્મનાં અનેક ઉજ્જવળ પ્રકરણો છે. આ અનેક ઉજ્જવળ પ્રકરણોમાંનું એક ઉજ્જવળ પ્રકરણ છે શિવતત્ત્વ. શિવતત્ત્વ અને શિવની ઉપાસના ભારતમાતાના અધ્યાત્મ-મુકુટનું એક અણમોલ રત્ન છે. રહસ્યપૂર્ણ તત્ત્વોને સાંકેતિક રીતે અભિવ્યક્ત કરવાની ભારતીય પરંપરા છે અને સૂક્ષ્મ તત્ત્વોને સ્થૂળ પ્રતીકો દ્વારા જીવંત રાખવાની પણ આપણી પરંપરા છે.

શિવતત્ત્વ, શિવમંદિર, શિવસ્વરૂપ, શિવપરિવાર અને શિવોપાસના પણ આવી અનેક સાંકેતિક પ્રતીકયોજના દ્વારા ઢંકાયેલી છે. આ પ્રતીકયોજનાને ખુલ્લી કરવામાં આવે તો પ્રતીકોના ઢાંકણની પાછળ જે રહસ્યો છુપાયેલાં છે, તેમનાં ઝળાંઝળાં દર્શન થાય છે અને મસ્તક અહોભાવથી ઢળી પડે છે.

**શિવમંદિરનું રહસ્યદર્શન:**

**૧. શિવમંદિરમાં અષ્ટાંગયોગ:** શિવમંદિરમાં આઠ મૂર્તિઓ હોય છે:

(૧) કાપાલિક, (૨) ભૈરવ, (૩) નંદી, (૪) હનુમાનજી, (૫) કચ્છપ, (૬) ગણપતિ, (૭) પાર્વતી, (૮) શિવલિંગ.

અષ્ટાંગયોગ (રાજયોગ)માં આઠ અંગો છે:

(૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન, (૮) સમાધિ.

૧. પ્રાચીન પરંપરાના શિવમંદિરની બહાર કાપાલિકની મૂર્તિ હોય છે. કાપાલિકના હાથમાં તલવાર હોય છે.

કાપાલિક આ તલવાર દ્વારા શિવ-ઉપાસનામાં બાધારૂપ તત્ત્વોને અર્થાત્ માનવચિત્તની મર્યાદાઓને કાપી નાખે છે. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# ભજન વિણ ખાશો જમના સોટા



*સંસારમાં કોણ નાના કોણ મોટા,*
*ભજન વિણ ખાશો જમના સોટા...*
*આ રે કાયાને તમે એવી રે જાણજો, પાણી તણાં પરપોટા,*
*જીવવું થોડું ને જંજાળું સામટી, વેપારું કરવા ખોટા...*
*- ભજન વિણ ખાશો જમના સોટા...*
*અરે કાયાને જ્યારે લાગતા પાય તર્યે, નત્ય નહાતાને નત્ય ધોતા,*
*માથડે તેલ ફૂલેલ લગાડતા, સુંઘતા ગુલાબના ગોટા...*
*- ભજન વિણ ખાશો જમના સોટા...*
*સોનાની થાળીયે ભોજનિયાં જમતાં ને પીવા કંચનના લોટા,*
*છતરપતિ એવા ચાલ્યા ગયા જેના, જગમાં મળે નહીં જોટા...*
*- ભજન વિણ ખાશો જમના સોટા...*
*ખાતાં ને પીતાં ખૂબીયું કરતા, દૂધ સાકરને ચોખા,*
*કાળ અચાનક આવશે ત્યારે, થાશે તમને ધોખા...*
*- ભજન વિણ ખાશો જમના સોટા...*
*નરનારીને ફાલફૂલ બેસે પછી, સુખિયા થઈને સોતા,*
*ખોળામાં આપીને ખેચી લેશે પછે, રે'શો તમે તો રોતા...*
*- ભજન વિણ ખાશો જમના સોટા...*
*દેવદરશન તમે મેલી કરીને, ભાંડ ભવાયા જોતા,*
*નારીના લૂગડા નર પહેરતા, મૂરખના મનડા મોતાં ...*
*- ભજન વિણ ખાશો જમના સોટા...*
*આ રે નેણુંમાં નિંદ્રા ઘણેરી, સેજ પલંગમાં સોતા,*
*ભીમ પ્રતાપે જીવણ બોલ્યા, જાણે જનમ્યા જ નોતા...*
*- ભજન વિણ ખાશો જમના સોટા...*

આ પિંડ-આ કાયા તો પાણીના પરપોટા જેવી છે, ક્યારે ફૂટી જાય એની કોઈને ખબર હોતી નથી. થોડું જીવવું અને ઝાઝી જંજાળ લઈને આજનો માનવી દુ:ખી થતો રહે છે, એને ખબર નથી કે જે કાયાને સૌ વંદન કરતા હતા, નિત્ય ન્હાઈ-ધોઈને અત્તર ફૂલેલ લગાડતા હતા, ગુલાબના ફૂલગોટા સૂંઘતા હતા, સોનાની થાળીમાં બત્રીશ જાતનાં ભોજન જમતા અને કંચનના લોટાથી પાણી પીતા હતા, અને જેનો જગતમાં જોટો ન મળે એવા છત્રપતિઓ પણ આ જગતમાંથી ખાલી હાથે ચાલ્યા ગયા છે.

અચાનક કાળનું તેડું આવે ત્યારે બધું જ પડ્યું રહેવાનું છે માટે સેવા-સત્સંગ-સાધના કરી લેવી. પછી પાછળથી પસ્તાવાનો વારો ન આવે, ધોખો ન થાય એટલા માટે આપણા સંતોએ ભજનનો આશરો લેવાની શીખ વારંવાર આપી છે.

પતિ-પત્નીને ત્યાં સારા દિવસો દેખાય એટલે પોતે સુખી સુખી થઈ ગયા છે એમ માનીને સૂઈ રહે છે પણ ખોળામાં આપેલા સંતાનને ઈશ્વર ખેંચી લે પછી સૌ રોયા કરે છે. દુન્યવી મનોરંજન માટે મનુષ્ય સતત ઝંખતો રહે છે અને પોતે આ સંસારનો સૌથી વધુ ભાગ્યશાળી છે એમ માનીને ઈશ્વરના ભજન-કીર્તન, દેવદર્શન, દયા, કરૂણા, જીવમાત્ર પ્રત્યે પ્રેમ છોડીને સ્વાર્થમાં આંધળોભીત બનીને દોડદ્યા કરે છે. નારીનાં વસ્ત્રો ધારણ કરીને જ્યારે પુરૂષો નાચે અને ગાય છે ત્યારે મૂરખાઓ એના બનાવટી સૌંદર્ય પર મોહ પામીને એની પાછળ પોતાની સંપત્તિ અને આબરૂ ખોઈ નાખે છે.

છત્રી પલંગમાં- સુંવાળી સેજમાં સૂનારા પોતાની આંખોમાં છવાયેલા માયાના ઘેનને કારણે એવી ભ્રમણામાં રહે છે કે જાણે આ ધરતી પર પોતાનું કાયમી શાશ્વત સ્થાન અને માન રહેવાનું છે, આવા અહંકારને વશ થઈને જગતનો તિરસ્કાર કરતા રહે છે, પોતે અમરપટ્ટો લખાવીને નથી આવ્યા. આ તો ચાર દિવસની ચાંદની છે, ક્યારે અંધારી બિહામણી કાળી ડિબાંગ રાત્રી આવી જશે એનો વિચાર એને નથી આવતો.

આજે સર્વત્ર આવું જ જોવા મળે છે. આપણા સંતો-ભક્તોએ એટલે તો રાજા-મહારાજાઓ તરફથી સામેથી મળતા ગામ-ગરાસ-વૈભવનો સ્વીકાર નહોતો કર્યો. તેઓ જાણતા હતા કે એમના શિષ્યો કે વંશજોમાં અધ્યાત્મસાધના, તપ, ત્યાગ, સેવા, સત્સંગ, ભજન કે કરૂણા ઓછી થતી જશે, માયાના અહંકારમાં મૂળ પુરૂષના સંસ્કારો લુપ્ત થઈ જશે અને સત્તા અને સંપત્તિના મોહમાં અનેક અનાચારો શરૂ થઈ જશે. એટલે તો કેટલાક સંત-ભક્તોએ પરમાત્મા પાસે નખોદ માગ્યું હતું, નિર્વંશ રહેવાની યાચના કરેલી. તમામ ધર્મ-પંથ-સંપ્રદાયોમાં એક ઘટના વારંવાર નામફેરે કહેવાતી રહે છે કે એક શ્રીમંતે કરૂણાવશ થઈને એક નપાણિયા મુલકના ધોરી રસ્તા પર તરસ્યા મુસાફરોની તરસ છીપાવે એવી વાવ ગળાવી, એના ગુરુજી કે પરમાત્મા પોતે પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું ત્યારે એ ધનપતિએ પોતે નિર્વંશ રહે એવી માગણી કરી. કારણ કે એને ભય હતો કે ભવિષ્યમાં મારા દ્વારા ગળાવેલી આ વાવના કાંઠે બેસીને મારા વંશજો તરસ્યા વટેમાર્ગુઓની તરસ છીપાવતા પાણી માટે પણ એમ કહીને દોકડા માગશે- કે અમારા દાદાએ આ વાવ બંધાવી આપેલી માટે અમને એનું મૂલ્ય લેવાનો અધિકાર છે... એટલે તો જે સ્થાનકો અંધ-અશક્ત-અભ્યાગતનો આશરો હતો, સમાજથી તરછોડાયેલાં નિર્ધનો માટેનું આશ્રયસ્થાન હતાં તે આજે ફાઈવસ્ટાર હોટેલ બની ગયાં છે.

વારંવાર આપણા દેશી ભજનિકો-તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય, મૂએ ઢોરકે ચામસે, લોહા ભસમ હો જાય..' જેવી સાખીઓ ગાઈ ગાઈને સમસ્ત માનવજાતને ચેતવતા રહે છે, પણ સંસાર છોડીને સાધુ બનેલા કહેવાતા વિરક્તો પણ યુવાનીના તોર, અપાર સંપત્તિ અને સત્તાના અહંકારમાં અંધ બનીને આવા ઉપદેશાત્મક ભજનોની સાથે મનોરંજક-ઉત્તેજક સંગીત પીરસનારા કલાકારો ઉપર નાણાંનો વરસાદ વરસાવતા રહે છે. એને સંતવાણીના શબ્દો સાથે કોઈ જ નિસ્બત હોતી નથી, અધ્યાત્મ કે આત્મસાધના સાથે કોઈ જ નાતો હોતો નથી, જગતમાં ખોટી ખુશામત કરીને એકબીજાની વાહ વાહ કરનારી જમાતોના નાયક બનીને ફૂલાતા અને પોરસાતા રહે છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# ધર્મના રથની ધ્વજા એટલે સત્ય ને શીલ

વિશ્વના દરેક ધર્મમાં તેમનો પોતાનો એક ધ્વજ હોય છે. ધ્વજનો રંગ, આકાર અને તેમાં દર્શાવેલ ચિહ્નો પ્રત્યેક ધર્મની ઓળખ અને પ્રતિષ્ઠા પણ ગણાય છે. પહેલાના કાળમાં મહેલ હોય, મંદિર હોય, કે રથ હોય, દરેક ઉપર ધ્વજા ફરકતી. વ્યક્તિ, હોદ્દા કે ધર્મને અનુરૂપ દરેકની અલગ ઓળખાણ રૂપ ધ્વજા પણ અલગ રહેતી. આજે વિશ્વના પ્રત્યેક રાષ્ટ્ર પણ પોતાની અલગ ઓળખાણ અલગ અલગ ધ્વજ વડે પ્રગટ કરે છે.

તુલસીદાસજી રામ ચરિત માનસમાં ધર્મના રથનું વર્ણન કરે છે, તેમાં પણ ધર્મરથ પર ધ્વજા રૂપે બે મહત્ત્વની વાત ગણાવી છે. ગોસ્વામી તુલસીદાસજી કહે છે, 'સત્ય શીલ દ્રઢ ધ્વજા પતાકા.' સત્ય અને શીલ એ ધર્મની ધ્વજા છે એમ તુલસીદાસજી કહે છે.

આપણે શીલ શબ્દનો અર્થ બહુ સીમિત કરી નાખ્યો છે. શીલને આપણે વ્યક્તિ અને ખાસ કરીને સ્ત્રીના ચારિત્ર સાથે જોડી દીધું છે. શીલનો અર્થ મૂળ તો આચરણ સાથે છે. અહીં ગોસ્વામીજી કહે છે કે સત્ય અને સદાચરણ એ ધર્મની ધ્વજા છે. જે પરિસ્થિતિમાં શ્રી રામ આ વાત વિભીષણને કહે છે તે સાથે આ ધ્વજાની વાત કેટલી સહજતાથી બંધ બેસે છે. રામ-રાવણનું યુદ્ધ મૂળ તો દુરાચાર અને સદાચારનું જ યુદ્ધ છે ને?! રામ એટલે સ્વયં સત્ય જ છે. સત્ય અને સદાચાર બંને રામના પક્ષે છે, એટલે ધર્મ પણ તેમના પક્ષે છે તે અવશ્યમેવ વાત છે.

તુલસીદાસજી કેવી ધ્વજા કહે છે? દ્રઢ ધ્વજા. ધર્મમાં દ્રઢતા એ બહુ મહત્ત્વનું પરિબળ છે. સાધુ-સંન્યાસી હોય, કે ભક્ત હોય જો દઢતા ન હોય તો ધર્મના માર્ગમાં આગળ વધવાની રાહમાં નોએન્ટ્રીનું બોર્ડ લાગી જાય. આપણા શાસ્ત્રોમાં તો ધર્મમાં દ્રઢતાનાં અનેક ઉદાહરણો જોવા મળે છે. ભક્ત ધ્રુવની અવિચળ શ્રદ્ધા હોય કે ભક્ત પ્રહ્લાદની દ્રઢ ભક્તિ, તેને કોણ નથી જાણતું? શબરીની દ્રઢ આશા કે રામ આવશે, કેવી ચમત્કારિક હતી! સફળતા કોઈપણ ક્ષેત્રમાં ઈચ્છીત હોય એ દ્રઢતા વિના અશક્ય છે, પછી એ ધર્મનું ક્ષેત્ર હોય કે સંસારનું. લક્ષ્યને સાતત્યથી વળગી રહેવું દઢતા વિના અશક્ય છે. દ્રઢતા વિના ચંદ્ર સુધી પહોંચવું પણ ક્યાં શક્ય થયું હોત ખરું? દ્રઢતા વિના



એવરેસ્ટની ટોચ પર પહોંચવું પણ શક્ય બન્યું હોત ખરું?

સત્ય અને શીલ બંને સૂર્ય અને ચંદ્ર સમાન છે. સત્ય સૂર્ય જેવું તેજસ્વી તો છે જ, સાથે આકરું પણ હોય જ છે. જ્યારે સદાચરણ ચન્દ્ર જેવું શીતળ હોય છે. આચરનારના આત્માને પણ શાંતિ અને શીતળતા બક્ષે છે અને જેની તરફ કરાયું હોય તેને પણ સુખની અનુભૂતિ કરાવે છે. બંનેનું પાલન કરવું કોઈ આકરું તપ કરવા સમાન છે. અંગત સ્વાર્થને બાજુએ મૂકીને સતત સત્ય હોય એ જ બોલવું અને સાચું હોય એ જ કરવું હંમેશાં શક્ય હોય છે? આ પ્રશ્ન સ્વયંને કરીએ એટલે સમજાય કે લોઢાના ચણા કદાચ ચાવી શકાય પણ સત્યનું અવિરત આચરણ કેટલું અશક્યવત છે. આપણું સત્ય નરો વા કુંજરો વા જેવું હોય છે. જો સાક્ષાત ધર્મરાજ કહેવાતા યુધિષ્ઠિરે એક વાર માત્ર આ એક વાક્યમાં કહ્યું એમાં તેનો ધર્મરથ ધરતી પર આવી ગયો હોય, તો મારી અને તમારી તો શું વિસાત છે? આપણે તો ડગલે ને પગલે અસત્યનો સહારો લઈએ છીએ. આપણો ધર્મરથ તો કદાચ પાતાળલોકમાં પહોંચી જાય! તેવું જ આચરણનું પણ છે. તમારી સાથે સતત દુર્વ્યવહાર કરનાર, સતત દુર્વચન કહેનાર સાથે તમે સાફ મનથી હંમેશા સારું આચરણ કરી શકો ખરા? આપણે તો એ લોકો છીએ કે જો કોઈએ એક સંભળાવી હોય તો સો સંભળાવવા તત્પર થઈએ. સદાચારની પરાકાષ્ઠાનું ઉત્તમ દ્રષ્ટાંત કોઈ હોય તો એ છે સ્વામી દયાનંદ સરસ્વતી. પોતાને ઝેર આપનારને પણ સુરક્ષિત ભગાડી મુક્યો.


દ્રઢતા સત્યમાં પણ જોઈએ અને શીલમાં પણ. સત્યમાં દ્રઢ રહેવું, અવિચળ રહેવું આજના કાળમાં અત્યંત દુર્લભ છે. પહેલી વાત તો એ કે આજે લોકોને સત્ય બોલવું નથી ગમતું, જે માફક આવે એ જ સત્ય બોલવું ગમે છે. જો પોતાના સ્વાર્થને અનુકૂળ આવતું હોય તો અસત્યને પણ સત્યમાં ખપાવી દેતા અચકાતો નથી. આવા સંજોગોમાં દ્રઢતા તો ક્યાંથી આવે? સ્વાર્થ, લોભ કે લાલચના કારણે જેનો સૌથી પહેલો ભોગ લેવાતો હોય તો એ સત્યનો જ છે. જે સાચું છે એ કરવું, કે જે સત્ય છે એ બોલવું એ સિદ્ધાંત આજે નથી ચાલતો. જે ફાયદો કરાવે એ કરવું અને એવું જ બોલવું, તે સિદ્ધાંત પર દુનિયા ચાલે છે. જ્યારે સત્યનો ભોગ લેવાઈ ગયો હોય, ત્યાં શીલ એટલે કે સદાચરણ તો ક્યાંથી ટકે?! દુર્યોધન બુદ્ધિ કે બળમાં કુરુવંશના કોઈપણ વીર પુરુષથી ઉતરતો નહોતો. પણ ઈર્ષા અને સત્તા લાલસાથી ભરેલું તેનું આચરણ જ ખોટું હતું, માટે ધર્મ તેના પક્ષે ન રહ્યો. દુરાચાર એ આસુરી વૃત્તિ છે. રાવણ પણ મહાત્મા જ હતો, પરંતુ સીતાહરણ કરીને આચરણ બગાડ્યું, પરિણામે સમૂળ પતન થયું. ધર્મની આ ધ્વજાને ગંગાસતીના શબ્દોમાં સમજાવવી હોય તો બે લીટીમાં કહી શકાય,

*મેરુ તો ડગે પણ જેનાં મન ના ડગે રે પાનબાઈ, મરને ભાંગી પડે રે બ્રહ્માંડ રે;*
*વિપદ પડે તોય વણસે નહીં રે પાનબાઇ, સોઈ હરિજનનાં પરમાણ રે* ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# શેનો ભય છે?



**પુરુષોત્તમ** યોગ પછી ભગવાન કૃષ્ણ હવે સોળમા અધ્યાયનો આરંભ કરે છે. આ અધ્યાયનો આરંભ જ અભયમ કહીને ભગવાન આપણને નિર્ભયતાનો વરદાન આપી રહ્યા છે, તે સમજીએ.

સંસારનું બીજું નામ છે મૃત્યુલોક. સૌ કોઈ આ વાત જાણે છે કે જે જન્મ ધારણ કરે છે, તે એક દિવસ મૃત્યુ પ્રાપ્ત કરે જ છે. હા, આ સંસારનો આ જ અટલ નિયમ છે. આમ તો મૃત્યુ શબ્દ જ આપણાં મનમાં ભય ઉત્પન્ન કરે છે તો વાસ્તવિક મૃત્યુની શું વાત કરવી! આ લોકમાં સૌનાં દુ:ખ, તણાવ, સમસ્યા ભલે અનેક પ્રકારના હોય પરંતુ સર્વ પ્રકારનાં ભયમાં સૌથી મોટો ભય એ 'મૃત્યુભય.'

મહાભારતમાં યક્ષના પ્રશ્નમાં યુધિષ્ઠિર 'સૌથી મોટું આશ્ચર્ય' આ જણાવે છે કે 'પ્રતિદિન આ જગતના લોકો જન્મ-મરણના ચક્રને નિહાળે છે તથાપિ જાણે પોતે અમર રહી અહિંયા જ સદા સ્થાયી થશે એ જ મોટું આશ્ચર્ય છે.' પરંતુ આ જ ભયનું કારણ બને છે એ કેવું મોટું આશ્ચર્ય ?

એકદા ભાડાના મકાનમાં બે ભાઈઓને માલિકે અમુક કારણસર કાઢી મુક્યા. બન્ને પાડોશી પણ હતા. આથી એકભાઈએ રોદણા શરૂ કર્યા જ્યારે બીજા ભાઈએ હસતાં મુખે નિર્ણય સ્વીકારી બીજે પ્રયાણ કરવા માંડ્યુ. આ બધું જ ત્યાંના રહેવાસીઓએ જોયું ને પૂછ્યું ત્યારે હસતાં ભાઈએ કહ્યું 'મેં ઘણાં સમયથી બીજે જવાની તૈયારી કરી રાખી હતી કેમ કે આ તો ભાડાનું જ હતું એટલે એક દિવસ છોડવાનું પણ નક્કી જ હતું.'

યથાર્થ જ્ઞાનની કૂંચી જ ભયના ખંભાતી તાળાનો એકમાત્ર જવાબ છે, જે આપણને નિર્ભય બનાવી દે છે. મૂળ અક્ષરમૂર્તિ શ્રીગુણાતીતાનંદસ્વામી પોતાની વાતમાં જણાવે છે કે, 'જ્ઞાન વિના તો કાંઈ પદાર્થ નાશ પામે અથવા સંબંધી મરી જાય તો પણ ગાંડુ થવાય. માટે જ્ઞાન શીખવું, તો દુ:ખ ન આવે.'

આ જ્ઞાન જ સાચી નિર્ભયતા આપી શકે છે. આ એવો ગુણ છે જે વ્યક્તિને ડર, શંકા, અથવા સંકટોની સ્થિતિમાં પણ સ્થિર રહેવા અને પોતાનો આત્મવિશ્વાસ જાળવવાની ક્ષમતા આપે છે. સાચી નિર્ભયતા વ્યક્તિને મુશ્કેલીના સમયમાં પણ નવ જીવનને આગળ ધપાવવાની પ્રેરણા આપે છે.

આ નિર્ભયતા એ દૈવી સંપત્તિ છે. શ્રીમદ્ભગવદ્ગીતાના ૧૬મા અધ્યાયનું નામ છે 'દૈવ આસુર સંપદ્ વિભાગ યોગ.' જ્યાં પહેલા શ્લોકનો પહેલો જ શબ્દ છે 'અભયમ્' ક્ષ્ર ભગવાન સ્વામિનારાયણે તેથી જ 'અભય' થવાં વચનામૃત મધ્ય ૩૩માં કહ્યું છે કે 'અખંડ એવું મનન કરવું જેમ 'હું આત્મા છું, દેહ નથી.' જેમ રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો જૂની યજ્ઞોપવીતનો ત્યાગ કરી નવી યજ્ઞોપવીત ગ્રહે ત્યારે પ્રસન્ન હોય છે તેમ આ દેહ પણ આપણે ધારણ કર્યો છે, હવે એનો ત્યાગ કરવાનો છે તો એમાં ભય શાનો ?

અને તેને જ વધુ સ્પષ્ટ કરતાં ભગવાને વચનામૃત શાસ્ત્રમાં સૂચવ્યું છે કે 'મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે, માટે ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે માટે અંતકાળે તો ભગવાનનો દઢ આશરો હોય તે જ કામમાં આવે છે.' તો 'ઉપાસના' એટલે શું ? એ વાતને 'આધુનિક યુગની ભગવદ્ગીતા' તરીકે દરજ્જો પામેલા ગ્રન્થ 'સત્સંગદીક્ષા'માં કહેવાયું છે કે શાસ્ત્રોક્ત સાધુતાનાં લક્ષણવાળા ગુરુનો સંગ એ જ ઉપાસના. જેથી 'મહાભય મૃત્યુ' થકી પણ અભયતા મળે છે તો અન્ય ભયની શી વિસાત ?

વિશ્વવન્દનીય વિભૂતિ પરમપૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એકવાર વિદેશ જતા હતા ત્યારે અમુક ભક્તો-ભાવિકોએ કહ્યું 'બાપા ! પ્લેનમાં જવાનું માંડી વાળી આપણે અન્ય ઉપાય કરીએ. કારણકે આતંકવાદીઓએ હુમલો કરવાની ધમકી આપી છે.' અને આથી ઘણા યાત્રિકોએ પણ જવાનું અવશ્ય માંડી વાળ્યું હશે પરંતુ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું કે 'તમને આતંકવાદી પર વિશ્વાસ છે. શું ભગવાન પર નથી? ભગવાન આપણી રક્ષામાં જ છે.' અને તેઓએ તે પ્લેન દ્વારા જ વિદેશ પ્રસ્થાન કર્યું ત્યારે સૌને 'સાક્ષાત નિર્ભયતા'નાં દર્શન થયાં.

રાજસ કે તામસ કર્મો કરનારને મોત માટે ભય હોય છે. સાત્ત્વિક જનોને મોતથી કદાચ ભય નથી હોતો પરંતુ 'પછીથી શું ?' એ વિષય પર કલ્યાણનો વિશ્વાસ નથી હોતો ને 'શંકા રહે છે.' જ્યારે જેણે ખરેખર 'ગુણાતીત ગુરુ'નો પ્રસંગ કર્યો હોય તે 'નિર્ભય' બની જાય છે. કારણકે ગુણાતીત પુરુષ જ એક નિર્ભય હોય છે જે બીજાને નિર્ભય કરી શકે.

તો ચાલો, ગુરુનું શરણું સ્વીકારીને નિર્ભયતાના પથને અપનાવીએ. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

## બચ્ચે મેં હૈ ભગવાન, બચ્ચા હૈ મહાન

# ઈશ્વરે ઈન્સાન જાત પરથી હજુ વિશ્વાસ ગુમાવ્યો નથી

'ધર્મતેજ' પૂર્તિમાં છપાતા લેખોને રસપૂર્વક વાંચતા વ્હાલા શ્રદ્ધાળુ વાચક મિત્રોને ધોમધકતા તાપમાંથી મીઠી વીરડી જેવો એક પ્રસંગ અત્રે પ્રેરણા પ્રદાન કરનારો ભલાઈ- પૂણ્યનાં કાર્યો કરવા ઉત્સાહમાં વધારનારો કરનાર બની રહેવા પામશેઃ

-દેશના એક નાનકડા ગામમાં દુષ્કાળ ચાલી રહ્યો હતો. પીવા પૂરતું પાણી માંડ માંડ મળે તેવી સ્થિતિ નિર્માણ પામી હતી. જો આમને આમ આ સ્થિતિ ચાલતી રહે તો વાવેલું અનાજ નાશ પામે તેવું હતુંઃ આથી પાણીનો બગાડ કોઈ ન કરે તેવી સૂચના દરેક ગામજનોને અપાઈ હતી.

-એવો કપરા દુષ્કાળની એક અત્યંત ગરમ બપોરે એક મહિલા પોતાના રસોડામાં કામ કરી રહી હતી. અચાનક એનું ધ્યાન બહાર ગયું. એણે જોયું તો એનો છ વર્ષનો દીકરો ઘરની પાછળ આવેલી ઝાડીઓ તરફ જઈ રહ્યો હતો. આવા ધોમધકતા તાપમાં એ ખૂબ ધીમેધીમે ચાલતો હતો. કાળજી પૂર્વક ડગલાં માંડતો એ પેલી ઝાડીઓમાં ઘૂસી ગયો.

- બેચાર ક્ષણોમાં જ એ દોડતો પાછો આવ્યો

- માતા ફરીથી પોતાના કામે વળગી. એને થયું કે બાળકને એ ઝાડીમાં જે કંઈ કામ હશે એ પૂરું થઈ ગયું હશે.

થોડીવાર પછી ફરી વખત એનું ધ્યાન ગયું કે એનો દીકરો પાછો એકવાર એવાં જ ધીમા અને કાળજીપૂર્વકનાં ડગલાં માંડતો પેલી ઝાડી તરફ જઈ રહ્યો છે. એ ખૂબજ ધીમે ધીમે જતો હતો. એને જોતાં એવું લાગતું હતું કે જાણે કોઈ ચીજ ખૂબ જાળવીને તે લઈ જઈ રહ્યો હોય. પરંતુ પાછા ફરતી વખતે એ દોડતો દોડતો આવતો હતો. વધારે બે થી ત્રણ વખત આવું ચાલ્યું એટલે પેલી મહિલાથી રહેવાયું નહીં બાળક ક્યારનો આ પ્રમાણે કરી રહ્યો છે એ એને ખબર ન પડે તેમ જોવાનું એણે નક્કી કર્યું.

ફરી એકવાર એનો દીકરો રસોડાની બાજુમાંથી પાછળની ઝાડી તરફ જવા માટે નીકળ્યો ત્યારે માતાએ ચૂપચાપ એની પાછળ જવાનું શરૂ કર્યું.



- એણે જોયું તો બાળક એના નાનકડા ખોબામાં સમાય તેટલું પાણી લઈને હળવે હળવે ચાલી રહ્યો હતો. પાણીના એક એક ટીપાંને મૂલ્યવાન સમજી ઢોળાઈ નહીં તેની કાળજી સાથે એ ચાલતો હતો. એ ઝાડીમાં ઘૂસ્યો. માતા પણ પાછળ ગઈ.

માતાએ જોયું તો મોટા શિંગડાવાળાં લગભગ દસેક હરણોનું ટોળું ત્યાં ઊભું હતું. એને બીક લાગી કે આટલા મોટા હરણ એના દીકરાને ક્યાંક મારી ન દે! પરંતુ એના આશ્ચર્ય વચ્ચે એ હરણના ટોળાએ બાળકને કંઈન કર્યુંઃ બાળક નીચે બેસી ગયો. હવે છેક માતાનું ધ્યાન ગયું, કે જમીન પર હરણનું એક નાનું બચ્ચું હાંફતું પડ્યું હતું. કદાચ ખૂબ આકરા તડકાને કારણે એને લૂ લાગી ગઈ હતી. પાણીના અભાવે એ મરણતોલ થઈ ગયું હતું. જેવું આ બાળક નીચે બેઠું કે તરત જ એ હરણના બચ્ચાંએ મોઢું ઊંચું કર્યુંઃ એક બુંદ-ટીપું પણ ન ઢોળાય એવી કાળજીથી બાળકે પોતાના ખોબામાં રહેલું પાણી એ હરણબાળના મોંમા રેડી દીધું. પછી ઘર તરફ પાછો ભાગ્યો. હજુ એને સંતાયેલી માતાની હાજરીનો ખ્યાલ ન હોતો આવ્યો. માતા ચૂપચાપ એની પાછળ આવી. એણે જોયું તો ઘરની પાછળ પાણીનો સંગ્રહ કરવા માટેની કોઠીના નળમાંથી ટપકતું પાણી ટીપેટીપે એ બાળક પોતાની હથેળીમાં ઝીલતો હતો. પંદરેક મિનિટે એની નાનકડી હથેળી ભરાઈ ગઈ. ઝાડી તરફ જવા માટે જેવો એ પાછળ ફર્યો કે એજ સમયે માતા સામે આવીને ઊભી રહી ગઈ. પાણીનું ટીપું પણ ન બગાડવાની કડક સૂચના એ બાળકને બરાબર યાદ હતી. એ ધ્રૂજી ગયો. એની આંખમાં અપરાધભાવ અને સાથેસાથે ઝળઝળિયાં આવી ગયા. માંડમાંડ એ એટલું જ બોલી શક્યો કે, 'મા! હું આ પાણી વેડફતો નથી, પણ...'

'મને બધી ખબર છે. મારા વહાલા દીકરા! માતાએ તેને આગળ બોલવા ન દીધો. રસોડામાંથી પાણીનો મોટો જગ લઈ આવી, એણે બાળકના હાથમાં પકડાવ્યો. બંને પેલી ઝાડી પાસે ગયા. માતા દૂર સંતાઈને ઊભી રહી. બાળકે જગમાંથી એ હરણબાળને પાણી પીવડાવ્યું. પૂરતું પાણી મળતાં જ હરણનું બચ્ચું કૂદકો મારીને ઊભું થઈ ગયું. પછી વહાલથી બાળકના હાથ ચાટીને જતું રહ્યું.

- દૂર સંતાઈને આ બધું જોઈ રહેલી માતાની આંખમાંથી અશ્રુનાં ટીપાં પડવા લાગ્યાં અને બરાબર એ જ વખતે આકાશમાં પણ વરસાદનાં મોટાં મોટાં ટીપાં વરસવા લાગ્યાં અને થોડીવાર પછી ધોધમાર...!

એ માતા લખે છે કે 'કોઈ કદાચ આ ઘટનાને યોગાનુંયોગ કહેશે! એ વખતે વરસાદ પડવાનો જ હશે એમ કોઈક કહેશે! એ બધા માટે મારી પાસે કોઈજ દલીલ નથી પણ હું તો એટલું જ કહીશ કે એ દિવસે મેં એકસાથે બે ચમત્કાર જોયા. મારા દીકરાના પ્રયત્નોએ તરસ્યા હરણબાળને બચાવ્યું અને એના બદલામાં ઈશ્વરે-કુદરતે અમારા પૂરા પંથકને બચાવી લીધો.

આ સત્ય ઘટનાને તમે શું કહેશો? ઈમાનદારીથી વિચારો. કુદરતે હજુ માનવજાત પરથી પોતાનો વિશ્વાસ ગુમાવ્યો નથી. જો તે રૂઠી તો ન જીવી શકાશે ન મરી શકાશે. ચેતો, જાગો, આત્મમંથન કરો. સમય હાથની રેતી છે. સરકી જતાં દેર નહીં લાગે. બની રહેલ ઘટનાઓથી દીવા જેવું ચોખ્ખું-સ્પષ્ટ થાય છે કે માનવતા હજુ જીવંત છે.

- ઈશ્વર- અલ્લાહ નાના- માસૂમ બાળકમાં પણ વસે છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# ત્યાગ પણ નહીં, ગ્રહણ પણ નહીં



**અષ્ટાવક્ર** ગીતામાં કહેવાયું છે કે 'મહા દધિરિવાહં સ પ્રપંચો વીચિ સન્નિભઃ, ઈતિ જ્ઞાનં તથૈતસ્ય ન ત્યાગો ન ગ્રહો લયઃ' અર્થાત્ 'હું સમુદ્ર સમાન છું અને સંસાર મોજાં જેવો છે. તેથી તેનો ત્યાગ પણ ન કરવો જોઈએ અને તેને ગ્રહણ પણ ન કરવો જોઈએ. આ જ્ઞાન છે એટલે કે આ પ્રકારની સમજને જ્ઞાન કહેવાય છે' સનાતની શાસ્ત્રનું આ એક અનોખું વિધાન છે. મનુષ્ય જાતને સનાતનની સંસ્કૃતિ તરફથી આ એક મહત્ત્વની ભેટ છે.

ગીતામાં પણ કહેવાયું છે કે જે બુદ્ધિ પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કર્તવ્ય અને અકર્તવ્ય, ભય અને અભય, બંધન અને મોક્ષ વચ્ચેનાં ભેદને યથાર્થપણે જાણે છે તે બુદ્ધિ સાત્ત્વિક છે. આ પ્રકારની બુદ્ધિથી ધર્મ અને અધર્મનો ભેદ પણ સરળતાથી સમજી શકાય. સાત્ત્વિક બુદ્ધિથી જ આધ્યાત્મિકતાના માર્ગે આગળ વધી શકાય. પ્રવૃત્તિ કે નિવૃત્તિ, બેમાંથી એક પ્રત્યે પણ લગાવ ન હોવો જોઈએ, જ્યારે પ્રવૃત્તિ જરૂરી હોય ત્યારે તે પ્રમાણે કાર્યરત થવાનું અને જ્યારે નિવૃત્તિની આવશ્યકતા હોય ત્યારે જાતને જે તે કાર્યની આવશ્યકતામાંથી મુક્ત કરી દેવાની. કર્તવ્ય કર્મ અને અકર્તવ્ય કર્મ પણ ધર્મને આધારિત નિર્ધારિત થવું જોઈએ. જ્યારે ભય અને અભય, બંને પરિસ્થિતિમાં સ્થિર માનસિકતા જળવાઈ રહે ત્યારે બુદ્ધિનો યથાર્થ ઉપયોગ થઈ શકે. મોક્ષ અને બંધન વચ્ચેનો ભેદ પણ નિત્ય અને અનિત્યના ભેદ સમાન સમજાવો જોઈએ, પરંતુ તે સ્થિતિને પ્રાપ્ત થયાં પછી પ્રત્યેક પ્રકારનાં દ્વન્દ્વથી અસ્તિત્વને અલગ કરી દેવું જોઈએ.

દરેક પ્રકારના દ્વંદ્વથી અલિપ્ત રહેવાની આ વાત છે. દ્વંદ્વ એટલે જ સૃષ્ટિના ઐક્યથી વિપરીત ધારણા. દ્વંદ્વ એટલે દરેક બાબતને ખંડિત અને વિભાજિત જોવાની દૃષ્ટિ. દ્વંદ્વ એટલે સવિકલ્પતા ભરેલી પરિસ્થિતિ. દ્વંદ્વ એટલે પસંદગી કરવા માટેની ઊભી થતી તક. દ્વંદ્વ એટલે પ્રેય અને શ્રેય વચ્ચેની પસંદગી માટેનાં સંજોગો. દ્વંદ્વ એટલે ધર્મ કે અધર્મ, સત્ય કે અસત્ય, નૈતિક કે અનૈતિક, સાત્ત્વિક કે રાજસી કે તામસી, શીત કે ઉષ્ણ, અર્થ કે અનર્થ, હું કે તું, જીત કે હાર, બંધન કે મોક્ષ જેવી વિરોધી જણાતી બાબતોમાંથી એક માટેનો લગાવ. આ લગાવ જ આગળ જતાં બંધનનું કારણ બની શકે. જેમ જીવન માટે લગાવ ન હોવો જોઈએ તેમ મોક્ષ માટે પણ ન હોવો જોઈએ. સારી જણાતી બાબત સાથેનો લગાવ પણ અંતે તો બંધનકારક જ નીવડે.

અષ્ટાવક્ર ગીતામાં આ વાત સરસ રીતે સમજાવવામાં આવી છે. વ્યક્તિ સમુદ્ર સમાન છે અને સંસાર મોજાં સમાન છે. સમુદ્રમાં લહેર ઊઠે અને પાછી બેસી જાય. સમુદ્રમાં મોજાં ઉછાળા મારે અને પછી શાંત પડી જાય. સમુદ્રમાં ભરતી આવે તો પછી ઓટ પણ આવે. સમુદ્ર ગાંડો બને અને શાંત પણ થઈ જાય. સમુદ્ર ઘૂઘવાટા મારે તો ક્યારેક પરમ નિઃશબ્દતાનો અહેસાસ પણ કરાવે. આમાંની કોઈપણ ઘટના શાશ્વત નથી, આવે અને જતી રહે. જો કોઈ બાબત શાશ્વત હોય તો તે સમુદ્ર છે. સમુદ્ર છે એટલે મોજાં પણ છે અને લહેર પણ છે. સમુદ્ર છે એટલે ઝંઝાવાત પણ છે અને શીતળતા પણ છે. સમજવાની વાત એ છે કે ઝંઝાવાત સમુદ્ર નથી અને શીતળતા પણ સમુદ્ર નથી.

સમુદ્રમાં ઊઠતી દરેક બાબતો દ્વંદ્વ ઊભાં કરી શકે. સમુદ્રને ઓળખવાનો છે આ દ્વંદ્વને નહીં. સમુદ્રને પામવાનો છે તેમાં ઊઠતાં વિકારોને નહીં. સમુદ્રને સમજવાનો છે એમાં ઉદભવતી વિવિધ પરિસ્થિતિને નહીં. અસ્તિત્વની ભાષામાં સમુદ્ર અમર્યાદિત છે, તેમાં આકાર લેતી પ્રત્યેક ઘટના મર્યાદિત અને અનિત્ય હોય છે. અહીં સમુદ્ર એ જીવનનું રૂપક છે અને સમુદ્રમાં આકાર લેતી પ્રત્યેક ઘટના જીવનમાં ઉદ્ભવતા જુદાં જુદાં પ્રકારના દ્વંદ્વ સમાન છે. ઘટનાથી દૂર રહેવું અને ઘટનાના આધારને સમજી તેને પામવાનો પ્રયત્ન કરવાનો, જે કંઈ ઘટના અસ્તિત્વમાં આવે તેનો સાક્ષીભાવે નિકાલ કરી આગળ વધી જવાનું. તે ઘટનામાં સંમિલિત પણ નહીં થવાનું અને તેનાથી અળગા પણ નહીં થવાનું. તેનો ત્યાગ પણ યોગ્ય નથી અને તેનું ગ્રહણ પણ યોગ્ય નથી.

એક રીતે જોતાં દ્વંદ્વ એટલે વેદાંતના અદ્વૈતવાદની અસ્વીકૃતિ. દ્વંદ્વની સ્વીકૃતિને કારણે બધી જ વસ્તુઓ જુદી જુદી પ્રતીત થાય. દ્વંદ્વ યુક્ત અભિગમને કારણે જુદાં જુદાં પ્રકારનાં પ્રતિભાવ આપવા ઇન્દ્રિયોના માધ્યમથી મન પ્રેરાય. દ્વંદ્વને કારણે મન માટે સ્થિર થવું મુશ્કેલ બની રહે. દ્વંદ્વ ગણાતી પરિસ્થિતિની હાજરીમાં નિર્ણય સવિકલ્પ બને. એમ કહેવાય છે કે મુક્તિ માટે નિર્વિકલ્પ સ્થિતિની આવશ્યકતા હોય છે.

એક અન્ય દ્રષ્ટિકોણથી જોતાં સમજાશે કે કશે જીત નથી કે કશે હાર નથી આ તો માત્ર સમયના સંદર્ભમાં લેવાતો નિર્ણય છે. આજે જે હાર જણાય છે તે કાલે જીત સમાન પણ લાગે અને આજે જીત માટે જે ઉજવણી કરાય તે માટે કાલે પસ્તાવો પણ થાય. આવું દરેક પ્રકારના દ્વંદ્વ માટે કહી શકાય. આજે જ્યાં પ્રવૃત્તિની ઈચ્છા છે ત્યાં કાલે નિવૃત્તિ માટેની માંગ ઊઠે.

દ્વંદ્વના આધારે આજે જે બાબત સુખ જનક જણાય છે તે કાલે અપાર દુઃખ પણ આપે. દ્વંદ્વને લગતી કોઈપણ બાબત કાયમ માટે જેમની તેમ પ્રતીત ન થઈ શકે. તેનાંથી દૂર રહેવામાં જ શાણપણ છે. આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં દ્વંદ્વ એ ખલેલરૂપ ઘટના ગણાય છે. સમુદ્રની માફક વિશાળતામાં, ઊંડાણ યુક્ત, ધીરગંભીર અસ્તિત્વ જાળવી રાખવું અને લહેર તેમ જ મોજા જેવી ઘટનાથી અલિપ્તતા રાખવી. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# નિષ્કુળાનંદસ્વામીઃ વૈરાગ્યભાવ ને ભક્તિતત્ત્વના તર્કબદ્ધ સર્જક

(ગતાંકથી ચાલુ)

૪. ઉપદેશમૂલક સાહિત્ય :

ઉપદેશકથન સામાન્ય ગણાય. પણ ઉપદેશમાં જો કોઈ ગહન-ઊંડાણભર્યા સંદેશ ગૂંથી લઈને કથન થાય તો એ ઉપદેશકથન અસરકારક અને અસામાન્ય બની રહે. સ્વામિનારાયણીય સંતોની વાણીમાંનો બોધ ઉપદેશ વૈયક્તિક અને સામાજિક સંદર્ભોને અવનવી તથા આગવી રીતે ઉદ્ઘાટિત કરતો અવલોકવા મળે છે. દરેક સંતોની કથવાની રીતિ પોતીકી છે. નિષ્કુળાનંદજીને તો શ્રીહરિએ સમાજને બોધાત્મક બની રહે એવો ગ્રંથ રચવાની આજ્ઞા પ્રારંભે જ કરી, જાણે કે ક્ષિતિજ બતાવીને છોડી દીધા. પણ શ્રીહરિની કૃપાથી બોધ ઉપદેશકથનમાં પુરાણનો, પ્રાચીન શાસ્ત્રમતનો સહારો લઈને પોતીકું આગવું રૂપ પ્રગટાવતી રચનાઓનું સર્જન કર્યું.

બોધ-ઉપદેશનાં પદો તો વિપુલ માત્રામાં છે. એ પદો 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના' જેવી સૂત્રાત્મક પદાવલિથી પ્રચલિત પણ ખૂબ જ બન્યા છે. ઉપરાંત કથામૂલક ઘટકોના માધ્યમથી પાંચ-છ કૃતિઓનું સર્જન કરીને ભારે પ્રસિદ્ધિ પામ્યા છે. એ બધી કૃતિઓને આસ્વાદીએ.

(૧) 'યમદંડ' (ઈ.સ. ૧૮૦૪)

શ્રી હરિએ નિષ્કુળાનંદને 'યમદંડ' નામની રચનાના સર્જન માટે આજ્ઞા કરી તેની વિગતોને તેમણે પ્રથમ કડવામાં સામેરી રાગમાં આલેખેલી તે પ્રારંભની પંક્તિઓ અવલોકીએ :

*'માટે આજ્ઞા મને કરી, એહ વાત વિસ્તારવા કાજ*
*કૃપા કરી કહ્યું હરિ, શ્રીમુખે શ્રી મહારાજ. ૧૪*
*કહ્યું પૂર્વે મને પૂછ્યું હતું, પન્નગારિયે કરી પ્રીત,*
*યથારથ યમદંડની મેં, કહી છે, તેહને રીત. ૧૫*

'યમદંડ'માં ૨૦ કડવાની કુલ મળીને ૧૧૧૪ કડીઓ છે.

'યમદંડ'માં 'ગરુડપુરાણ'ની સામગ્રીનું સીધું અવતરણ હોય એવું મને જણાયું નથી. ગરુડપુરાણમાં માનવીના મૃત્યુ પછી યમરાજા વિવિધ પાતકોના ફળ રૂપે પીડે છે એની વિગત છે. અહીં એ કથાવસ્તુ પાંચમા કડવાથી સાતમા કડવા સુધીમાં વણી લીધું છે. પાંચમા કડવામાં.

*'અતિ કાળો બોલે છે ક્રૂર, નયણાં દિસે ઉગમતો સૂર.'*

આવું યમનું વર્ણન કર્યું છે. જીવાત્માને શરીર છોડતું નથી. એની પીડા અને દર્દની વિગતો કહીને પછી આઠથી સોળ કડવા સુધી યમદૂતો તરફથી મળતા દુઃખો, યમપુરીનું વર્ણન, નર્કના દુઃખોનું વર્ણન વગેરે ગરુડપુરાણમાંની વિગતો સંક્ષેપમાં મૂકી છે.

પ્રારંભના ચાર કડવા માનવનું અંતિમ લક્ષ્ય આત્યંતિક કલ્યાણ છે. જે પ્રગટ ભગવાન કે ભગવાનના અનન્ય સંતના શરણ વિના શક્ય નથી. ઈશ્વરભજન જ મુક્તિનું અપાવનારું ઘટક છે એની વિગત પાંચમા કડવાની ૪૯-૫૦મી કડીમાં કથી છે. એ પોતીકી મૌલિક સૂઝ છે. અહીં મૃત્યુ પછીની પ્રાપ્ત પીડા ઉપરાંત જીવનકાળ દરમ્યાન પીડામાંથી મુક્તિ માટેના યમદંડમાંથી મુક્તિ અપાવનાર છે, એવું દર્શન દ્રવે છે.

આ ઉપરાંત પણ સત્તરથી વીશ ક્રમાંકના કડવામાં નિષ્કુળાનંદજીએ ઘણી મૌલિક વિગતો પ્રસ્તુત કરી છે. ખાસ તો એમનું સાંપ્રદાયિક અર્થઘટન અહીં નિરૂપાયું તે છે. આ બધાં પાપકર્મોના મૂળમાં કુસંગ છે. અઢાર અને ઓગણીસમા કડવામાં સત્સંગનો મહિમા કથ્યો છે. યમદંડની મુક્તિ માટે શ્રીહરિના - સંતના શરણની અનિવાર્યતા ગાઈ છે. અંતે ધોળમાં નિષ્કુળાનંદે કૃતિનો રચનાસમય અને પ્રત્યક્ષ પરમાત્માની પ્રાપ્તિ થઈ તેની પ્રસન્નતાની વાત આલેખી છે.

એ રીતે યમદંડમાંથી મુક્તિ માટેનો માર્ગ સૂચવતી તથા યમના દુર્ગમ પીડાદાયી કષ્ટની વિગતો કથીને જીવાત્માને સત્સંગી બનવાનું સૂચવતી આ કૃતિ નિષ્કુળાનંદની સંપ્રદાયના સત્ત્વરૂપ સત્સંગ પ્રતિ ક્રિયાશીલ બનવા માટે પ્રેરક અને પોષક છે.

(૨) 'સારસિદ્ધિ' આ ગ્રંથમાંના ૪૮ કડવાં અને ૧૨ પદોમાં આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ માટેનો ઉપદેશ પ્રસ્તુત કરેલ છે. શાસ્ત્રનો સાર ઉપદેશાત્મક રીતે અહીં કેન્દ્રમાં છે. એટલે શીર્ષક ઘણું સમુચિત છે. 'કલ્યાણનિર્ણય'માં તાત્ત્વિક પીઠિકા રચી.

આ રચનામાં હરિભક્તોને તેઓ એ જ વાતનો ઉપદેશ આપતા કહે છે કે સારમાં સાર શ્રીહરિનું પ્રગટ પુરુષોત્તમ રૂપ છે. આ પ્રગટ પુરુષોત્તમની પ્રાપ્તિ માટે એમણે પ્રબોધેલ ધર્મનું અનુસરણ, આ માટે માહાત્મ્યજ્ઞાનથી પરિચિત થવું. એ જાણીએ એટલે નિષ્કામ-પ્રેમલક્ષણા ભક્તિનો ભાવ જન્મે. આ ભક્તિભાવને ટકાવી રાખનારું પરિબળ વૈરાગ્ય છે. વૈરાગ્યવૃત્તિને દૃઢ બનાવનારું ઘટક છે, સાચા સંતોનું સાન્નિધ્ય અને સત્સંગ. આ પાંચ વલણો ભક્તમાં પ્રગટે એ માટેનું ઉપદેશાત્મક સર્જન 'સારસિદ્ધિ' ગ્રંથ મને જણાયો છે.



ધન્યાશ્રીથી આરંભ કરે છે અને ત્રણ કડવા સુધી સકામ ભક્તિ પરત્વેની સમાજની દોડથી હરિભક્તને વ્યંગાત્મક વાણીથી સભાન કરે છે. પછી ચોથાથી એકવીસમા કડવા સુધી વૈરાગ્યભાવની વિશદ ચર્ચા પ્રસ્તુત કરે છે. શાસ્ત્રોમાંથી અનેકવિધ દૃષ્ટાંતો, સૂત્રો ટાંકીને વૈરાગ્યભાવ જાગૃત થાય એવું પ્રબોધન અહીં પ્રયોજાયું છે.

બાવીસથી પચીસ કડવા ભક્તિ તત્ત્વની ઉપાસનાના છે. 'ભક્તચિંતામણિ' અને 'ભક્તનિધિ'માં કહેલી તાત્ત્વિક વિગતો અહીં રસળતી પદાઈસમાં બોધાત્મક રીતે પ્રસ્તુત કરી છે. છવીશથી એકત્રીસ કડવા સુધી 'વચનવિધિ'માંનું ઉપદેશાત્મક તત્ત્વદર્શન સંતવચન બોધ કલ્યાણકારી હોઈને તેને નિષ્કુળાનંદજી દૃઢ મનોબળથી સ્વીકારવાનું સૂચવે છે. છેક એકતાલીસમાં કડવા સુધી એ ભાવબોધને જ કથ્યો છે.

*'સાચા સંતથી સરી ગયા, કૈંક જીવોના કાજ,*
*એવા સંતને સેવવા, અવસર આવ્યો છે આજ.'*

*'સંત વિના સાચી કોણ કહે, સારા સુખની વાત,*
*દયા રહી છે જેના દલમાં, નહીં ઘટમાં ઘાત.'*
*'જાણો સંત સગા છે સહુના, જીવ જરૂર જાણ*
*નિષ્કુળાનંદ નિર્ભય કરે, આપે પદ નિરવાણ.'*

બેતાલીસથી અડતાલીસ કડવામાં પ્રગટ પુરુષોત્તમ પરત્વે પ્રીતિ અને દૃઢ શ્રદ્ધા ધારણ કરવાનું તેઓશ્રી કહે છે.

*'સર્વ સિદ્ધાન્તનું સિદ્ધાન્ત એ જ, રહેવું પ્રગટ પ્રભુ પરાયણ;*
મન, વચન ને કર્મે કરી, ભજવા સ્વામીનારાયણ.

વૈરાગ્યનો મહિમા, પંચવિષયોમાં રાચતી ઇન્દ્રિયોની ઉપર કાબૂ રાખીને પ્રભુમય જીવનનો ઉપદેશ રસાત્મક રીતે પ્રગટાવતી પ્રસ્તુત રચના પણ ધ્યાનાર્હ છે. (ક્રમશઃ)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# પ્રેમાળ પતિને ત્યાગીને અન્ય પુરુષને પસંદ કરવા તમે સ્વયંવર કઇ રીતે યોજી શકો?

(ગતાંકથી ચાલુ)

કુંડિનપુરના રાજાભીમને સમાચાર મળ્યા કે તેમની પુત્રી અને જમાઈ વનપ્રસ્થાન થઈ ગયાં છે. તેમણે એમના રાજ્યના એક હજાર બ્રાહ્મણોને પુત્રી દમયંતી અને જમાઈ નળને શોધવા મોકલ્યા. એક તરફ પતિ વિરહથી માનસીક પિડા ભોગવી રહેલી દમયંતી ચેદી રાજ્ય પહોંચે છે. કુંડિનપુરથી નીકળેલા એક હજાર બ્રાહ્મણોમાંથી એક સુદેવ નામનો બ્રાહ્મણ ચેદીરાજ્ય પહોંચે છે. રાજમાતા અને રાણી ઇન્દુમતીની બાજુમાં રાજકુમારી દમયંતીને બેસેલી જોતા જ ઓળખી જાય છે. રાજમાતા પોતાની પુત્રી સમાન દમયંતીને દાસી તરીકે પોતાના રાજમહેલમાં રાખી હોવાથી તે ક્ષોભ અનુભવે છે અને રાસ-રસાલા સાથે દમયંતીને કુંડિનપુર છોડવા પોતે તેની સાથે જાય છે. જમાઈ રાજા નળના વાવડ ન મળતાં રાજાભીમ ફરી પોતાના હજાર બ્રાહ્મણોને રાજા નળને શોધવા મોકલે છે. બ્રાહ્મણો જતા પહેલાં દમયંતી પાસેથી સલાહ-સૂચન માગે છે. દમયંતી સૂચના આપતા કહે છે કે, 'તમે જે પણ રાજ્યમાં જાવ ત્યાં લોકોની ભીડ વચ્ચે બોલજો કે, હે, 'મારા કપટી પ્રેમી, તમે મારા વસ્ત્રનો જે અર્ધો ભાગ ફાડીને તમારી દાસીને જંગલમાં નિદ્રાધીન અવસ્થામાં મૂકી જતા રહ્યા છો એજ અર્ધું વસ્ત્ર લપેટીને તમારી રાહ જોઈ રહી છું.' આ સાંભળી કોઈ તમને કંઈ જવાબ આપે તો તમે જાણી લેજો કે એ કોણ છે અને ક્યાં રહે છે. હજાર બ્રાહ્મણ રાજકુમારી દમયંતીની સલાહ-સૂચન સાંભળી અલગ અલગ દેશમાં નીકળી પડયા. થોડા સમય બાદ પર્ણાદ નામનો બ્રાહ્મણ પરત આવ્યો અને દમયંતીને મળ્યો. તેણે કહ્યું, 'હું નિષેધ નરેશ રાજા નળને શોધવા અયોધ્યા નગરી પહોંચી ગયો. ત્યાં રાજા ઋતુપર્ણ પાસે ગયો અને તેમની ભરીસભામાં તમારો મુદ્દો પુનરાવર્તિત કર્યો. રાજસભામાં કોઈએ જવાબ આપ્યો નહીં પણ હું ત્યાંથી વિદાય લઈ રહ્યો હતો ત્યારે અયોધ્યા નરેશ ઋતુપર્ણનો બાહુક નામના સારથીએ મને એકાંતમાં બોલાવી કહ્યું કે, 'આમાં રાજા નળનો કોઈ દોષ નથી, કુલીન સ્ત્રીઓ પોતાના સતિત્વના બળે સ્વર્ગ પર વિજય પ્રાપ્ત કરી લે છે.' દમયંતીને લાગ્યું કે આવા પ્રકારનો ઉત્તર રાજા નળ જ આપી શકે. સુદેવ બ્રાહ્મણ તુરંત અયોધ્યા પહોંચી રાજા ઋતુપર્ણને સ્વયંવરમાં પહોંચવા માટેનું આમંત્રણ આપે છે. રાજા ઋતુપર્ણ સારથી બાહુકને કહે છે કે તમારે આવતી કાલ સુધીમાં મને વિદર્ભદેશ પહોંચાડવાનો છે, સારથી બાહુક કહે છે કે હું તમને આવતીકાલ સુધીમાં વિદર્ભદેશ પહોંચાડીશ પણ તમારે એ સફર દરમિયાન મને પાસાંઓની દ્યુતકલાનું વિજ્ઞાન શિખવવું પડશે. રાજા ઋતુપર્ણ શરત સ્વીકારતાં સારથી બાહુક ચાર ઉચ્ચપ્રકારના અશ્વની પસંદગી કરી રથ તૈયાર કરે છે. સારથી બાહુક પવન વેગે રથ ચલાવે છે અને રાજા ઋતુપર્ણ પ્રવાસ દરમિયાન પાસાંઓની દ્યુતકલાનું વિજ્ઞાન તેને આપે છે.



* * *

પ્રવાસ દરમિયાન રાજા ઋતુપર્ણ પાસેથી પાસાંઓની દ્યુતકલાનું વિજ્ઞાન મેળવી રાજા નળ વધુ વેગે રથ હંકારે છે બપોરનો સમય થતાં રાજા ઋતુપર્ણ સારથી બાહુકને કહે છે, 'સારથી ઘણો સમય થઈ ગયો છે અશ્વોને ચારા-પાણી માટે વિશ્રામ આપવો આવશ્યક છે.' રાજા ઋતુપર્ણની આજ્ઞાથી સારથી બાહુક રથ થોભાવે છે અને અશ્વોને ચારા પાણી માટે છુટા કરે છે. એ દરમિયાન દ્યુતકલાનું વિજ્ઞાન પૂર્ણ થાય છે. સારથી સ્વરૂપે રાજા નળ અશ્વોને ઝરણામાંથી બહાર કાઢવા જાય છે. રાજા નળનો પડછાયો ઝરણામાં પડતાં જ કર્કોટક સર્પનું વિષ ઓકતાં ઓકતાં કળિયુગ બહાર આવી ગયો. કળિયુગને બહાર આવેલો જોઈ રાજા નળ તેને શાપ આપવા જાય છે.

કળિયુગઃ 'મહારાજ નળ, મને માફ કરો, હું તમારી શરણમાં છું, મને શાપ ન આપો. હું તમને વરદાન આપું છું કે 'જે કોઈ માનવ કળિયુગમાં તમારું ચરિત્ર પઠન કે શ્રવણ કરશે તેને હું ક્યારેય નહીં નડું, તેને મારો કોઈ ભય નહીં રહે.'

આટલું સાંભળતાં જ રાજા નળ આનંદિત થઈ જાય છે અને સાંજ સુધીમાં કુંડિનપુર પહોંચવા અશ્વોને ફરી જોડે છે અને પવનવેગે રથને કુંડિનપુર તરફ દોડાવે છે. સંધ્યા ટાણે રાજા ઋતુપર્ણનો રથ કુંડિનપુર પહોંચે છે. ઋતુપર્ણના રથના રણકારનો અવાજ રાજમહેલ સુધી પહોંચે છે. દમયંતી વિચારે છે કે તેનો પતિ હવે કુંડિનપુર આવી ગયો છે અને હવે જો એ મને નહીં ઓળખે તો હું ધગધગતી અગ્નિમાં કૂદી પડીશ.

રાજાભીમની રાજસભામાં રાજા ઋતુપર્ણ આવે છે. તે જુએ છે કે અહીં સ્વયંવરની કોઈ જ તૈયારી નથી. રાજાભીમ ઋતુપર્ણને કહે છે, 'રાજન મારી પુત્રી દમયંતી રાજા નળની પત્ની છે અને અમને ખાતરી છે કે તમારો સારથી જ રાજા નળ છે, તમે રાજસભામાં બોલાવી શકો તો ઉત્તમ છે.'

ઋતુપર્ણ કદરૂપા સારથી બાહુકને રાજસભામાં બોલાવે છે.

દમયંતીઃ 'બાહુક! અગાઉ એક ધર્મજ્ઞ પુરુષ એટલે કે મારા પતિ મને ગાઢ જંગલમાં છોડીને ક્યાંક જતા રહ્યા છે, શું તમે એમને ઓળખો છો?'

આટલું કહેતાં જ દમયંતી ધ્રૂસકે ધ્રૂસકે રડવા માંડી, તેની બાજુમાં તેનાં બે બાળકોના રત્નસમાન લોચનમાંથી ટપકતાં આંસુઓ જોઈ રાજા નળ પોતાને રોકી ન શકયાં.

રાજા નળઃ 'હાં, પ્રિયે હું જ નળ છું, મેં રાજ્ય ગુમાવ્યું અને તમને છોડી દીધાં એમાં કળિયુગનું કારસ્તાન હતું, એ મારા શરીરમાં નિવાસ કરતો હતો એટલે હું મારા રાજ્ય અને તમારાથી દૂર થઈ ગયો હતો, પણ મેં શ્રમ અને તપસ્યાની શક્તિથી કળિયુગ પર વિજય મેળવ્યો છે. હવે કળિયુગે મને મુક્ત કર્યો છે, પણ મને એ જણાવો કે મારા જેવા પ્રેમાળ પતિને ત્યાગીને અન્ય પુરુષને પસંદ કરવા તમે સ્વયંવર કઇ રીતે યોજી શકો.'

દમયંતીઃ 'સ્વામી મને માફ કરો, આ યુક્તિ ફક્ત તમને અહીં સુધી લઈ આવવાની હતી, મારા સ્વયંવરના સમાચાર સાંભળી ૧૦૦ યોજનનું અંતર એક દિવસમાં ફક્ત તમે જ કાપી શકો એ વાતની ખાતરી અમને હતી. આપ જાણો છો કે મારી સમક્ષ ઉપસ્થિત દેવતાઓને અવગણીને પણ મેં તમને જ પસંદ કર્યા હતા. તો તમારાથી વિશેષ અન્ય કેમ કોઈ હોય શકે? જો મેં તમારા સિવાય અન્ય કોઈ પુરુષ વિશે વિચાર સુધ્ધાં કર્યો હોય તો સૂર્યદેવ, ચંદ્રદેવ અને અગ્નિદેવને વિનંતી કરું છું કે મારા જીવનનો તુરંત નાશ કરે.'

એ જ ક્ષણે પવનદેવે આકાશસ્થિત કહ્યું કે, 'દમયંતીએ કોઈ પાપ કર્યું નથી, તેના સતિત્વનું રક્ષણ અમે કર્યું છે, તેના પર શંકા કરશો નહીં, તેની વરણી કરો.'

આટલું સાંભળતાં જ આકાશમાંથી દેવી-દેવતાઓ પુષ્પવર્ષા કરવા લાગ્યાં. આવું અદ્ભુત વાતાવરણ જોઈ રાજા નળે સંદેહ ત્યાગી દીધો અને કર્કોટક સર્પે આપેલાં વસ્ત્રો ધારણ કર્યાં, વસ્ત્રો ધારણ કરી નાગરાજ કર્કોટકનું સ્મરણ કર્યું. બીજી જ ક્ષણે રાજા નળનું પૂર્વવત સ્વરૂપ ધારણ કરી લીધું. દમયંતી અને બાળકો રાજા નળને ભેટી પડયાં, પૂર્ણ રાત્રિ નળપરિવાર હેતપ્રેમની વાતો કરતો રહ્યો. પ્રભાત થતાં જ નગરમાં વાત ફરી વળી નગરજનો એ ખબરને વધાવીને ઉત્સવ સ્વરૂપે ઉજવવાની શરૂઆત કરી. રાજા ઋતુપર્ણાએ રાજા નળની માફી માગી વિદાય લીધી. રાજા નળ એક મહિના સુધી કુંડિનપુર રહ્યા અને ત્યારબાદ શ્વસુર રાજાભીમ પાસેથી આજ્ઞા લઈ પોતાના નિષધદેશ જવા પ્રસ્થાન કર્યું. રાજાભીમે નળને સોનેરી રથ, સોળ હાથી, પચાસ અશ્વ અને છસો પાયદળ સહિત રાજા નળને વિદાય આપી. રાજા નળ નિષધદેશ પહોંચતાં જ નગરજનોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. નળરાજ તુરંત રાજમહેલ પહોંચ્યા.

નળરાજાઃ 'ભ્રાતા પુષ્કર, કાં તો તમે મારી સાથે કપટભર્યું દ્યુત રમો અથવા બાણ ચડાવો.'

પુષ્કરઃ 'દ્યુત રમવા માટે તમે દ્રવ્ય લઇ આવ્યા હોય તો સારું, પણ આ વખતે તમારી પત્નીને પણ અવશ્ય જીતી લઈશ.'

નળરાજાએ ભાવહિન શબ્દોમાં પડકાર ફેંકયો, પાસાંઓ ફેકાતા ગયાં, દાવ પર દાવ રમાતાં ગયાં. દરેક દાવમાં રાજા ઋતુપર્ણે શિખવેલા પાસાં વિજ્ઞાન પોતાનું કૌશલ દેખાડવા માંડતા અંતે ભ્રાતા પુષ્કર બધું જ હારી ગયા અને રાજ્ય છોડી વનવાસનો સ્વીકાર કર્યો. રાજા નળે સૈન્ય મોકલી રાણી દમયંતીને બોલાવી. રાજા નળ અને દમયંતી ખૂબ આનંદથી પ્રજા પાલન કરવા લાગ્યાં. તેમની ખ્યાતિ દૂર દૂર સુધી અનંત કાળ સુધી ફેલાઈ.

નાગરાજ કર્કોટક, નળ, દમયંતી અને રાજા ઋતુપર્ણની આ કથાનું શ્રવણ કે પઠન કરશે તેને કળિયુગ ક્યારેય નડી નહીં શકે અને માનવ ધૈર્ય પ્રાપ્ત કરે છે. (ક્રમશઃ) ■

આજની ટૂંકી વાર્તા

# સુગંધી ઘર

રાજેશ અંતાણી
feedback@bombaysamachar.com



ઠંડી ધ્રુજારી શરીરમાંથી પસાર થઈ ગઈ. અમિતા એપાર્ટમેન્ટના દરવાજા પાસે 'એક્ટિવા' એક તરફ પાર્ક કરીને નમિતા ખુલ્લા દરવાજાની વચ્ચે ઊભી રહી ગઈ. નમિતાના મનમાં શંકા જાગી કે હું અંકલને મળવા જઈશ - તો મને આવકાર તો યોગ્ય રીતે મળશેને? કારણ, વચ્ચે કેટલાંય વરસો પસાર થઈ ગયાં છે - અહીં, એમના ઘર સુધી પહોંચવામાં છેલ્લાં બે-અઢી વર્ષથી તો અહીં, એમના જ શહેરમાં છું અને મળવા પણ નથી આવી.

નમિતા આજુબાજુ જોવા લાગી. ખાંચામાંથી પસાર થઈને ઊતરતી સાંજનો તડકો સીધો, નમિતાના ચહેરા પર પડતો હતો. નમિતાના મનમાં કેટલાય પ્રશ્નો અને અનેક શંકા...

વૉચમેન નમિતાની નજીક આવ્યો.

કોને ત્યાં જવું છે, એણે પૂછ્યું-

નમિતાએ અંકલનો ફલેટ નંબર કહ્યો. વૉચમેન નમિતાને લિફ્ટ સુધી દોરી ગયો. નમિતા ધીરે પગલે લિફ્ટ તરફ આગળ વધી. લિફ્ટ નીચે આવી - ખાલી. નમિતા લિફ્ટમાં ગભરાટ સાથે ઊભી. દસમા માળનું બટન પુશ કર્યું. ધક્કા સાથે નમિતાની જાત દસમા ફ્લોર સુધી ખેંચાવા લાગી.

નમિતા અંકલના ફ્લેટના દરવાજાની સામે ઊભી.

ડૉરબેલ તરફ એનો લંબાયેલો હાથ સ્થિર થયો.

મનમાં થોડી અવઢવ થઈ.

નમિતાએ ડોરબેલ પર આંગળી મૂકી.

થોડી વાર પછી ફ્લેટનું બારણું ખૂલ્યું. જોયું - તો સામે આંટી, કૌશલ્યાબહેન.

'કોણ? કોનું કામ છે?'

નમિતા થથરી ગઈ. વરસો પછી પણ એ જ અવાજ... નમિતા સભાન થઈ. ચહેરાની આસપાસ વીંટળાયેલો દુપટ્ટો ઉતારીને વાળ સરખા કર્યા. પછી થોડું હસીને કહ્યું: 'મને ન ઓળખી આંટી? હું.. નમિતા...'

'અરે! નમિ... તું?'

'હા. આંટી હું તમારી નમિ...'

'કેટલાં વરસો પછી... આવ... આવ... અંદર... આવ..'

ધીમે પગલે નમિતા અંદર પ્રવેશી.

નમિતા સંકોચાઈને સોફા પર બેસી ગઈ. આસપાસ જોવા લાગી.

કૌશલ્યાબહેન નમિતાની બાજુમાં બેસી ગયાં. એમણે નમિતાનો હાથ પકડી લીધો.

'કેમ છે નમિ? કેટલા વરસો પછી અહીં આવવા માટે ભૂલી પડી તું તો?

'હા... આંટી, ઘણાં વરસો પછી...

'હમણાં ક્યાં છે તું?'

'અહીં - આ શહેરમાં જ...'

'કેટલો સમય થયો?'

'બે-અઢી વર્ષ થયાં હશે.'

'લે, ને છેક આજે ભૂલી પડી?'

નમિતા કૌશલ્યાબહેનના આ પ્રશ્નથી મૂંઝાઈ. 'સૉરી... આંટી, હું મારા કેટલાક સંયોગોમાં એટલી અટવાયેલી હતી કે...'

'કંઈ નહીં. એ તો ચાલ્યા કરે. તું બેસ. નિરાંતે બેસ.' નમિતા આજુબાજુ જોવા લાગી.

'અંકલ... સુરેશ અંકલ... નથી દેખાતા?' નમિતાએ પૂછ્યું.

'એ જરા બહાર ગયા છે. બસ... હવે આવવા જ જોઈએ- તું અહીં નિરાંતે બેસ. હું જરા મારું રસોડાનું કામ આટોપી લઉં.'

નમિતાની આંખો સામે અહીં - આ ઘરમાં વીતી ચૂકેલો એક સમય સ્થિર થવા લાગ્યો.

* * *

નમિતા આ શહેરમાં - વડોદરામાં જામનગરથી એમ.બી.એ.નો અભ્યાસ કરવા આવી હતી. સુરેશ અંકલ નમિતાના પપ્પા જગદીશભાઈના ખાસ અંગત મિત્ર. નમિતા સીધી અહીં સુરેશ અંકલને ઘેર આવી હતી. પછી નમિતા કૉલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રહેવા ચાલી ગઈ હતી. રજાઓમાં નમિતા, સુરેશ અંકલ અને કૌશલ્યા આંટીને મળવા આવતી. નમિતાને બન્નેનો સ્નેહાળ સ્વભાવ ગમતો. નમિતા એમ.બી.એ. ફાઈનાન્સ સાથે કરતી હતી. સુરેશ અંકલ એક બેંકમાં ઓફિસર હતા એટલે નમિતાને એમની સાથે ચર્ચા કરવાની પણ મઝા આવતી. નમિતાને સુરેશ અંકલ તરફથી ઘણી બધી બાબતોમાં માર્ગદર્શન પણ મળતું. રજાઓ અને વેકેશનમાં નમિતા જામનગર જતી. જામનગરથી પાછી ફરતી ત્યારે સુરેશ અંકલ અને કૌશલ્યા આંટી માટે કંઈ ને કંઈ ચીજ વસ્તુ લઈ આવતી.

એ પછીનાં કેટલાંક વરસોમાં નમિતાના જીવનમાં એક ઘટના બની હતી. એ વરસોમાં નમિતાને અચાનક અમિત સાથે પરિચય થયો. એ પરિચય ધીરે ધીરે ગાઢ થતો ગયો. બન્ને વચ્ચે સ્થિર થતો સંબંધ ક્યારે પ્રેમમાં ઊંડો ઊતરી ગયો એનો ખ્યાલ પણ ન રહ્યો. બન્નેનું સતત મળવાનું થતું અને બાઈક પર બન્ને લોંગ ડ્રાઈવ પર નીકળી જતાં. નમિતાનું છેલ્લું વર્ષ આવી ગયું- ક્યારેક પ્રોજેક્ટ સબમિશન - પ્રેક્ટિકલ્સ વગેરે બધું પૂરું થયું એનો ખ્યાલ પણ ન આવ્યો. અમિત મિકેનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતો હતો. એનો પણ અભ્યાસ પૂરો થવા આવ્યો. નમિતાને છૂટા પડવા પહેલાંની એ સાંજ આજે પણ યાદ આવે છે... એ દિવસે બપોરથી લોંગ ડ્રાઈવ પર નીકળી ગયાં હતાં. સાંજે એકાંત સ્થળે બન્ને નજીક બેઠાં હતાં. અમિતે નમિતાનો હાથ ખેંચી લીધો હતો અને નમિતાની સુંવાળી હથેળી પર, હાથ પ્રસારવતો હતો... નમિતાના ચહેરા તરફ ઝૂકીને એણે નમિતાને ધીમેથી કહ્યું હતું... 'નમિ... મારે તને એક વાત કહેવી છે-'

'કહેને-'

'મારો અહીં અભ્યાસ પૂરો થયો. હવે... મને... મારા પપ્પા યુ.એસ. ફરધર સ્ટડી માટે મોકલી રહ્યા છે...'

નમિતાની મોટી આંખો અમિતના ચહેરા પર સ્થિર થઈ. 'તો... તે શું નક્કી કર્યું છે?'

'મારે યુ.એસ. જવું પડશે... મારા પપ્પાએ તો બધી તૈયારી પણ કરી લીધી છે...'

'તો... તું... મને....' નમિતા આગળ બોલી ન શકી. એનો અવાજ ભીનો થઈ ગયો. ભવિષ્ય વિશે કેટલું બધું વિચારી રાખેલું... કેટલાંય સપનાં... અરમાન... ઈચ્છાઓ... બસ. અમારા અભ્યાસ પછીનાં પરિણામો... લગ્ન... બન્ને જોબ કરતાં હશું- હું અને અમિત સાંજે જોબ પરથી થાકીને ઘેર આવશું. હું અમિતને વળગી પડીશ. અમારું ઘર મહેકતું હશે પ્રેમની સુગંધથી...

નમિતા થથરી ગઈ. વરસો પછી પણ એ જ અવાજ... નમિતા સભાન થઈ. ચહેરાની આસપાસ વીંટળાયેલો દુપટ્ટો ઉતારીને વાળ સરખા કર્યા. પછી થોડું હસીને કહ્યું: 'મને ન ઓળખી, આંટી? હું.. નમિતા...'

નમિતાની મોટી આંખોની કિનાર પર આંસુ સ્થિર થવા લાગ્યાં.

અમિતે નમિતાને નજીક ખેંચી હતી... કહ્યું હતું... 'રિલેક્સ નમિ, હું તને ખૂબ જ ચાહું છું. તારો મારા પરનો પ્રેમનો પણ મને સંપૂર્ણ વિશ્વાસ છે... હું બે વર્ષ પછી અભ્યાસ પૂરો કરીને, ફરી તારી પાસે આવીશ... આપણે ત્યારે લગ્ન કરી લઈશું... નમિ..., તું મારી રાહ જોઈશને?'

નમિતા અમિતને વળગી પડી હતી.

એ પછી બે વરસનો લાંબો પટ, હજારો વર્ષનો હોય એમ મંથર ગતિએ વીત્યો હતો... એ વર્ષોમાં ફક્ત ફોન ઉપર અવાજથી મળવાનું... નમિતાનાં બા-બાપુજીએ નમિતા માટે લગ્નનો પ્રસ્તાવ ઘણા છોકરા માટે મૂકેલો. છેવટે અકળાઈને નમિતાએ અમિત સાથેના સંબંધની વાત વિગતે કરી દીધી હતી. બા-બાપુજીને આ વાત મંજૂર ન હતી... બે વર્ષ પછી અમિત યુ.એસ.થી અભ્યાસ પૂરો કરીને આવી ગયો... નમિતાને મળવા આવ્યો- જામનગર. બા-બાપુજીએ પણ અમિતને જોયો - મળ્યાં, પણ એ લોકોએ અમિતનો સ્વીકાર ન કર્યો... અમિતનાં માતા-પિતા પણ નમિતાને સ્વીકારવા તૈયાર ન હતાં...

નમિતા અને અમિતે લગ્ન કરી લીધાં.

અમિતને યુ.એસ.માં જોબ મળી ચૂકી હતી. ગ્રીન કાર્ડ પણ. એ નમિતાને લઈને યુ.એસ. ગયો. પછી...

* * *

'અરે! નમિતા... ક્યારે આવી?' સુરેશ અંકલે પ્રવેશ કર્યો.

નમિતા સુરેશ અંકલનો અચાનક અવાજ સાંભળીને ચમકી. 'ક્યાં ખોવાઈ ગઈ હતી? આટલાં વરસો પછી કેમ આજે અચાનક સુરેશ અંકલ યાદ આવ્યા?'

નમિતાના ચહેરા ઉપર મૂંઝવણની છાયા પથરાઈ ગઈ.

'રિલેક્સ... નમિતા, તું કોઈ વાતની ચિંતા નહીં કર-' સુરેશ અંકલે નમિતાના ચહેરાના ભાવ ઓળખીને કહ્યું.

'લે, નમિતા... ચાની સાથે નાસ્તો... તને ભાવતો...' કૌશલ્યાબહેન અચાનક ટ્રે લઈને આવ્યાં.

સુરેશ અંકલે ચાનો કપ હાથમાં લીધો. નમિતાના ચહેરા પર બદલાતી રેખાઓને ધ્યાનથી જોવા લાગ્યા. નમિતા કોઈક પ્રશ્નમાં અટવાયેલી છે. કોઈક સમસ્યામાં ગૂંચવાઈ ગઈ છે... જેમ ભૂતકાળમાં એ ગૂંચવાયેલી હતી પછી...

નમિતા અમિત સાથે લગ્ન કરીને અહીં આવી હતી- ત્યારે અમિતનો નમિતા પરનો સ્નેહ જોઈને સાંત્વના મળતી હતી. લાગ્યું કે અમિત નમિતાને ખુશ રાખશે. અહીંથી આશીર્વાદ લઈને યુ.એસ. ગયાં. શરૂઆતના દિવસોમાં નમિતાના ખુશીથી ભરેલા અવાજમાં નિયમિત ફોન આવતા હતા. સુરેશ અંકલે જામનગર જગદીશભાઈને એના ખુશી સમાચાર આપ્યા હતા. વચ્ચે નમિતાના ફોન અનિયમિત થવા લાગ્યા પછી અચાનક ફોન આવતા બંધ થયા. અચાનક લગભગ દોઢ વર્ષ પછી નમિતાનો ફોન આવ્યો હતો. એ ગભરાયેલી હતી, એ અજાણી વેદનાથી પીડાતી હતી. એના અવાજમાં પીડા હતી. યાતના હતી. એ રડતાં રડતાં કહેતી હતી કે- 'સુરેશ... અંકલ, મેં અમિત સાથે લગ્ન કરીને ભૂલ કરી છે. હું અહીં અમિત સાથે રહી શકું તેમ નથી. મારે દેશ પાછા ફરવું છે. હું અહીં ઈમિગ્રેશનમાં ફસાઈ છું. તમે કંઈક મારા માટે કરો... નહીંતર...' નમિતાનો ફોન કપાઈ ગયો હતો. ફરી થોડા દિવસ પછી એ જ રીતનો ફોન આવેલો ત્યારે સુરેશ અંકલે તેને સાંત્વના આપી હતી. એનું સરનામું, ફોન નંબર વગેરે વિગતો લઈને એમના મિત્રને જાણ કરી હતી. એમના મિત્રે અથાગ પ્રયાસો કરીને નમિતાને ભારત પાછી મોકલી આપી હતી. અહીં આવીને છેક ત્રીજે દિવસે ભયમાંથી થોડી મુક્ત થઈ... નમિતા કહેતી હતી- 'અંકલ, મારી ભૂલ હતી. મેં બા-બાપુજીની વાત માની નહીં અને અમિત સાથે... શરૂઆતના દિવસોમાં, મારા મનમાં હતો એવો જ પ્રેમ અમિત મને આપતો હતો. અચાનક અમિતના વર્તનમાં ફેરફાર થવા લાગ્યો. એ મારી સાથે ઝઘડતો - મને માનસિક અને શારીરિક ત્રાસ આપવા લાગ્યો હતો. મેં અમિત વિશે બધી તપાસ કરેલી. એણે ત્યાં કોઈક સાથે લગ્ન પણ કરી લીધાં હતાં. મેં જેને ચાહ્યો હતો એ અમિત ન હતો. મારે છૂટવું હતું અમિતથી... હવે હું મારાં બા-બાપુજી પાસે જવા માગું છું... તમે એમને સમજાવો તો-'

સુરેશ અંકલ નમિતાને લઈને જામનગર ગયા હતા.

નમિતાનાં બા-બાપુજીને સમજાવ્યાં હતાં.

પછી...

પછી- આજે ઘણાં વરસો પછી નમિતા આવી છે- હજુ સુધી કંઈ બોલી નથી.

સુરેશ અંકલે ચાનો કપ ટિપાઈ પર મૂક્યો.

'નમિતા... ક્યાં છે તું હમણાં? જામનગર?'

'નમિતા ચમકી. 'હં.. ના અંકલ... હમણાં અહીં જ છું - આ શહેરમાં જ છેલ્લાં બે-અઢી વર્ષથી.'

'ઓહ! તે છેક આજે અમને મળવા આવી?'

'સોરી અંકલ... મારી એ ભૂલ તો કહેવાય જ. તમે જાણો છો કે હું બા-બાપુજી સાથે જામનગરમાં રહી. એમની ઈચ્છા મારાં લગ્ન બીજે કરવાની હતી, પણ એ મારા માટે સહેલું ન હતું. મારે અમિત સાથે ડાઈવોર્સ લેવાના હતા. એ કાનૂની પ્રક્રિયા વિચિત્ર અને થકવી નાખે એવી હતી. તે દરમ્યાન મને, અહીંની એક બેંકમાં જોબ મળી ગઈ. એ મેં સ્વીકારી. લેડીઝ હોસ્ટેલમાં રહું છું. ડાઈવોર્સ માટેની દોડાદોડી બાપુજીએ તમને કદાચ વાત કરી હશે...'

'હા- એમણે મને કોઈ બેંકમાં જોબ મળી છે એવું કહેલું - પણ ક્યાં - એ નહીં- એની વે- હું તો ખુશ થયેલો. મેં માની લીધેલું કે- યુ આર નાવ સેટલ. પણ તું આજે અહીં આવી તે ગમ્યું. તારે અહીં ગમે ત્યારે આવી જવું- મારે એ કહેવાનું ન હોય-'

'પણ અંકલ, મને સંકોચ થાય છે કે - આજે પણ હું મારા જીવનની એક સમસ્યા લઈને આવી છું - તમારી પાસે-'

નમિતા મૂંઝવણમાં પડી. કપાળ પર બાઝેલો પરસેવો લૂછ્યો. 'અંકલ, બા-બાપુજીએ ફરી મારા માટે છોકરાઓ જોવાનું શરૂ કર્યું છે. પણ મને ડર લાગે છે કે - એક અનુભવ પછી.'

'નમિતા... બધા છોકરાંઓ કંઈ અમિત જેવા ન હોય. આમાં શ્રદ્ધા અને વિશ્વાસ બહુ મોટો ભાગ ભજવતાં હોય છે.'

'મારે છોકરાઓ જોવા જામનગર જવું પડે છે. હમણાં ભુજનો છોકરો મને જોવા આવ્યો હતો.'

'ભુજનો? કોણ?'

'પરિતોષ દવે નામ હતું. એ અહીં વડોદરામાં જ જોબ કરે છે કોઈ ફાર્માસ્યુટિકલ કંપનીમાં-'

'તે જાણે છે તારા ભૂતકાળ વિશે?'

'હા. મેં એને વાત કરી છે- લગભગ બધી જ.'

'એ શું કહે છે?'

'એ મારી સાથે લગ્ન કરવા માગે છે-'

'તેં શો જવાબ આપ્યો?'

'કંઈ નહીં - કહ્યું ને કે મને ડર છે-'

'હા- હા- ડર છે પણ તને છોકરો ગમ્યો?'

'અંકલ... હા મને ગમ્યો છે, પણ...'

સુરેશ અંકલ ખડખડાટ હસ્યા. નમિતા ચમકી. ત્યાં સુરેશ અંકલે કહ્યું- 'કરી નાખ લગ્ન નમિતા, પરિતોષ સાથે. ઘણી જ સુખી થઈશ!

'પણ અંકલ...' તમે પરિતોષને કેમ ઓળખો?'

'પરિતોષના પિતાશ્રીનું નામ યશોષચંદ્ર?'

'હા. પણ... તમને...'

'જો નમિતા, તારા આ સુરેશ અંકલ પણ ભુજના છે- અને આ પરિતોષ સુરેશ અંકલનો ભાણેજ છે. મારી બહેનનો દીકરો- અને એ આજે એના મામાને ત્યાં આવ્યો છે. ઊભી રહે- બોલાવું છું એને 'પરિતોષ...!!'

નમિતાએ જોયું.

ધીમે પગલે, અંદરના કમરામાંથી બહાર આવેલો પરિતોષ એની તરફ આવતો દેખાયો.

હા- આ તો એ જ પરિતોષ...

ધીરે ધીરે નજીક આવતો પરિતોષ... આ ક્ષણે નમિતાને કોણ જાણે એવું કેમ લાગી રહ્યું હતું કે- આ જ પરિતોષ, મારી કલ્પનામાં રંગાયેલું પ્રેમ સુગંધી ઘર આપશે? (સમાપ્ત) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| કુબેર | નાસ્તિક તત્ત્વ દર્શન |
| કુબ્જા | કંસનો સસરો |
| ઘટોત્કચ | ધનના દેવતા |
| ચાર્વાક | કદરૂપી દાસી |
| જરાસંધ | ભીમ - હિડિંબાનો પુત્ર |

### ઓળખાણ પડી?

ભગવાન નારાયણે નરસિંહ અવતાર ધારણ કરી હિરણ્યકશ્યપને પરાસ્ત કર્યો હતો એ અહોબિલમ મંદિર દેશના કયા રાજ્યમાં છે એ જણાવો.



અ) ત્રિપુરા બ) કર્ણાટક ક) આંધ્ર પ્રદેશ ડ) મહારાષ્ટ્ર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રા | ૨ મ | ચં | દ્ર | ■ | ૩ જા | ન | ૪ કી | ■ | ૫ ઉ |
| ૬ ક્ષ | ર | ■ | ■ | ૭ શ્રુ | તિ | ■ | ટ | ■ | ર્મિ |
| ૮ સ | ણ | ૯ કા | ■ | ૧૦ ત | ય | ■ | ૧૧ વિ | ૧૨ ર | લા |
| ■ | ■ | ૧૩ મ | ર | કી | ■ | ૧૪ અ | જ્ઞા | ન | ■ |
| ૧૫ સુ | ગ્રી | વ | ■ | ર્તિ | ■ | ■ | ન | ■ | ૧૬ માં |
| મિ | ■ | ૧૭ શ | ઢ | ■ | ૧૮ તા | ૧૯ રા | ■ | ૨૦ વી | ડ |
| ૨૧ ત્રા | ૨૨ સ | ■ | ■ | ૨૩ કૈ | ર | વ | ■ | ૨૪ ર | વી |
| ■ | વા | ■ | ૨૫ પા | કે | ■ | ૨૬ જી | ૨૭ વ | ન | ■ |
| ૨૮ શાં | ■ | ૨૯ શા | ■ | ચી | ■ | ■ | ૩૦ ત | ર | ૩૧ વા |
| ૩૨ તા | મ્ર | પ | ત્ર | ■ | ૩૩ અં | જ | ની | ■ | લી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | ૭ | ■ |
| ૮ | | | ■ | ૯ | ■ | ૧૦ | | | ૧૧ |
| | ■ | ૧૨ | | | ૧૩ | ■ | ■ | ૧૪ | |
| ■ | ૧૫ | ■ | ■ | ૧૬ | | ■ | ૧૭ | | |
| ૧૮ | | | ■ | ■ | ૧૯ | ૨૦ | | ■ | |
| | ■ | ■ | ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | ૨૩-અ | ■ |
| ૨૪ | | ૨૫ | ■ | ૨૬ | ૨૭ | ■ | ■ | ૨૮ | ૨૯ |
| | ■ | ૩૦ | | | | ૩૧ | ■ | ■ | |
| ■ | ૩૨ | | ■ | | ■ | ૩૩ | | ૩૪ | |
| ૩૫ | | | | ■ | ૩૬ | | ■ | ૩૭ | |

**આડી ચાવી**

૧. શ્રેષ્ઠ રામભક્ત (૪)
૪. વાનરસેનામાં જયેષ્ઠ રીંછ (૪)
૮. તીર, ગોળી વગેરેનો અવાજ (૩)
૧૦. પૈસાદાર (૪)
૧૨. ગળગળું (૪)
૧૪. કાર્યશક્તિનો એકમ (૨)
૧૬. હાલત, પરિસ્થિતિ (૨)
૧૭. માન માગતી સ્ત્રી (જો. છૂ.) (૩)
૧૮. રાવણના ઋષિ પિતા (૩)
૧૯. હર્ષ, ખુશી, આનંદ (૩)
૨૧. ગોખલો, હાટિયું (૨)
૨૩. ચિનગારી (૩)
૨૪. છ નો સમૂહ (૩)
૨૬. ગરબડ ગોટાળો (૨)
૨૮. સાથે શું--- જવાના? (૨)
૩૦. ચમકતું (૫)
૩૨. ચાકડો (૨)
૩૩. જંગલપ્રદેશ (૪)
૩૫. રાવણની પુત્રવધૂ (૪)
૩૬. રાવણ અને કુબેર --- થાય (૨)
૩૭. અભિપ્રાય (૨)

**ઊભી ચાવી**

૧. --- ને લોટ ફાકવો સાથે ના બને (૩)
૨. તેજ, પ્રકાશ, ઓજ (જો. છૂ.) (૨)
૩. રસ્તો, પથ (૩)
૫. એક નાનો ગ્રહ (૨)
૬. મોટી ગાડી (૨)
૭. જાણવા જેવા સમાચાર (૪)
૯. વાનરરાજ વાલીનો પુત્ર (૩)
૧૧. રામસેતુ બાંધનાર વાનરભાઇઓ (૨,૨)
૧૩. મરણ પછીની દસમા દિવસની વિધિ (૩)
૧૫. કયામતનો દિવસ, મહાપ્રલય (૨)
૧૭. નવનીત, ખુશામત (૩)
૧૮. રામનો સલાહકાર રાક્ષસ (૪)
૨૦. ઋતુ (૨)
૨૨. છ મહિના સૂતો રહેતો રાવણનો ભાઇ (૪)
૨૩અ. ઓશિકાનું કવર ગલેફ (૨)
૨૫. નકામી માથાફોડ (૪)
૨૭. --- વાગવા એટલે નુકસાન થવું (૨)
૨૯. ઇંદ્રને હરાવનાર રાવણપુત્ર (૪)
૩૧. દહીંમાં--- ફેરવો એટલે છાસ થાય (૩)
૩૨. --- ફરવા જઇએ (૨)
૩૪. --- નવમી ચૈત્રમાસમાં આવે (૨)

### ગુજરાત મોરી મોરી રે

ભગવાન શિવજીના ૧૨ જ્યોતિર્લિંગ પૈકી એક સોમનાથ પ્રભાસ પાટણમાં છે. પ્રભાસ પાટણ કયા સ્થળથી નજીક છે એ વિકલ્પમાંથી ઓળખી કાઢો.

અ) ભાવનગર ब) વેરાવળ
ક) બોટાદ ડ) ગાંધીધામ

### માતૃભાષાની મહેક

સમજણા થયા પછી જો બાળપણનો અમુક સમય ગામડામાં વિતાવ્યો હશે તો પથ્થર અને ઢેફાં ફેંકવાના સાધનથી જરૂર રમ્યા હશો. આ સાધન ગોફણ તરીકે ઓળખાય છે. ગોફણનો ઉપયોગ પ્રાચીન કાળથી લડાઈ વખતે કરવામાં આવતો. સિકંદર લડાઈ પ્રસંગે ગોફણ વડે લશ્કરને લડાવતો હતો એવું માનવામાં આવે છે.

### ઈર્શાદ

મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું,
મોહન પ્યારા, મુખડાની માયા લાગી રે.
-- મીરાંબાઈ

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'ભીતર સુધી પહોંચવાનો માર્ગ છે મુશ્કેલ'માં ભીતર શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) અઘરો બ) અંદર ક) આસાન ડ) ખરબચડો

### સુડોકુ-૮૦૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | | | ૨ | |
| | ૮ | ૨ | | | | | ૪ | ૯ |
| ૧ | | | | | ૫ | | | |
| ૨ | | ૯ | | ૩ | | ૮ | | |
| | | | | ૫ | | | | |
| | | ૭ | | ૬ | | ૯ | | ૪ |
| | | | ૭ | | | | | ૫ |
| ૫ | ૧ | | | | | ૨ | ૯ | |
| | ૩ | | | | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૮ | ૨ | ૬ | ૭ |
| ૨ | ૬ | ૧ | ૪ | ૭ | ૫ | ૯ | ૩ | ૮ |
| ૩ | ૭ | ૮ | ૯ | ૨ | ૬ | ૪ | ૧ | ૫ |
| ૭ | ૫ | ૨ | ૧ | ૯ | ૪ | ૩ | ૮ | ૬ |
| ૬ | ૧ | ૯ | ૮ | ૩ | ૭ | ૫ | ૨ | ૪ |
| ૮ | ૪ | ૩ | ૬ | ૫ | ૨ | ૭ | ૯ | ૧ |
| ૯ | ૮ | ૬ | ૭ | ૪ | ૩ | ૧ | ૫ | ૨ |
| ૧ | ૨ | ૭ | ૫ | ૬ | ૯ | ૮ | ૪ | ૩ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૮ | ૧ | ૬ | ૭ | ૯ |

### માઈન્ડ ગેમ

આપણા દેશનું કયું શહેર 'ઓરેન્જ સિટી ઓફ ઈન્ડિયા' - સંતરાના શહેર તરીકે જાણીતું છે એ શોધી કાઢો.

અ) કોલ્હાપુર બ) નાગપુર
ક) સાંગલી ડ) કરાડ

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઋષિકેશ | ઉત્તરાખંડ |
| પુષ્કર | રાજસ્થાન |
| સબરીમાલા | કેરળ |
| રામેશ્વરમ | તામિલનાડુ |
| અમરનાથ | જમ્મુ - કાશ્મીર |

ઓળખાણ પડી?
હંગેરી

માઈન્ડ ગેમ
બેંગ્લોર

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ભાગી જવું

ગુજરાત મોરી મોરી રે
જૂનાગઢ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) ધીરેન ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) વિભા મહેશ્વરીપ (૧૦) હર્ષા મહેતા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મહેશ દોશી (૧૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૫) નુતન વિપીન (૧૬) પુષ્પા પટેલ (૧૭) ભારતી બુચ (૧૮) મુલરાજ કપૂર (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) લજિતા ખોના (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) પુષ્પા ખોના (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) ભાવના કર્વે (૩૦) સુભાષ મોમાયા (૩૧) અંજુ ટોલિયા (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) અલકા વાણી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નિતિન બજરિયા (૪૧) પુષ્પા ખોના (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) અરવિંદ કામદાર

# વક્ફ સુધારા કાયદા સામે ભિવંડીમાં વિરોધ પ્રદર્શન

થાણા: થાણા જિલ્લાના ભિવંડીમાં વક્ફ સુધારા કાયદા વિરુદ્ધ કેટલાક હજાર લોકોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ કાયદો બંધારણની વિરુદ્ધ છે, કારણ કે તે લોકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે એવો દાવો તેમણે કર્યો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શનિવારે વક્ફ (સંશોધન) બિલ, ૨૦૨૫ને મંજૂરી માટે મોકલી આપ્યું છે. રાજ્યસભાએ ૧૩ કલાકથી વધુ સમય સુધી ચાલેલી ચર્ચા બાદ મંજૂરી આપ્યા બાદ શુક્રવારે સંસદે આ ખરડાને મંજૂરી આપી દીધી હતી. ખરડો ગુરુવારે લોકસભામાં પસાર કરવામાં આવ્યો હતો.

શનિવારે મોડી રાત્રે આ વિરોધ

(જુઓ પાનું ૪) ▸▸

## ભાજપની નજર ખ્રિસ્તી અને બૌદ્ધ સંપત્તિ પર: ઉદ્ધવ ઠાકરે

વક્ફ ખરડા ઉપર સંસદના બંને ગૃહોમાં ગરમાગરમ ચર્ચા પછી બહુમતીથી પસાર થઇ ગયું. શિવસેના (ઉદ્ધવ જૂથ)એ આ ખરડાના વિરોધમાં મતદાન કર્યું હતું. હવે, શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના વડાએ શનિવારે તેમના નિવાસસ્થાન માતોશ્રી ખાતે મીડિયા સાથેની વાતચીત દરમિયાન ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ભાજપના સ્થાપના દિવસ અંગે ટોણો માર્યો અને કહ્યું કે આ દિવસ 'તિથિ પ્રમાણે કે તારીખ પ્રમાણે ઉજવાય છે?' ભાજપને અભિનંદન આપતા

(જુઓ પાનું ૪) ▸▸

## મહારાષ્ટ્ર સરકાર વક્ફ મિલકતનો અહેવાલ તૈયાર કરે: નિરુપમ

મુંબઈ: રાજ્યની વક્ફની મિલકત અને તેને નિયંત્રિત કરતા લોકોનો વિસ્તૃત અહેવાલ મહારાષ્ટ્ર સરકારે તૈયાર કરવો જોઈએ એવી માગણી શિવસેનાના નેતા સંજય નિરુપમે રવિવારે કરી હતી. એક પત્રકાર પરિષદ

(જુઓ પાનું ૪) ▸▸

## ભાજપ સરકાર પદ્મનાભ મંદિરનું સોનું પડાવી લેવા માગે છે : સપકાળ

નાશિક: વક્ફ સુધારા કાયદા પાછળ જમીન સંપાદન એ ભાજપ સરકારનો હેતુ છે એમ મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે રવિવારે જણાવ્યું હતું .તેમણે દાવો કર્યો હતો કે સરકારનો ડોળો પ્રખ્યાત પદ્મનાભ મંદિરમાં (કેરળમાં) મોટા

(જુઓ પાનું ૪) ▸▸

## બીમારીને કારણે વક્ફ સુધારા ધારાના સત્રમાં હાજર નહોતો: ભિવંડીના સંસદસભ્ય

થાણા: બાલ્યા મામા તરીકે પણ ઓળખાતા ભિવંડી એનસીપી (એસપી)ના લોકસભાના સભ્ય સુરેશ મ્હાત્રેએ તબિયત સારી ન હોવાથી વક્ફ સુધારા ખરડા પર મતદાન દરમિયાન ગેરહાજર રહ્યા હોવાનો ખુલાસો કર્યો છે. મ્હાત્રેની ગેરહાજરી ભિવંડીમાં ખરડા સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન થયું છે ત્યારે મ્હાત્રેની ગેરહાજરી વિશે ચર્ચા થઈ રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શનિવારે વક્ફ (સંશોધન) ખરડો, ૨૦૨૫ ને મંજૂરી આપી દીધી છે. રાજ્યસભાએ ૧૩ કલાકથી વધુ સમય સુધી ચાલેલી ચર્ચા બાદ મંજૂરી આપ્યા બાદ

(જુઓ પાનું ૪) ▸▸

# કચ્છના બે મિત્રો સાથે પાર્ટી કરીને પાછા ફરતાં અકસ્માત

## ત્રણેય જણ જખમી: ઘાટકોપરના વેપારી સામે પોતાના અને અન્યોના જીવ જોખમમાં મૂકવાનો ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કચ્છથી આવેલા બે મિત્ર સાથે દારૂની પાર્ટી કર્યા બાદ ભોજન કરીને દક્ષિણ મુંબઈથી પાછા ફરતી વખતે કાર હંકારી રહેલા ઘાટકોપરના ગુજરાતી વેપારીએ બાંદ્રા-વરલી સી લિંક પર અચાનક કાબૂ ગુમાવતાં કાર ડિવાઇડર સાથે ટકરાઇને ઊંધી વળી ગઇ હતી. આ અકસ્માતમાં વેપારી હેતુલ પુરુષોત્તમ રામજિયાણી (૩૦) અને તેના બંને મિત્ર નરેશકુમાર કાંતિલાલ પોકાર (૪૭) તથા પાર્થ નરેશભાઇ લિંબાણી (૩૨) ઘવાયા હતા. હેતુલ દારૂના નશામાં કાર હંકારી રહ્યો હતો અને તેની સામે વરલી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો.



વરલી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર રવિન્દ્ર કાટકરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે બાંદ્રા- વરલી સી લિંક પર ઉત્તર તરફની લેન, સાત નંબર ખાતે શનિવારે મોડી રાતે ૧.૪૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, જેમાં સ્કોડા કાર ડિવાઇડર

(જુઓ પાનું ૪) ▸▸



**પારણે ઝુલે રામજી...** રામનવમી નિમિત્તે રવિવારે વડાલાના પ્રખ્યાત રામમંદિરમાં રામલલ્લાને પારણે ઝુલાવવાનો હજારો ભક્તોએ લાભ લીધો હતો. (અમય ખરાડે)

# ભારતીય નૌકાદળે ઓમાનના દરિયાકાંઠે પાકિસ્તાની માછીમારને તબીબી સહાય કરી

મુંબઈ: મધ્ય અરબી સમુદ્રમાં કાર્યરત ભારતીય નૌકાદળના એક યુદ્ધ જહાજે ઓમાનના દરિયાકાંઠા નજીક એક માછીમારી જહાજ પર પાકિસ્તાની નાવિકને તાત્કાલિક તાકીદની તબીબી સહાય પૂરી પાડી હોવાનું નૌકાદળે રવિવારે જણાવ્યું હતું.

ભારતીય નૌકાદળના મિશન પર કાર્યરત જહાજ આઈએનએસ ત્રિકંદે શુક્રવારે ઓમાન તટથી લગભગ ૩૫૦ નોટિકલ માઇલ પૂર્વમાં કાર્યરત ઇરાની જહાજના તાકીદની સહાયના કોલને આંતર્યો હતો.

નૌકાદળે જણાવ્યા અનુસાર તપાસ કર્યા બાદ જાણવા મળ્યું હતું કે એન્જિન પર કામ કરતી વખતે જહાજના એક સભ્યને આંગળીઓમાં ગંભીર ઈજા થવાથી તેની હાલત નાજુક હતી અને તેને ઈરાન જઈ રહેલા એક જહાજમાં ખસેડવામાં આવ્યો હતો.

નૌકાદળે માહિતી આપી હતી કે 'ત્રિકંદે ઈજાગ્રસ્તને તબીબી સહાય પૂરી પાડવા માટે તરત જ પોતાનો રૂટ બદલ્યો હતો. એફવી અબ્દુલ રહેમાન હંઝિયા નામના જહાજ પર ૧૧ પાકિસ્તાની (નવ બલોચ અને બે સિંધી) અને પાંચ ઇરાની હાજર હતા. ઈજાગ્રસ્ત પાકિસ્તાની

(જુઓ પાનું ૪) ▸▸

# પીએમ મોદી, અન્ય દિગ્ગજોના પ્રતાપે ભાજપ વિશ્વનો સૌથી મોટો રાજકીય પક્ષ: ફડણવીસ

નાગપુર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને શ્યામાપ્રસાદ મુખરજી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને અટલ બિહારી વાજપેયી જેવા દિગ્ગજોના પ્રયાસોને પ્રતાપે ભારતીય જનતા પક્ષ (ભાજપ) વિશ્વનો સૌથી મોટો રાજકીય પક્ષ બની શક્યો છે, એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે જણાવ્યું હતું.

ભાજપની સ્થાપના ૬ એપ્રિલ, ૧૯૮૦ના દિવસે તત્કાલીન ભારતીય જનસંઘના નેતાઓ દ્વારા કરવામાં આવી હતી. આ એક એવો પક્ષ

(જુઓ પાનું ૪) ▸▸

## મહારાષ્ટ્રમાં ભાજપમાં દોઢ કરોડ નવા સભ્યો જોડાયા: બાવનકુળે

નાગપુર: તાજેતરના એક અભિયાન દરમિયાન મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પક્ષ (ભાજપ)નું પ્રાથમિક સભ્યપદ ૧.૫૧ કરોડ લોકોએ લીધું હોવાની માહિતી પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ રવિવારે આપી હતી. બાવનકુળે નાગપુરમાં ભાજપના નવા કાર્યાલયમાં

(જુઓ પાનું ૪) ▸▸

# ખડસે અને ગિરીશ મહાજન વચ્ચેનો વિવાદ ફરી સપાટીએ

## મહાજનનો મહિલા આઇએએસ અધિકારી સાથે સંબંધ હોવાનો કર્યો દાવો

જળગાંવ: જળગાંવ જિલ્લાના પ્રધાન ગિરીશ મહાજન અને એકનાથ ખડસે વચ્ચેના વિવાદથી બધા વાકેફ છે. એવામાં એક પત્રકારે વાયરલ કરેલી ક્લિપને ટાંકીને ખડસેએ ગિરીશ મહાજન માટે મોટો દાવો કરતા કહ્યું હતું કે ગિરીશ મહાજનના એક મહિલા આઇએએસ અધિકારી સાથે સંબંધ છે. આ બાબતે ગૃહ પ્રધાન અમિત શાહ સાથે ચર્ચા કરી હોવાનું પણ ખડસેએ કહ્યું હતું.

'સંબંધિત પત્રકારે જે ક્લિપ વાયરલ કરી છે તેમાં ગિરીશ મહાજનનો એક મહિલા આઇએએસ અધિકારી સાથે સંબંધ હોવાનું કહેવામાં આવ્યું છે. તે મહિલાનું નામ મને ખબર છે, પરંતુ તેનું નામ જાહેરમાં લેવાનું યોગ્ય નથી, પરંતુ જે વખતે પ્રધાનમંડળના

(જુઓ પાનું ૪) ▸▸

# પશ્ચિમ રેલવેને મળશે વધુ એક 'ટર્મિનસ', પ્રવાસીઓ માટે રાહતના સમાચાર

મુંબઈ: પશ્ચિમ રેલવેમાં બે ટર્મિનસ બનાવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. નવા ટર્મિનસના નિર્માણને કારણે સબર્બન અને નોન-સબર્બનની ટ્રેનોને અલાયદા ટર્મિનસ સાથે નવી પાર્કિંગ ફેસિલિટી મળવાને કારણે પ્રવાસીઓને અવરજવર કરવામાં ફાયદો થશે. જોગેશ્વરીમાં ટર્મિનસ બનાવવાનો માર્ગ મોકળો બન્યા પછી હવે વસઈમાં પણ ટર્મિનસ બનાવવામાં આવશે, જેથી પશ્ચિમ રેલવેના પ્રવાસીઓને લાંબા અંતરની ટ્રેન પકડવાની કનેક્ટિવિટી વધશે.

આ મુદ્દે રેલવેના અધિકારીએ કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રેલવે મંત્રાલયને નવા શહેરોના વિકાસ માટે મેગા ટર્મિનસ બનાવવાની સૂચના આપી છે. રેલવે બોર્ડ અહીંથી નવા રૂટ પર ટ્રેનો દોડાવવાની યોજના બનાવી રહ્યું છે. આથી બૃહદ મુંબઈમાં મુસાફરોની સુવિધા માટે રેલવે બોર્ડે પશ્ચિમ રેલવે પર નવા વસઈ રોડ ટર્મિનસને મંજૂરી આપી છે. વસઈમાં ટર્મિનસ બનાવવાને કારણે શહેરની બહારથી મેઇલ-એક્સપ્રેસ ટ્રેનોનું હેન્ડલિંગ શક્ય બનશે, એમ પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું હતું.

વસઈ રોડ કોચિંગ ટર્મિનસને પશ્ચિમ રેલવેની પરિવહન સુવિધાઓ અને ક્ષમતા વધારવા માટે રૂ. ૧૫૦.૨૬ કરોડના ભંડોળ સાથે મંજૂરી આપવામાં આવી રહી છે, એ મુજબનો પત્ર બોર્ડના ગતિશક્તિ ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર અભિષેક જગાવતે ૧૭ માર્ચે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્રાને મોકલવામાં આવ્યો

(જુઓ પાનું ૪) ▸▸

# એકનાથ શિંદેના ગઢ પર ડોળો

## થાણેમાં 'શત પ્રતિશત' દરજ્જો મેળવીશું: ભાજપ

થાણે: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાની મુશ્કેલી વધારતું નિવેદન રવિવારે ભાજપના નેતા દ્વારા કરવામાં આવ્યું હતું. ભાજપના નેતાએ દાવો કર્યો હતો કે તેમનો પક્ષ થાણેમાં સતત આગળ વધી રહ્યો છે અને ટૂંક સમયમાં થાણેમાં 'શત પ્રતિશત' (૧૦૦ ટકા) દરજ્જો મેળવશે.

ઉલ્લેખનીય છે કે થાણે શિંદેનો ગઢ ગણાય છે અને શિંદેની શિવસેના મહાયુતિમાં મુખ્ય ઘટકપક્ષ છે.

થાણે શહેર જિલ્લાના ભાજપના પ્રમુખ સંજય વાઘુલેએ જણાવ્યું હતું કે શિવસેના, શિવસેના-યુબીટીના અનેક કાર્યકરો ભાજપના સ્થાપના દિને રવિવારે પક્ષમાં જોડાયા હતા.

'થાણેમાં ભાજપ 'શત પ્રતિશત ભાજપ'નો દરજ્જો મેળવવા આગળ વધી રહ્યો છે. ફક્ત થાણેમાં જ ૮૪,૦૦૦થી વધુ સભ્યો અમારા પક્ષમાં જોડાયા છે', એવો દાવો વાઘુલેએ કર્યો હતો.

ભાજપના વિધાનસભ્ય સંજય કેળકરે દાવો કર્યો હતો કે સંપૂર્ણ મહારાષ્ટ્રમાં ૧.૫ કરોડ કરતા વધુ સભ્ય ભાજપમાં જોડાયા છે જ્યારે ફક્ત થાણે જિલ્લામાં આ આંકડો ૧.૫ લાખ કરતા વધુ છે.

વિધાન પરિષદના સભ્ય નિરંજન દાવખરેએ જણાવ્યું હતું કે ભાજપના વિઝન અને નેતાગિરિ પર લોકો વિશ્વાસ કરી રહ્યા છે એ સકારાત્મક સંકેત છે.

# ભત્રીજાએ કાકાને ટોણો માર્યો: કાકા કયું તીર છોડશે?

## બારામતીમાં મારા જેટલું કામ કોઈએ નથી કર્યું: અજિત પવાર

પુણે: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે રવિવારે શરદ પવારને ટોણો માર્યો હતો. બારામતી અને શરદ પવાર વચ્ચેના નાતાથી બધા વાકેફ છે. બારામતી એટલે શરદ પવાર એવું સમીકરણ મહારાષ્ટ્રના લોકો જાણે છે. એવું સમીકરણ બનવાનું ખાસ કારણ એ છે કે શરદ પવાર રાજ્ય અને દેશના અગ્રણી નેતા છે. દેશના રાજકારણમાં તેમનો મોટો પ્રભાવ છે. જોકે, કાકા શરદ પવાર કરતાં બારામતીમાં વધુ વિકાસનાં કામો પોતે કર્યા હોવાનો આડકતરો દાવો ભત્રીજા અજિત પવારએ કર્યો છે. એક કાર્યક્રમમાં કરેલા ભાષણમાં અજિત પવારે એ સંબંધે નિવેદન આપ્યું છે. હવે જોવાનું એ રહેશે કે શરદ પવારનો પક્ષ આ નિવેદન પર કેવી પ્રતિક્રિયા આપે છે. બારામતીમાં દિવ્યાંગ લોકોને નિ:શુલ્ક સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું એ કાર્યક્રમમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે હાજરી આપી હતી. આ પ્રસંગે અજિત પવારએ જણાવ્યું હતું કે 'બારામતીમાં મેં અત્યાર સુધી જેટલું કામ કર્યું છે તેટલું કામ કર્યું હોય એવો એક પણ વિધાનસભ્ય તમને નહીં મળે. ૧૯૫૨થી ચૂંટાયેલા વિધાનસભ્યોનાં કાર્યો જુઓ અને એની સાથે મેં કરેલાં કાર્યો સરખાવી જુઓ. હું હજુ પણ કામ કરીશ.' ■

# થાણેનો માજીવાડા ફ્લાયઓવર ૧૫ દિવસ માટે રાતના સમયે બંધ રહેશે

થાણે: વડાલા-ઘાટકોપર-કાસારવડવલી આ મેટ્રો-ચારનું કામ થાણેમાં મોટા પાયા પર કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત થાણેના માજીવાડા મેટ્રો સ્ટેશનની છતનું કામ ચાલુ કરવામાં આવવાનું છે. તે માટે માજીવાડા ફ્લાયઓવર પરથી નાશિક અને ઘોડબંદર રોડની દિશામાં જનારા વાહનવ્યવહારને પાંચથી ૨૦ એપ્રિલ દરમ્યાન રાતના ૧૦થી વહેલી સવારના પાંચ વાગ્યા સુધી પુલ નીચે ડાઈવર્ટ કરવામાં આવ્યો છે. આ ફેરફારને કારણે જોકે મોડી રાતના ભારે વાહનોની આ વિસ્તારમાં લાંબી લાઈન લાગવાની શક્યતા છે.

થાણે ટ્રાફિક વિભાગે આ બાબતે સૂચના બહાર પાડી છે. ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર જ્યુપિટર હૉસ્પિટલ પાસે માજીવાડા મેટ્રો સ્ટેશનનું કામ ચાલી રહ્યું હોઈ તેના પર છત ઊભી કરવા માટે કૉલમ

(જુઓ પાનું ૪) ▸▸

# એમએમઆરડીએને બીકેસીના પ્લોટ થકી ૩,૮૪૦ કરોડ રૂપિયાની કમાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવા આર્થિક વર્ષમાં ૩,૨૪૮.૭૨ કરોડ રૂપિયાની આર્થિક ખાધનો સામનો કરી રહેલી મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ને પ્લોટને ભાડા પર આપવાથી ૩,૮૪૦ કરોડ રૂપિયાનો આર્થિક ફાયદો થવાનો છે. બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ (બીકેસી)માં ત્રણ પ્લોટ એમએમઆરડીએ સરેરાશ ૩૧ ટકા પ્રીમિયમ પર ભાડા પર આપવાની છે.

એમએમઆરડીના માથા પર મુંબઈના છ હજાર ચોરસ કિલોમીટરથી વધુ ક્ષેત્રફળના વિકાસકામની જવાબદારી છે, તે માટે ઓથોરિટી પાસે એક લાખ ૨૦ હજાર કરોડ રૂપિયાથી વધુ કિંમતનાં વિકાસકામો પ્રસ્તાવિત છે. એમએમઆરડીએ પાસે ૩૫,૧૫૧.૧૪ કરોડના કામ ૨૦૨૫-૨૬ના આર્થિક વર્ષમાં પ્રસ્તાવિત છે. જોકે તેની સામે આવકના સ્રોત મર્યાદિત છે. મુખ્યત્વે બીકેસીના જમીનના પ્લોટના વેચાણ (લાંબા ગાળા પર ભાડા પર આપવા)ને કારણે જ તેને આવક થઈ શકે છે. સદ્‌નસીબે ત્રણ પ્લોટ માટે વધુ પૈસા આપવાની તૈયારી આંતરરાષ્ટ્રીય કંપનીએ દર્શાવી છે. બહુ જલદી આ પ્લોટના વેચાણને લગતી પ્રક્રિયા ચાલુ થવાની છે, તેના માધ્યમથી એમએમઆરડીએને ૩,૮૪૦ કરોડ રૂપિયાની આવક ઊભી થવાની છે.

એમએમઆરડીએ દ્વારા તાજેતરમાં સી-૧૩, સી-૧૯ અને સી-૮૦ આ ત્રણ પ્લોટ ભાડાતત્વ પર આપવા માટે ટેન્ડર કાઢ્યાં હતાં. તેનો અનામત દર હાલ ૩.૪૪ લાખ રૂપિયા પ્રતિ ચોરસ મીટર જેટલો નક્કી કરવામાં આવ્યો હતો. તેમાં સી-૧૩ અને સી-૧૯ આ બંને પ્લોટ માટે જાપાનની મેસર્સ ગોઈસ રિઅલ્ટી પ્રાઈવેટ લિમિટેડ (સોમિટોમો) આ કંપનીએ અનુક્રમે ૪,૮૦,૯૪૫ અને ૪,૮૨,૯૯૨ રૂપિયાના દરે બોલી લગાવી હતી. આ દર સૌથી વધુ હોવાથી જાપાની કંપનીને આ પ્લોટ લગભગ નક્કી થઈ ગયો છે.

સી-૮૦ આ પ્લોટ માટે મેસર્સ શ્લોસ બેંગલોર લિમિટેડે આર્લિંગા ઈકોસ્પેસ અને શ્લોસ ચાણક્ય પ્રાઈવેટ લિમિટેડ સહિત ૩ લાખ ૮૭ હજાર રૂપિયા પ્રતિ ચોરસ મીટર દરે બોલી લગાવી હતી. આ દર પણ ઓથોરિટીના અનામત દર કરતાં ૧૨.૩૪ ટકા વધુ એટલે કે પ્રીમિયમ પર હતો. ■

# ગિરગામમાં ગૃહિણીનો વિનયભંગ કરવા બદલ ડિલિવરી બૉયની ધરપકડ

મુંબઈ: દક્ષિણ મુંબઈના ગિરગામ વિસ્તારમાં ગૃહિણીનો વિનયભંગ કરવા બદલ ડિલિવરી બૉયની વી.પી. રોડ પોલીસે ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ શાહરુખ શેખ મોહંમદ શેખ (૨૯) તરીકે થઇ હોઇ તે ચેમ્બુરનો રહેવાસી છે. શેખને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને જુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

ગિરગામમાં રહેતી ૨૮ વર્ષની ગૃહિણીએ ૨૧ માર્ચે ફૂડ ડિલિવરી ઍપ પરથી કેટલીક ચીજો મગાવવા માટે ઓર્ડર આપ્યો હતો. ગૃહિણીને બાદમાં ડિલિવરી બૉયનો કૉલ આવ્યો હતો અને તેણે સરનામું પૂછ્યું હતું. તેણે ફરી એક વાર સરનામા માટે ગૃહિણીને કૉલ કર્યો હતો.

રાતે ડોરબેલ વાગતાં ગૃહિણીએ દરવાજો ખોલ્યો હતો. એ સમયે સામે ડિલિવરી બૉય ઊભો હતો અને તેણે ગૃહિણીનો વિનયભંગ કર્યો હતો. ગૃહિણી અંદર દોડી ગઇ હતી અને પતિને આની જાણ કરી હતી. પતિ બહાર આવતાં લોબીમાં ડિલિવરી બૉય લિફ્ટની રાહ જોતો ઊભો હતો. ગૃહિણીના પતિએ તેને પકડીને માર માર્યો હતો. જોકે તેને ધક્કો મારીને

(જુઓ પાનું ૪) ▸▸

**માલેગાંવ ૨૦૦૮ બ્લાસ્ટ કેસ**

# વિશેષ ન્યાયાધીશની બદલી રોકવા પીડિતો હાઇ કોર્ટ જશે

બહુચર્ચિત માલેગાંવ ૨૦૦૮ બૉમ્બબ્લાસ્ટ કેસની સુનાવણી કરી રહેલા સ્પેશિયલ એનઆઈએ જજ એ.કે. લાહોટીની નાશિક ખાતે બદલી કરવામાં આવી છે. તેઓ છેલ્લા કેટલાક વર્ષોથી નિયમિતપણે આ કેસની દૈનિક સુનાવણી કરી રહ્યા છે. આ કેસમાં મોટાભાગની દલીલો પૂર્ણ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં ચુકાદો અપેક્ષિત હતો. ત્યારે આવા સમયે જજ લાહોટીની બદલીના અચાનક આવેલા આદેશને કારણે પીડિતોમાં નારાજગી છે અને તેઓ આ નિર્ણયને અદાલતમાં પડકારવાનું વિચારી રહ્યા છે. ત્રણ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનાર ન્યાયાધીશોની બદલી કરવાના નિયમ હેઠળ જ એ. કે. લાહોટીની બદલીનો પણ આદેશ આવ્યો છે.

શનિવારે, વિશેષ ન્યાયાધીશ લાહોટીએ ફરિયાદી અને બચાવ પક્ષના વકીલોને તેમની બાકીની દલીલો ૧૫ એપ્રિલ સુધીમાં પૂર્ણ કરવા કહ્યું હતું, જેથી આ મહિનાના અંત સુધીમાં ચુકાદો સુરક્ષિત કરી શકાય. પરંતુ બોમ્બે હાઈ કોર્ટના રજિસ્ટ્રાર જનરલ દ્વારા જારી કરાયેલા ટ્રાન્સફર ઓર્ડર મુજબ, આ આદેશ ૯ જૂનથી લાગુ થશે, જ્યારે કોર્ટ ઉનાળાની રજાઓ પછી ફરીથી ખુલશે. ■

# કાંદિવલીમાં માર્ગ ઓળંગી રહેલી વૃદ્ધાનું ટેમ્પોની અડફેટે મોત

મુંબઈ: કાંદિવલીમાં માર્ગ ઓળંગી રહેલી બે વૃદ્ધાને ટેમ્પોએ અડફેટમાં લીધી હતી, જેમાં એકનું મોત થયું હતું, જ્યારે બીજી વૃદ્ધાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી.

પોલીસે આ પ્રકરણે ટેમ્પોચાલક ઇકબાલ શેખ વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

કાંદિવલીમાં એસ.વી. રોડ પર બેન્ક નજીક શનિવારે સાંજે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલ વૃદ્ધાની ઓળખ ભારતી શાહ (૭૧) તરીકે થઇ હતી. આ અકસ્માતમાં હંસા ઘીવાલા (૭૧) ઘાયલ થયાં હતાં.

કાંદિવલીમાં દહાણુકારવાડી ખાતે રહેતાં હંસા ઘીવાલા શનિવારે સાંજે ખરીદી કરવા નીકળ્યાં હતાં. તેઓ માર્ગ ઓળંગી રહ્યા હતા ત્યારે તેમની સાથે ભારતી શાહ પણ હતાં. માર્ગ ઓળંગતી વખતે

(જુઓ પાનું ૪) ▸▸

# બીડની મસ્જિદમાં બ્લાસ્ટ: બે આરોપી વિરુદ્ધ યુએપીએ લગાવાયો

મુંબઈ: બીડ જિલ્લામાં આવેલી મસ્જિદમાં બ્લાસ્ટ કરવા બદલ ધરપકડ કરાયેલા બે આરોપી વિરુદ્ધ આતંકવાદી કૃત્ય કરવા માટે કઠોર અનલોફૂલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ તેમ જ ભારતીય ન્યાય સંહિતાની કલમો લાગુ કરવામાં આવી છે.

બીડ જિલ્લાના ગેઉરાય તાલુકાના અર્ધ માસલા ગામમાં સરઘસ દરમિયાન બે જૂથ વચ્ચે ઝઘડા બાદ ૩૦ માર્ચે ઇદ-ઉલ-ફિત્ર વખતે મસ્જિદમાં જિલેટિન સ્ટિક્સનો વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. વિસ્ફોટમાં કોઇ ઇજા પામ્યું નહોતું, પરંતુ મસ્જિદના માળખાના આંતરિક હિસ્સાને નુકસાન થયું હતું. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી વિજય રામા ગવ્હાણે (૨૨) અને શ્રીરામ અશોક સાગડે (૨૪)ને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા હતા. બીડ પોલીસે આરંભમાં ભારતીય

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેમાં ધૂળના તોફાનમાં ઇમારતને નુકસાન, રહેવાસીઓને અન્ય ખસેડાયા

થાણે: થાણે જિલ્લામાં ધૂળના તોફાનને કારણે એક અનધિકૃત સાત માળની ઇમારતને નુકસાન પહોંચ્યું હતું અને અમુક રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા, એમ સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું.

મુંબ્રામાં શુક્રવારે બપોરે બનેલી આ ઘટનામાં કોઇ જાનહાનિ થવાના અહેવાલ નથી, એમ થાણે પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું.

ઠાકુરપાડામાં આવેલી અનધિકૃત ઇમારતના બે ટેરેસ લેવલ રૂમમાં જોરદાર હવાને કારણે તિરાડો પડી હતી. અગ્નિશમન દળ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ અને અતિક્રમણ નિયંત્રણ વિભાગના કર્મચારીઓ બચાવ વાહનો સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા તથા નુકસાન થયેલું બાંધકામ દૂર કર્યું હતું, એમ તડવીએ જણાવ્યું હતું. ■




# ગુજરાતની વિજયની હૅટ-ટ્રિક, હૈદરાબાદનો પરાજયનો ચોક્કો

## સિરાજે જીતનો પાયો નાખ્યોઃ વૉશિંગ્ટન, ગિલ, રુધરફર્ડે શાનથી વિજય અપાવ્યો

હૈદરાબાદઃ ગુજરાત ટાઇટન્સ (જીટી)એ રવિવારે અહીં સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ની યજમાન ટીમને ૨૦ બૉલ બાકી રાખીને સાત વિકેટે હરાવીને ચાર મૅચમાં ત્રીજો વિજય મેળવીને પૉઇન્ટ્સ-ટેબલમાં બીજું સ્થાન મેળવ્યું હતું. હૈદરાબાદની ટીમે ૨૦ ઓવરમાં આઠ વિકેટે માત્ર ૧૫૨ રન બનાવ્યા ત્યાર બાદ ગુજરાતે ૧૬.૪ ઓવરમાં ત્રણ વિકેટે ૧૫૩ રનનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. જીટીએ લાગલગાટ ત્રીજો વિજય હાંસલ કર્યો છે. એસઆરએસની ટીમે સતત ચોથી હાર જોઈ છે અને ટેબલમાં તળિયે છે.

જીટીને પહેલાં તો પેસ બોલર મોહમ્મદ સિરાજ (૪-૦-૧૭-૪)એ જીતનો મજબૂત પાયો નાખી આપ્યો હતો અને ત્યાર બાદ ઓપનર સાઇ સુદર્શન (પાંચ રન) તથા જૉસ બટલર (૦) સારું રમવામાં નિષ્ફળ ગયા ત્યાર બાદ વૉશિંગ્ટન સુંદરે (૪૯ રન, ૨૯ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) જીટી વતી રમવાનો મળતાં જ પોતાની ભૂતપૂર્વ ટીમ (હૈદરાબાદ)ને (બોલિંગ ન કરવા મળી તો) બૅટિંગમાં તાકાત બતાવી દીધી હતી. તેણે કૅપ્ટન શુભમન ગિલ (૬૧ અણનમ, ૪૩ બૉલ, નવ ફોર) સાથે ત્રીજી વિકેટ માટે ૯૦ રનની ભાગીદારી કરી હતી. ગિલ સાથે રુધરફર્ડ (૩૫ અણનમ, ૧૬ બૉલ, એક સિક્સર, છ ફોર) છેક સુધી ક્રીઝ પર રહ્યો હતો અને ૪૭ રનની પાર્ટનરશિપ કરી હતી.

હૈદરાબાદના શમીને બે અને પૅટ કમિન્સને એક વિકેટ મળી શકી હતી. ■

## પ્રૅક્ટિસ વખતે થોડી મજાકમસ્તી




કોલકાતામાં ગઈ કાલે પ્રૅક્ટિસ સેશન દરમ્યાન કેકેઆરના ઑલરાઉન્ડર સુનીલ નારાયણ સાથે મસ્તીના મૂડમાં લખનઊનો કૅપ્ટન રિષભ પંત. આવતી કાલે બપોરે 3.30 વાગ્યાથી ઈડનમાં કોલકાતા-લખનઊ વચ્ચે મૅચ રમાશે. (પીટીઆઇ)

# મોદીએ શ્રીલંકાના વર્લ્ડ ચૅમ્પિયન ક્રિકેટરોને કહ્યું, 'ટી-૨૦ ક્રિકેટને તમે ૧૯૯૬ના વર્લ્ડ કપમાં જ જન્મ આપી દીધેલો'



મોદી શ્રીલંકાના ૧૯૯૬ના જે વર્લ્ડ ચૅમ્પિયન ખેલાડીઓને મળ્યા એમાં સનથ જયસૂર્યા, ચામિન્ડા વાસ, અરવિંદ ડિસિલ્વા, માર્વન અટાપટ્ટુ, રવીન્દ્ર પુષ્પકુમારા, ઉપુલ ચંદાના, કુમાર ધર્મસેના અને રોમેશ કાલુવિથરણાનો સમાવેશ હતો.

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી શ્રીલંકાના પ્રવાસ દરમ્યાન ૧૯૯૬ના વન-ડે વર્લ્ડ કપની શ્રીલંકન ટીમના ખેલાડીઓને મળ્યા હતા અને તેમની એ વિરલ સિદ્ધિની યાદ તાજી કરવાની સાથે એક મુદ્દાની વાત કરી હતી. મોદીએ તેમની સાથેની મુલાકાતમાં કહ્યું હતું કે '૧૯૯૬ના વર્લ્ડ કપમાં શ્રીલંકાના ક્રિકેટરો જે આક્રમક અને નવા પ્રકારની સ્ટાઇલથી ક્રિકેટ રમ્યા હતા ખરેખર તો ત્યારે જ ટી-૨૦ ક્રિકેટના ફૉર્મેટનો જન્મ થયો એમ કહી શકાય.'

ટી-૨૦ ક્રિકેટ એકવીસમી સદીની શરૂઆતમાં રમાતી થઈ હતી, ૨૦૦૪માં ટી-૨૦ની સૌથી પહેલી આંતરરાષ્ટ્રીય સિરીઝ (ઑસ્ટ્રેલિયા-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે) રમાઈ હતી અને ૨૦૦૭માં સૌથી પહેલો ટી-૨૦ વર્લ્ડ કપ રમાયો હતો જે ભારતે જીતી લીધો હતો.

પીએમ મોદીએ શ્રીલંકામાં ૧૯૯૬ની વિશ્વ વિજેતા શ્રીલંકન ટીમ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે '૧૯૮૩ના ભારતના વર્લ્ડ ચૅમ્પિયનપદ અને ૧૯૯૬ના શ્રીલંકાના વર્લ્ડ ચૅમ્પિયનપદની ક્રિકેટજગત પર અનેરી છાપ પડી હતી. આ બન્ને વિશ્વ વિજેતાપદ સાથે ક્રિકેટ વિશ્વમાં મોટું પરિવર્તન આવ્યું હતું.

મોદી શ્રીલંકાના ૧૯૯૬ના જે વર્લ્ડ ચૅમ્પિયન ખેલાડીઓને મળ્યા હતા એમાં સનથ જયસૂર્યા, ચામિન્ડા વાસ, અરવિંદ ડિસિલ્વા, માર્વન અટાપટ્ટુ, રવીન્દ્ર પુષ્પકુમારા, ઉપુલ ચંદાના, કુમાર ધર્મસેના અને રોમેશ કાલુવિથરણાનો સમાવેશ હતો.

મોદીએ આ ખેલાડીઓ સાથેની વાતચીતમાં યાદ અપાવતા એવું પણ કહ્યું હતું કે '૧૯૯૬માં શ્રીલંકામાં બૉમ્બ ધડાકો થયો હોવા છતાં ભારતીય ટીમે શ્રીલંકાનો પ્રવાસ કર્યો હતો એ બન્ને દેશ વચ્ચેની મિત્રતા તેમ જ ખેલદિલીના શ્રેષ્ઠ પ્રતીક સમાન છે.'

એક અધિકારીએ જણાવ્યું હતું કે 'શ્રીલંકાના ક્રિકેટરોએ પીએમ મોદીને જાફના સહિત શ્રીલંકાના ઉત્તરિય ભાગમાં ઉચ્ચ-સ્તરીય ક્રિકેટ ગ્રાઉન્ડના વિકાસ માટે સપોર્ટ કરવાની વિનંતી કરી હતી.'

શ્રીલંકાને આર્થિક કટોકટી દરમ્યાન ખુલ્લા દિલથી સહાય કરવા બદલ પણ શ્રીલંકન ક્રિકેટરોએ મોદીનો આભાર માન્યો હતો. ■

# બુમરાહ એમઆઇની ટીમ સાથે જોડાઈ ગયો છે, પણ ફિટનેસ માટે પૂરતી પ્રૅક્ટિસ કરી છે ખરી?

મુંબઈઃ આઇપીએલની ૧૮મી સીઝનમાં ચારમાંથી ત્રણ મૅચ હારવા બદલ હાલમાં નાજુક સ્થિતિનો સામનો કરી રહેલી મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમને ફરી સકારાત્મક સ્થિતિમાં લાવી શકે એવું બનવા જઈ રહ્યું છે. ટીમનો મુખ્ય બોલર જસપ્રીત બુમરાહ કમબૅક કરી રહ્યો છે. તે એમઆઇની સ્ક્વૉડ સાથે જોડાઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. જોકે તે આઇપીએલમાં રમતાં પહેલાં ફિટનેસ પુરવાર કરવા માટેની એકાદ-બે પ્રૅક્ટિસ મૅચ રમીને આવ્યો છે કે કેમ એ સ્પષ્ટ નહોતું.




બુમરાહ પીઠના નીચલા ભાગમાં સ્ટ્રેસ સંબંધિત ઈજાને કારણે ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટથી નથી રમી રહ્યો. તે બેંગલૂરુમાં નૅશનલ ક્રિકેટ ઍકેડેમી (એનસીએ)માં સારવાર લઈ રહ્યો હતો. જોકે તે શનિવારે એમઆઇ સાથે જોડાઈ ગયો હોવાનું જાણવા મળ્યા બાદ એવું પણ કહેવાઈ રહ્યું છે કે તે આજે વાનખેડે સ્ટેડિયમમાં એમઆઇ અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) વચ્ચે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) રમાનારી મૅચમાં રમશે કે કેમ એ હજી નક્કી નહોતું.

બુમરાહ બેંગલૂરુમાં સેન્ટર ઑફ એક્સેલન્સ ખાતેના બીસીસીઆઇના સ્ટાફ પાસેથી રમવા માટેનું સર્ટિફિકેટ લઈને આવ્યો હોવાનું મનાય છે.

ચોથી એપ્રિલે બુમરાહની ફિટનેસ વિશે જે અપડેટ મળ્યું હતું એમાં જણાવાયું હતું કે તે ૭મી એપ્રિલની વાનખેડેની આરસીબી સામેની મૅચમાં કદાચ નહીં રમે.

મુંબઈ ઇન્ડિયન્સની ટીમ આ વખતની આઇપીએલમાં ચારમાંથી એક જ મૅચ જીતી શકી છે. બુમરાહની ગેરહાજરીમાં બે પેસ બોલર અશ્વની કુમાર અને સત્યનારાયણ રાજુને તેમ જ સ્પિનર વિજ્ઞેશ પુથુરને ડેબ્યૂ કરવાનો મોકો અપાયો છે. વર્તમાન ટીમના મુખ્ય પેસ બોલર્સમાં ટ્રેન્ટ બૉલ્ટ, દીપક ચાહર અને હાર્દિક પંડ્યાનો સમાવેશ છે.

બુમરાહ ૨૦૧૩ની સાલથી એમઆઇ વતી રમે છે અને તેણે ૧૩૩ મૅચમાં ૧૬૫ વિકેટ લીધી છે. ૨૦૨૩માં તે પીઠની ઈજાને લીધે આઇપીએલમાં નહોતો રમી શક્યો. ■

# આરસીબીને વાનખેડેમાં ૧૦ વર્ષે ફરી જીતવું છે, પણ મૅચ-વિનર બુમરાહ પાછો આવી ગયો છે

## આજે સાંજે ૭.૩૦ વાગ્યાથી મુંબઈ-બેંગલૂરુની ટક્કર

મુંબઈઃ રજત પાટીદારના સુકાનમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની ટીમ સારા ફૉર્મમાં છે, જ્યારે હાર્દિક પંડ્યાની કૅપ્ટન્સીમાં એમઆઇની ટીમ પ્રારંભિક આંચકા ખમી રહી છે અને આ માહોલમાં આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) વાનખેડે સ્ટેડિયમમાં આ બન્ને ટીમ વચ્ચેનો મુકાબલો રસાકસીભર્યો બનવાની પાકી સંભાવના છે. આરસીબીને ૨૦૧૫ની સાલ પછી પહેલી વાર વાનખેડેમાં કેમેય કરીને જીતવું છે, પરંતુ કમબૅકમૅન જસપ્રીત બુમરાહ તેમને એવું કરતા રોકી શકે.

બુમરાહ પીઠના સ્ટ્રેસ બદલ લગભગ બે મહિના મેદાનથી દૂર રહ્યો, પણ હવે એમઆઇને કટોકટીમાંથી બહાર લાવવા પાછો આવી ગયો છે.

એમઆઇની ટીમ ચારમાંથી ત્રણ મૅચ હારી જતાં હાલમાં છેક આઠમા નંબરે છે. આરસીબીની ટીમ ત્રણમાંથી બે મુકાબલા જીતી છે અને બીજા સ્થાને છે.

બુમરાહ તક મળશે તો ખાસ કરીને વિરાટ કોહલીને કેટલો કાબૂમાં રાખશે એ જોવું રહ્યું. રોહિત શર્મા ફૉર્મમાં નથી અને એમઆઇ માટે એ સૌથી મોટું નુકસાન છે. તે ૨૦૨૩ની શરૂઆત બાદ આઇપીએલની ૩૩ ઇનિંગ્સમાંથી ૨૧ ઇનિંગ્સમાં પાવરપ્લેની અંદર આઉટ થયો છે. ■

# જૉસ બટલરે નવ વર્ષ પહેલાં લગ્ન માટે ગર્લફ્રેન્ડ સામે એક શરત મૂકી હતી, જાણો આખી સ્ટોરી શું છે...

હૈદરાબાદઃ આઇપીએલની કરીઅરમાં ૩,૭૦૦થી પણ વધુ રન કરી ચૂકેલો ગુજરાત ટાઇટન્સ (જીટી)નો બ્રિટિશ બૅટર જૉસ બટલર આ વખતે પણ સારા ફૉર્મમાં છે અને જીટીના ફ્રૅન્ચાઇઝીએ તેને ૧૫.૭૫ કરોડ રૂપિયામાં ખરીદીને તેના પર જે વિશ્વાસ મૂક્યો છે એનું તે વળતર આપી રહ્યો છે. જોકે આ તો તેની આઇપીએલની કારકિર્દીની વાત થઈ. તેના અંગત જીવન વિશે થોડું જાણીએ તો તેની લવ સ્ટોરી ખૂબ રસપ્રદ છે.

બટલરે લગ્ન માટે તેની ગર્લફ્રેન્ડની સામે એક શરત મૂકી હતી.

વિકેટકીપર-બૅટ્સમૅન બટલરે ૨૦૧૧માં ઇંગ્લૅન્ડ વતી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. ૨૦૧૪ની સાલ સુધીમાં તે ઇંગ્લૅન્ડ વતી ત્રણેય ફૉર્મેટનો મુખ્ય ખેલાડી બની ગયો હતો. ૨૦૧૫ સુધી તો બટલર માટે બધુ બરાબર ચાલી રહ્યું હતું, પણ એ જ વર્ષમાં પાકિસ્તાન સામેની ટેસ્ટ-સિરીઝની મધ્યમાં તેને ઇંગ્લૅન્ડની ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો હતો. ત્યાર બાદ સાઉથ આફ્રિકા સામેની શ્રેણીની ટીમમાં પણ તેને સ્થાન નહોતું અપાયું. થોડા મહિનાના સંઘર્ષ બાદ છેવટે બટલરની ૨૦૧૬ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડની ટીમમાં વાપસી કરી હતી.

બટલર ૩૪ વર્ષનો છે. ઇંગ્લૅન્ડ વતી તે કુલ ૩૭૦થી પણ વધુ મૅચ રમ્યો છે જેમાં તેણે ૧૧,૫૦૦થી પણ વધુ રન કર્યા છે અને સ્ટમ્પ્સની પાછળથી ૫૫૦ જેટલા શિકાર કર્યા છે.

બટલરની કરીઅરમાં ૨૦૧૬માં જે ઉતાર-ચઢાવ આવ્યા એની વચ્ચે તેના અંગત જીવનમાં રસપ્રદ વળાંક આવ્યો હતો. ત્યારે બટલર પચીસ વર્ષનો હતો અને ગર્લફ્રેન્ડ લુઇઝ સાથે તેના લગ્નની વાતો ચાલતી હતી. લુઇઝ ૧૪ વર્ષની હતી ત્યારથી બટલરની તેની સાથે દોસ્તી હતી. ૨૦૧૬માં બટલરની કારકિર્દી મુશ્કેલીમાં હતી ત્યારે લુઇઝે તેની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. જોકે એ પ્રપોઝલ સ્વીકારતાં પહેલાં બટલરે લુઇઝ સામે શરત મૂકી હતી કે જ્યાં સુધી તેની કરીઅર ફરી પાટે ન ચડે ત્યાં સુધી તેની સાથે તે મૅરેજ નહીં કરે.



૨૦૧૬ના ઑક્ટોબરમાં બટલરને બાંગ્લાદેશ સામેની વન-ડે સિરીઝમાં પહેલી વાર ઇંગ્લૅન્ડની ટીમની કૅપ્ટન્સી મળી હતી. તેના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડે એ શ્રેણી ૨-૧થી જીતી લીધી હતી.

બટલરે લુઇઝ સાથે સગાઈ તો કરી જ લીધી હતી, પણ લગ્ન માટે ઉતાવળ ન કરવાનું લુઇઝને કહ્યું હતું. એ જ અરસામાં બ્રિટિશ ટીમમાં બટલરનું સ્થાન પાક્કું થયું ત્યાર બાદ ૨૦૧૭ની ૨૧મી ઑક્ટોબરે બટલરે લુઇઝને પત્ની તરીકે સ્વીકારી હતી.

ફૂટબૉલ-પ્રેમી બટલર મૅન્ચેસ્ટર સિટી ટીમનો ફૅન છે. એપ્રિલ, ૨૦૧૯માં લુઇઝે પ્રથમ બાળકીને જન્મ આપ્યો હતો. સપ્ટેમ્બર, ૨૦૨૧માં લુઇઝ-બટલરને ત્યાં બીજું કન્યારત્ન અવતર્યું હતું. મે, ૨૦૨૪માં લુઇઝે પુત્રને જન્મ આપ્યો હતો. ■

# તિલકને રિટાયર-આઉટ કરાતાં ડ્રેસિંગ-રૂમમાં સૂર્યકુમાર ચોંકી ગયો હતો

## સૂર્યાએ આઉટ થતાં પહેલાં તિલક સાથે ૬૬ રનની ભાગીદારી કરી હતી

લખનઊઃ ભારત વતી ટી-૨૦માં બે સેન્ચુરી ફટકારી ચૂકેલા અને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની બૅટિંગ લાઇન-અપમાંના એક આધારસ્તંભ ગણાતા તિલક વર્માને શુક્રવારે અહીં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામેની મૅચની અંતિમ પળોમાં રિટાયર-આઉટ કરી દેવામાં આવ્યો (બૅટિંગમાં હોવા છતાં કોઈ નવા બૅટ્સમૅનને રમવાનો મોકો આપવા પૅવિલિયનમાં પાછો મોકલી દેવામાં આવ્યો) એ નિર્ણય ચર્ચાસ્પદ થયો છે.



શુક્રવાર અને શનિવારે સોશિયલ મીડિયામાં આ નિર્ણય બદલ એમઆઇના ટીમ-મૅનેજમેન્ટની ખૂબ ટીકા થઈ હતી, હવે અહેવાલ મળ્યો છે કે એ મૅચમાં ભારે સંઘર્ષભરી ઇનિંગ્સમાં ૪૩ બૉલમાં કુલ ૧૦ બાઉન્ડરીની મદદથી ૬૭ રન બનાવનાર સૂર્યકુમાર યાદવ સાથી ખેલાડી તથા ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે ટીમમાં ખાસ સમાવવામાં આવેલા તિલકને આ રીતે રિટાયર-આઉટ કરવાના નિર્ણય બદલ નારાજ છે.

ટીમ-મૅનેજમેન્ટમાં કૅપ્ટન, કોચ તેમ જ ટીમના સિનિયર ખેલાડીઓનો સમાવેશ હોય છે.

એમઆઇને જીતવા ૨૦૪ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. છેલ્લા સાત બૉલમાં ૨૪ રન બનાવવાના બાકી હતા અને એમઆઇ પાસે વિકેટ ઘણી બાકી હતી. જોકે ૨૩ બૉલમાં પચીસ રન બનાવનાર તિલક વર્માને એ તબક્કે રિટાયર-આઉટ કરવાનો નિર્ણય લેવાયો હતો જે કારગત નહોતો નીવડ્યો. એમઆઇની ટીમ ૨૦ ઓવરમાં ૧૯૧ રન બનાવી શકી હતી અને ૧૨ રનથી પરાજય થયો હતો. તિલકના સ્થાને મિચલ સૅન્ટનરને રમવા બોલાવાયો હતો. હાર્દિક પંડ્યા અને સૅન્ટનર એમઆઇને વિજય નહોતા અપાવી શક્યા. આવેશ ખાનની ૨૦મી ઓવરના ત્રીજા બૉલમાં હાર્દિકે પોતે જ મૅચ ફિનિશ કરવાનું નક્કી કરીને સિંગલ લેવાનું ટાળ્યું હતું, પણ તે બાકીના ત્રણ બૉલમાં વિજય નહોતો અપાવી શક્યો.

એમઆઇના હેડ-કોચ માહેલા જયવર્દનેએ મૅચ પછી કહ્યું હતું કે 'ઇમ્પૅક્ટ પ્લેયર તિલક વર્માને રિટાયર-આઉટ કરી દેવાનું ઠીક તો ન કહેવાય, પણ એ નિર્ણય ખાસ વ્યૂહરચનાને ધ્યાનમાં લઈને લેવાયો હતો. તિલક સારું રમ્યો, પણ છેલ્લી ઓવર્સમાં તે જોઈએ એવું ઉગ્રતાથી નહોતો રમી શકતો. મને થયું કે થાકી ગયેલા તિલકના સ્થાને કોઈ નવા બૅટ્સમૅનને મોકલવો જોઈએ.'

જોકે જયવર્દનેના આ નિર્ણયથી સૂર્યકુમાર નારાજ હોય એવું વીડિયોમાં જોવા મળ્યું હતું. સૂર્યકુમાર આઉટ થયો એ પહેલાં તેની અને તિલક વચ્ચે ૪૮ બૉલમાં ૬૬ રનની ભાગીદારી થઈ હતી. સૂર્યા નિર્ણયથી નારાજ થયો હતો અને ખુદ જયવર્દનેએ તેને ઠંડો પાડ્યો હોવાનું વીડિયોમાં દેખાતું હતું.

ભૂતપૂર્વ ભારતીય ખેલાડીઓ વીરેન્દર સેહવાગ, હરભજન સિંહ અને મોહમ્મદ કૈફના મતે તિલક વર્માને રિટાયર-આઉટ કરી દેવાના નિર્ણય પાછળ કંઈ જ તથ્ય હોય એવું લાગતું નહોતું. આ ભૂતપૂર્વ ખેલાડીઓનું એવું કહેવું હતું કે 'તિલકના સ્થાને એવા બૅટ્સમૅનને મેદાન પર મોકલવામાં આવ્યો જે ચોક્કા-છગ્ગા ફટકારવા માટે જરાય જાણીતો નથી અને આઇપીએલમાં બૅટિંગમાં તેનો માત્ર ૧૦૬.૦૦નો સ્ટ્રાઇક-રેટ છે. ■

# કિવી ફીલ્ડરના થ્રોમાં બૉલ પાકિસ્તાની ક્રિકેટરની હેલ્મેટમાં ઘૂસી ગયો!

## ઇમામ-ઉલ-હકના મોં પરની ઈજા ગંભીર નથીઃ અગાઉની મૅચમાં રઉફને હેલ્મેટ પર બૉલ વાગ્યો હતો

માઉન્ટ મોન્ગેનુઇઃ પાકિસ્તાને શનિવારે ન્યૂ ઝીલૅન્ડ સામેની ત્રીજી વન-ડે પણ હારી જતાં જે નાલેશી જોવી પડી એ પહેલાં મોહમ્મદ રિઝવાનની આ ટીમના એક ખેલાડીને એવી રીતે ઈજા થઈ કે એનો વીડિયો જોઈને ભલભલો ક્રિકેટપ્રેમી ચોંકી જાય. કોઈએ કદી આ રીતે કોઈ ખેલાડીને ઈજા પામતો નહીં જોયો હોય.

પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન ઇન્ઝમામ-ઉલ-હકનો ભત્રીજો ઇમામ-ઉલ-હક બૅટિંગમાં હતો ત્યારે આ ગોઝારી ઘટના બની હતી.

ઓપનર ઇમામ એક રન દોડીને રન પૂરો કરી રહ્યો હતો ત્યારે ફીલ્ડરના થ્રોમાં આવેલો બૉલ ઇમામની હેલ્મેટની ગ્રિલમાં અંદર જતો રહ્યો હતો અને હેલ્મેટમાં અંદર જ અટકી ગયો હતો.



ફીલ્ડરનો થ્રો એટલો જોરદાર હતો કે બૉલના વેગને લીધે ઇમામને જડબામાં અને નાક પર ઈજા થઈ હતી.

ઇમામ ઈજા છતાં ક્રીઝની અંદર આવી ગયો હતો, હેલ્મેટ કાઢી હતી અને બૅટ ફેંકીને નીચે પડ્યો હતો. ટીમના ફિઝિયોથેરપિસ્ટ તરત દોડી આવ્યા હતા. ઇમામની હાલત એટલી ખરાબ હતી કે તે સંતુલન નહોતો જાળવી શક્યો. દુખાવાને કારણે મોં પકડીને બેઠો રહ્યો હતો. તેને તરત જ એમ્બ્યૂલન્સમાં સૂવડાવીને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

ઇમામ ઈજા પામ્યો ત્યારે તે એક રન પર રમી રહ્યો હતો. તેના સ્થાને ઉસમાન ખ્વાજાને ટીમમાં સમાવવામાં આવ્યો હતો. પછીથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે 'ઇમામને મોં પર થોડી ઈજા થઈ છે એટલે તેના ચાહકોએ ચિંતા કરવી નહીં. તે વિમાનમાં પ્રવાસ પણ કરી શકશે.'

પાકિસ્તાનનો શનિવારે ત્રીજી વન-ડેમાં પણ પરાભવ થતાં એનો ૦-૩થી વાઈટ-વૉશ થયો હતો. એ પહેલાં, પાકિસ્તાનની કિવીઓ સામે સલમાન આગાના સુકાનમાં ટી-૨૦ શ્રેણીમાં ૧-૪થી હાર થઈ હતી.

સિરીઝની બીજી વન-ડે દરમ્યાન પાકિસ્તાનના બોલર હૅરિસ રઉફને હેલ્મેટ પર બૉલ વાગ્યો હતો. ■

# ચીનના વળતા હુમલા બાદ ગ્લોબલ ટ્રેડવોર નવાં જોખમી સ્તરેઃ ટૂંકાગાળાનો ટ્રેન્ડ ઘટાડાતરફી, બજારમાં સાવચેતીનું માનસ રહેશે

ટ્રમ્પે આખરે તેના તર્ક વગરના અને સૌને પાયમાલી તરફ દોરી જનારા વિચારોને સત્તાની ગોફણમાં ભેરવીને વૈશ્વિક અર્થતંત્રને માથે રેસિપ્રોકલ ટેરિફને નામે પછાડી જ દીધા છે. આ તરફ ચીને ટ્રમ્પની ટેરિફની જાહેરાતના ૪૮ જ કલાકામાં અમેરિકાની તમામ આયાત પર ૩૪ ટકા ટેરિફનો વળતો ઘા કરીને ગ્લોબલ ટ્રેડ વોર નવાં જોખમી સ્તરે પહોંચાડવાની દિશમાં પહેલુ પગલું માંડી દીધું છે. અમેરિકન બજારના ભયાનક કડાકાની અશર સોમવારે જોવા મળે એવી સંભાવના છે.

ખૂદ અમેરિકાના અર્તંત્ર માટે પણ આ પગલું નકારાત્મક છે. વોલસ્ટ્રીટમાં ડાઉજોન્સમાં ૧૭૦૦ પોઇન્ટ અને એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સમાં છ ટકાનો કડાકો બોલાઇ ગયો હતો અને આમ માત્ર બે દિવસમાં ઇન્ડેક્સના માર્કેટ કેપિટલમાં પાંચ ટ્રિલિયન ડોલરનું ધોવાણ થઇ ગયું છે. અમુક ઇન્વેસ્ટર્સ ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની આશા સેવી રહ્યાં હતાં કારણકે ટ્રમ્પ એ માટે પોવેલ પર દબાણ કરી રહ્યાં છે. જોકે, પોવેલે ફરી સોશિયલ મિડિયામાં અર્થતંત્રની મંદી અને ઇન્ફ્લેશન વધવાની ચિંતા વ્યક્ત કરી હોવાથી એ આશા પર પાણી ફરી વળ્યાં છે. ભારતની વાત કરીએ તો ટ્રમ્પે ભારત પર ૨૬ ટકા રેસિપ્રોકલ ટેપિ લાદવાની જાહેરાત સાથે ફાર્મા સેકટર બાકાત રહેવાની આશા પર પાણી ફેરવતા કહ્યું હતું કે વહેલી તકે ફાર્માસ્યુટિકલ સેકટર પર પણ ટેરિફ લાદવામાં આવશે. પાછલા સપ્તાહમાં સેન્સેક્સમાં ૨૦૫૦ પોઇન્ટનો કડાકો, માર્કેટ કેપમાં રૂ. ૯.૫૩ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે.

નિફ્ટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ દર્શાવે છે કે તેના પચાસ શેરોમાંથી, આશ્ચર્યજનક રીતે ૩૨ શેરો એટલે કે ૬૪ ટકા શેર મંદીના વલણમાં છે. વ્યાપક શેરઆંક નિફ્ટી ૫૦૦ ઇન્ડેક્સનું વિશ્લેષણ કરીએ તો, આ સંખ્યા વધીને ૭૨ ટકા થાય છે. મિડકેપ ૧૫૦ અને સ્મોલકેપ ૨૫૦ ઇન્ડેક્સમાં પણ ભારે ઘટાડાના સંકેત છે, જેમાં ૭૦ ટકાથી વધુ શેરોમાં મંદીનો વેગ જોવા મળી રહ્યો છે.

પ્રાઇમરી માર્કેટમાં સન્નાટો છે, મેઇનબોર્ડમાં કોઇ હલચલ નથી. માત્ર ત્રણેક એસએમઇ શેરના લિસ્ટીંગ આ સપ્તાહે છે. જોકે, આશાવાદી વર્ગ માને છે કે, આ મંદીના સંકેતો છતાં, હજુ પણ આશાનું કિરણ છે. ઐતિહાસિક રીતે, બજારમાં આવા તીવ્ર વેચવાલીના દબાણ હોવા છતાં પણ અનેક ઘટનામાં પોઝિટીવ ટ્રેન્ડ સાથે પાછુ ફરતું જોવા મલ્યું છે, અને આ સંભવિત પરિવર્તનની શરૂઆત થઈ શકે છે.

અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પે વિશ્વના અનેક




દેશ પર પટકેલી રેસિપ્રોક્લ ટેરિફને કારણે સપ્તાહ દરમિયાન માત્ર એફએમસીજી અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સ વધ્યા, માર્કેટ કેપમાં રૂ. ૯.૫૩ લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. ચોથી એપ્રિલ, ૨૦૨૫એ પૂરા થયેલા ટ્રેડિંગ સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૭,૪૧૪.૯૨ના બંધ સામે ૨,૦૫૦.૨૩ પોઈન્ટ્સ (૨.૬૫ ટકા) ઘટ્યો હતો.

સેન્સેક્સ ૩૧ માર્ચ અને સોમવારે ૭૬,૮૮૨.૫૮ ખૂલી મંગળવાર અને પહેલી એપ્રિલે ઊંચામાં ૭૭,૪૮૭.૦૫ અને ૪ એપ્રિલ અને શુક્રવારે નીચામાં ૭૫,૨૪૦.૫૫ સુધી જઈ અંતે શુક્રવારે ૭૫,૩૬૪.૬૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૦૩.૩૪ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ.૪૧૨.૮૭ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૯.૫૩ લાખ કરોડનો ઘટાડો થયો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૨.૫૬ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૨.૫૫ ટકા અને બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૨.૫૦ ટકા ઘટ્યા હતા. બીએસઈ મિડકેપ ૨.૪૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૬૫ ટકા ઘટ્યા હતા. આઈપીઓ ૨.૩૪ ટકા ઘટ્યો અને એસએમઈ આઈપીઓ ૫.૭૦ ટકા વધ્યો હતો.

સેકટરલ ઈન્ડેક્સમાં માત્ર બીએસઈ એફએમસીજી ૦.૩૫ ટકા અને પીએસયુ બેન્ક ૦.૧૨ ટકા વધ્યા હતા, જ્યારે આઈટી ૮.૪૪ ટકા, મેટલ ૭.૭ ટકા, ટેક ૫.૯૧ ટકા, કેપિટલ ગુડ્સ ૪.૯૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૩.૫૯ ટકા, રિયલ્ટી ૩.૩૮ ટકા, ઓટો ૩.૩૧ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૨.૫૧ ટકા, હેલ્થકેર ૨.૧૫ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૧૨ ટકા, પાવર ૧.૮૫ ટકા, પીએસયુ ૧.૭૭ ટકા અને બેન્કેક્સ ૦.૬૫ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં ઈન્ડસઈન્ડ બેન્ક ૪.૭૯ ટકા, ઝોમેટો ૪.૩૪ ટકા, પાવર ગ્રીડ ૧.૧૪ ટકા એશિયન પેઈન્ટ ૦.૭૪ ટકા અને ભારતી એરટેલ ૦.૭૧ ટકા વધ્યો હતો. જ્યારે સૌથી ઘટેલા પાંચ શેરમાં એચસીએલ ટેકનોલોજી ૧૧.૯૦ ટકા, તાતા સ્ટીલ ૯.૮૩ ટકા, તાતા મોટર્સ ૯.૮૧ ટકા, તાતા કન્સલ્ટન્સી ૯.૨૪ ટકા અને ઈન્ફોસિસ ૮.૧૩ ટકા તૂટ્યો હતો.

એ ગ્રુપની ૭૧૬ કંપનીઓમાંથી ૨૭૧ કંપનીઓના ભાવ વધ્યા, ૪૪૫ કંપનીઓના ભાવ ઘટ્યા હતા. જ્યારે બી ગ્રુપની ૧,૩૦૨ કંપનીઓમાંથી ૮૩૭ કંપનીઓના ભાવ વધ્યા, ૪૬૨ કંપનીઓના ભાવ ઘટ્યા અને ત્રણનો સ્થિર રહ્યો હતો.

બીએસઈ ૧૦૦માં ૩૩ કંપનીઓ વધી, ૬૭ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૨૦૦માં ૬૧ કંપનીઓ વધી, ૧૩૯ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૩૦માં ૭ કંપનીઓ વધી, ૨૩ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૧૭૬ કંપનીઓ વધી, ૩૨૪ કંપનીઓ ઘટી હતી. મિડકેપની ૪૯ કંપનીઓ વધી, ૮૮ કંપનીઓ ઘટી હતી. સ્મોલ કેપની ૪૯૮ કંપનીઓ વધી, ૪૭૮ કંપનીઓ ઘટી અને બે સ્થિર રહી હતી. સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ)ની રૂ.૧૩,૨૭૯ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૧૮,૦૮૩.૩૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

કોર્પોરેટ હલચલમાં ક્લીનરૂમ સોલ્યુશન્સમાં વિશેષતા ધરાવતી ફેબટેક ટેક્નોલોજીસ ક્લીનરૂમ લિમિટેડે કેલ્વિન એર કંડિશનિંગ એન્ડ વેન્ટિલેશન સિસ્ટમ્સમાં તેનો માલિકી હિસ્સો ૫૧ ટકા સુધી વધાર્યો છે. આ બહુમતી હિસ્સો હસ્તગત થયો હોવાથી કેલ્વિન હવે ફેબટેકની પેટાકંપની બની છે, ફેબટેક અને કેલ્વિનની કામગીરી અને સંસાધનોને મજબૂત બનાવે છે. હીટિંગ, વેન્ટિલેશન અને એર કન્ડીશનીંગ ડોમેનમાં વૃદ્ધિ વ્યૂહરચનામાં આ પગલું એક મહત્વપૂર્ણ પગલું છે.

વીવીઆઇપી ઇન્ફ્રાટેક લિમિટેડે સરકારી ભંડોળના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે રૂ. ૪૧૪ કરોડ પ્રાપ્ત કર્યા છે. વીવીઆઇપી ઇન્ફ્રાટેક લિમિટેડને ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે કુલ રૂ. ૪૧૪ કરોડના લેટર ઓફ એક્સેપ્ટન્સ અને લેટર ઓફ ઇન્ટેન્ટ મળ્યા છે. આ પ્રોજેક્ટ્સ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ દ્વારા સમર્થિત છે, જે ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં કંપનીને મહત્વપૂર્ણ ભૂમિકા અપાવશે.

દેશની રત્ન અને આભૂષણ ઉદ્યોગની અગ્રણી કંપની જ્વેલસ ટ્રેન્ડ્ઝે દેશભરના પ્રતિભાશાળી યુવાનો, વિદ્યાર્થીઓ અને પ્રારંભિક તબક્કાના ઉદ્યોગપતિઓને શ્રેષ્ઠ બિઝનેસમેન બનાવવાના હેતુથી બિઝનેસ વિઝનરીઝ ઓફ ઇન્ડિયાની શરૂઆત કરી છે, જેની અંતર્ગત પ્રતિભાશાળી યુવકો, વિદ્યાર્થી અને ઉદ્યોગમાં આગવી ઓળખ ઉભી કરનારાઓને ઉદ્યોજક બનવા તમામ શક્ય સહાય અપાશે.

# ચાઈનીઝ આયાતમાં દસ ટકાનો વધારોઃ ડમ્પિંગ રોકવા માલસામાનની આયાત પર સત્તાવાળાની ચાંપતી નજર

મુંબઇ : અમેરિકા તથા ચીન વચ્ચે ટેરિફ વોર ચરમ સીમાએ પહોંચવાની શકયતાને ધ્યાનમાં રાખી ભારતના સત્તાવાળાઓએ દેશમાં થતી આયાત ખાસ કરીને ચીન ખાતેથી આયાત પર સખત દેખરેખ રાખવાનું શરૂ કરી દીધું છે. પાછલા કેટલાક સમયથી આમ પણ ચાઇનીઝ પ્રોડકટ્સની આયાતમાં એકધારો વધારો થઇ રહ્યો છે.

અમેરિકા દ્વારા ચીનના માલસામાન પર જંગી રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરાતા અમેરિકામાં ચીનના માલના ભાવ ઊંચકાઈ જશે અને ઊંચા ભાવે ખપત નહીં થવાની સ્થિતિમાં ચીન પોતાના માલસામાનને અન્ય દેશોમાં ડમ્પિંગ કરશે તેવી શકયતા વધી ગઈ છે. દેશના વાણિજ્ય મંત્રાલય દ્વારા છેલ્લા બે દિવસમાં અનેક મીટિંગો યોજાઈ ગયાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. પોતાના માલભરાવાને દૂર કરવા ચીન ભારતના ખરીદદારોને સસ્તા ભાવે માલ ઓફર કરે તેવી શકયતા પણ નકારાતી નથી. અમેરિકાની રેસિપ્રોકલ ડયૂટીનો સૌથી મોટો ફટકો ચીન અને વિયેતનામને પડી શકે છે. ચીનના અનેક માલસામાન પર ભારત હાલમાં એન્ટી ડમ્પિંગની તપાસ કરી રહ્યું છે. જે માલસામાનના ડમ્પિંગની તપાસ ચાલુ છે તેમાં કેમકિલ્સ, ગ્લાસ ફાઈબર્સ, કોક, ક્રેન્સ વગેરેનો સમાવેશ થાય છે.

અમેરિકા ખાતે ચીને આ અગાઉથી જ વેપાર વ્યવહાર ઘટાડીને તેણે ભારતમાં વધુ માલ વેચવાનું શરૂ કરી દીધું છે.

આમછતાં દેશના ઉદ્યોગોને હાનિ ન પહોંચે તેની ખાતરી રાખવા ભારતે પોતાની યંત્રણાઓને સજ્જ રાખી હોવાનું પણ સુત્રોએ જણાવ્યું હતું. સમાપ્ત થયેલા નાણાં વર્ષના એપ્રિલથી ફેબ્રુઆરીના ગાળામાં ભારતે ચીન ખાતેથી ૧૦૩.૭૦ અબજ ડોલરની આયાત કરી છે. જે વાર્ષિક ધોરણે ૧૦.૪૦ ટકા વધુ હતી, જ્યારે ચીન ખાતે ભારતની નિકાસ આ ગાળામાં ૧૫.૭૦ ટકા ઘટી ૧૨.૭૦ અબજ ડોલર રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.

# ભારતમાં સ્વચ્છ ઊર્જા પ્રોજેક્ટ્સની બદોલત તાંબાની માગ સાત ટકા વધશે

નવી દિલ્હીઃ રિએન્યુએબલ (નવીનીકરણીય) ઉર્જા ક્ષેત્ર અને માળખાગત વિકાસમાં વધતા વપરાશને કારણે આગામી વર્ષોમાં દેશમાં તાંબાની માંગ લગભગ સાત ટકા વધવાની સંભાવના અગ્રણી ઔદ્યોગિક સંગઠને વ્યકત કરી છે. ઔદ્યોગિક કોરિડોરના નિર્માણ, સર્વા ભારતીયો માટે આવાસ વ્યવસ્થા, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ પ્રોજેક્ટ્સ અને ઉર્જા સંક્રમણ પ્રોજેક્ટ્સ જેવી નીતિગત પહેલો તાંબાની માગને આગળ ધપાવી રહી છે અને તેમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા ઓદ્યોગિક સંગઠને વ્યક્ત કરી છે. આગામી વર્ષોમાં ભારતમાં તાંબાની માગ સાત ટકા વધવાની ધારણા છે. સરકાર દ્વારા સહાયતા દ્વારા, ખાસ કરીને પીએલઆઇ અને આત્મનિર્ભર ભારત જેવી પહેલો દ્વારા, તાંબા ક્ષેત્ર ખાનગી રોકાણ આકર્ષિત કરશે તેવી અપેક્ષા હોવાનું તેમણે જણાવ્યું હતું.

# સેઇલ ૨૦30 સુધીમાં રૂરકેલા સ્ટીલ પ્લાન્ટની ક્ષમતા 30,000 કરોડ રૂપિયાના રોકાણ સાથે નવ મિલિયન ટન સુધી વધારશે

નવી દિલ્હીઃ સરકારી માલિકીની સેઇલ (સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ)એ તેના રૂરકેલા સ્ટીલ પ્લાન્ટની ક્ષમતા બમણીથી વધુ વધારીને વાર્ષિક આશરે નવ મિલિયન ટન કરવાની યોજના ધરાવે છે, જે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે સંરક્ષણ, ઓઇલ એન્ડ ગેસ, ઓટોમોબાઇલ્સ અને અન્ય ક્ષેત્રોમાં પુરવઠો વધારશે. વિસ્તરણ પછી, જે ૧,૨૦૦ એકર વિસ્તારમાં આવશે, આરએસપી એકલા ૨૦૩૦ સુધીમાં સેઇલના કુલ ૩૫ મિલિયન ટન પ્રતિ વર્ષ ઉત્પાદન ક્ષમતા લક્ષ્યમાં લગભગ ૨૫ ટકા ફાળો આપશે, આરએસપીના ઇન્ચાર્જ ડિરેક્ટર આલોક વર્માએ એક મુલાકાતમાં જણાવ્યું હતું.

# અમેરિકામાં બંદરોએ સર્જાયેલું ટ્રાફિકજામ ઉત્પાદનોની અછત અને ફુગાવામાં વૃદ્ધિ કરાવશે

નવી દિલ્હીઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના ૬૦ દેશો પર ટેરિફ લાદવાના નિર્ણયની અસરનો ભોગ અમેરિકા પોતે જ જાણે બની રહ્યું છે. નવા ટેરિફ નવમી અને ૧૦મી એપ્રિલથી લાગુ થશે, પરંતુ તે પહેલાં ટેરિફ-મુક્ત શિપમેન્ટ માટે ધસારો વધી ગયો છે અને તેના કારણે મુખ્ય યુએસ બંદરો પર ભારે ટ્રાફિક જામ થયો છે.

અમેરિકા પાસે વિશ્વના સૌથી મોટા અને આધુનિક બંદરો હોવા છતાં વહીવટીતંત્ર વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવામાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. ટેરિફ લાગુ થાય તે પહેલાં કંપનીઓ શક્ય તેટલો વધુ માલ આયાત કરવાનો પ્રયાસ કરી રહી છે, જેના કારણે કન્ટેનરની લાંબી કતારો અમેરિકાના મોટા પોર્ટો પર જોવા મળી રહી છે. લોસ એન્જલસ અને ન્યૂયોર્કના મુખ્ય બંદરો પર જહાજોની સંખ્યા સામાન્ય કરતા અનેક ગણી વધી ગઈ છે. તમામ બંદરો પર એકંદરે ટ્રાફિક ટ્રમ્પના ટેરિફ જાહેરાતના ત્રણ દિવસમાં જ ૩૦થી ૪૦ ટકા સુધી વધી ગયો છે. અમેરિકામાં લગભગ ૬૦ શિપિંગ બંદરો હોવા છતાં તેમાંથી ચોથું સૌથી વ્યસ્ત બંદર સિએટલ બંદર છે. પોર્ટ દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, ટેરિફની જાહેરાત પહેલા જ અહીં ટ્રાફિકમાં ૩૦ ટકાનો વધારો થયો હતો. યુએસ નોર્થવેસ્ટર્ન પોર્ટ્સ એસોસિએશનના સીઈઓ જોન વોલ્ફસનું કહેવું છે કે આ ટ્રાફિકજામ અમેરિકામાં આવતા શિપમેન્ટની ગતિ ધીમી કરી શકે છે અને થોડા સમય માટે ઉત્પાદનોની અછત અને ફુગાવા તરફ દોરી શકે છે. તેમણે કહ્યું કે કોરોના સમયગાળા દરમિયાન પણ સપ્લાય ચેઇન પર મોટી અસર પડી હતી અને ફરી એકવાર અનિશ્ચિતતાનું વાતાવરણ છે, જેની અસર અમેરિકાની સપ્લાય ચેઇન પર જોવા મળશે.

અમેરિકાના નવમા સૌથી વ્યસ્ત ઓકલેન્ડ પોર્ટ જે એશિયન શિપમેન્ટના ૭૪ ટકા હિસ્સો ધરાવે છે. ઇલેક્ટ્રોનિક, આઇટી અને ચિપ સંબંધિત પ્રોડક્ટો મુખ્યત્વે અહીં આવે છે. ગત મહિનાની સરખામણીમાં અહીં ૨૦ ટકા વધુ ટ્રાફિક જોવા મળ્યો છે. લોસ એન્જલસ બંદર પર આ વર્ષે ૧.૦૩ મિલિયન ટીઈયુનો વધારો થયો છે.

નિષ્ણાતો માને છે કે ટેરિફ લાગુ થાય તે પહેલાં શિપમેન્ટમાં વધારો થવાને કારણે, યુએસ બંદરો પર દબાણ આવશે અને તેના કારણે દેશની સપ્લાય ચેઇનને આંચકો લાગી શકે છે. અત્રે મહત્વનું છે કે ટ્રમ્પના ટેરિફ નિર્ણયને કારણે અમેરિકા લોજિસ્ટિક્સ અને વેપાર અવરોધોનો સામનો કરનાર પ્રથમ દેશ પોતે જ બની શકે છે.

# ટૅરિફ ઈફેક્ટઃ ભારતીય ઉદ્યોગો પર નિકાસમાં ઘટાડા અને ચાઇનીઝ ડમ્પિંગનો ઝળુંબતો ભય

નવી દિલ્હીઃ ટેરિફ વોરને કારણે ભારતીય ઉદ્યોગો પર એક તરફ નિકાસમાં ઘટાડો થવાની અને બીજી તરફ ચાઇનીઝ ડમ્પીંગ વધવાની ભીતી ઝળુંબી રહી છે. નિરિક્ષકો માને છે કે, અમેરિકન માગમાં ઘટાડો થશે, ચીનથી ડમ્પિંગ વધવા અંગેનો નવો પડકાર પણ ઉદ્યોગોએ સહેવો પડશે. ટ્રેડ ડયુટીમાં વધારો થતાં ભારતીય ઉદ્યોગો સતર્ક થયા છે અને નવા બજારોની શોધ શરૂ કરી છે.

ભારત પર ૨૬ ટકા વળતી ડયુટી લાદવાના અમેરિકાના નિર્ણય અંગે નિકાસકારોનું કહેવું છે કે આનાથી ટૂંકા ગાળામાં માગને આંચકો લાગશે એટલું જ નહીં, ચીનથી ડમ્પિંગની શક્યતા પણ વધી છે. નિકાસકારોએ જણાવ્યું હતું કે અમેરિકી ખરીદદારોએ અત્યાર સુધી તેમના ઓર્ડરને રોકી રાખ્યા છે.

જોકે, હવે ડયુટી જાહેર કરવામાં આવી છે અને આવી સ્થિતિમાં ભારતીય સપ્લાયર્સ તેમનો સંપર્ક કરશે અને આગળનો માર્ગ તૈયાર કરશે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિવિધ ટ્રેડિંગ પાર્ટનર દેશોમાંથી આયાત પર ૧૦-૫૦ ટકા વધારાની ડયુટી લાદવામાં આવી હતી. આ અંગેના આદેશમાં કહેવામાં આવ્યું છે કે ૧૦ ટકાની મૂળભૂત ફી શનિવારથી લાગુ થશે, જ્યારે અન્ય વધારાની દેશ-વિશિષ્ટ ફી નવમી એપ્રિલથી લાગુ થશે. ચીન પર પહેલાથી જ લાદવામાં આવેલી ૨૦ ટકા ડયૂટી ઉપરાંત ૩૪ ટકાની વળતી ડયૂટી લાદવામાં આવશે.

એક નિકાસકારે જણાવ્યું હતું કે, હવે ડમ્પિંગનું જોખમ વધશે કારણ કે યુએસ ચીન પર ૫૦ ટકાથી વધુ ડયુટી લાદશે. આવી સ્થિતિમાં, આપણે આયાત મોરચે સાવચેત રહેવાની જરૂર છે. સરકાર પણ સતર્ક છે. અત્યારે સૌથી મોટી ચિંતા ટેક્સ્ટાઇલ અને અન્ય ચીજવસ્તુઓની યુએસ માગમાં ઘટાડો થવાનો ભય અને સ્પષ્ટતાનો અભાવ છે. આવી સ્થિતિમાં એ જોવાનું મહત્વપૂર્ણ રહેશે કે ભારત તેના પ્રતિસ્પર્ધીઓમાં પોતાને કેવી રીતે સ્થાન આપે છે. યુએસ દ્વારા જાહેર કરાયેલ ટેરિફ ભારત માટે વધુ સારી માર્કેટ એક્સેસની દ્રષ્ટિએ એક તક રજૂ કરે છે. ભારતીય નિકાસકારોએ ડયુટી માળખા અંગેની અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને વૈકલ્પિક બજારોની શોધ કરવી પણ જરૂરી છે. આનાથી તેમને તેમની નિકાસ જાળવી રાખવામાં મદદ મળશે. ભારતીય નિકાસ પર યુએસ દ્વારા લાદવામાં આવેલી વળતી ડયુટીએ જટિલ પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. જોગકે અમુક નિષ્ણાતો એવું પણ માને છે કે, ટેરિફને કારણે પડકારો વધ્યા હોવા છતાં, ભારતની સ્થિતિ તુલનાત્મક રીતે અનુકૂળ છે.

# આયર્ન ઓરના ઉત્પાદનમાં ચાર ટકાનો વધારો

નવી દિલ્હીઃ નાણાકીય વર્ષના પ્રથમ અગિયાર મહિનાના સમયગાળામાં આયર્ન ઓરનું ઉત્પાદન ચાર ટકા વધીને ૨૬.૩૦ કરોડ ટન ની સપાટીએ પહોંચ્યું છે. સત્તાવાર આંકડા અનુસાર ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-ફેબ્રુઆરીના સમયગાળામાં આયર્ન ઓરનું ઉત્પાદન ૪.૪ ટકા વધીને ૨૬૩ મિલિયન ટન (એમટી) નોંધાયું છે. ખાણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, એક વર્ષ પહેલાના સમયગાળામાં આ ધાતુનું ઉત્પાદન ૨૫૨ મેટ્રિક ટનના સ્તરે હતું. ૨૦૨૩-૨૪માં આયર્ન ઓરનું ઉત્પાદન ૨૭૪ મેટ્રિક ટન હતું. મૂલ્યની દ્રષ્ટિએ કુલ ખનિજ ઉત્પાદનમાં આયર્ન ઓરનો હિસ્સો ૭૦ ટકા છે.

# ડોલર સામે રૂપિયો નબળો પડવા છતાં એનઆરઆઇ થાપણોમાં ઘટાડો

મુંબઇઃ આંતરબેન્કિંગ કામકાજમાં તાજેતરમાં અમેરિકન ચલણ સામે રૂપિયાના મૂલ્યમાં સારો સુધારો જોવા મળ્યો ચે, પરંતુ એકંદરે પાછલા છએક મહિનાથી ડોલર સામે રૂપિયો નબળો પડવા છતાં એનઆરઆઇ થાપણોમાં ઘટાડો જોવા મળ્યો છે. ગયા વર્ષના ઑક્ટોબરથી, ભારતીય સમુદાયે રૂપિયાના તીવ્ર અવમૂલ્યન છતાં સ્થાનિક બેંક ડિપોઝિટમાંથી રોકાણ કરતાં વધુ ભંડોળ પાછું ખેંચ્યું છે. સ્ત્રોતો સૂચવે છે કે સંભવિત ટેરિફ યુદ્ધ વચ્ચે વૈશ્વિક અર્થતંત્રમાં વધતી જતી અનિશ્ચિતતા સાથે આ વલણ વિદેશમાં, ખાસ કરીને ગલ્ફમાં જોબ માર્કેટમાં કડક વલણને પ્રતિબિંબિત કરી શકે છે.

# ભારતનું ક્રૂડ આયાત બિલ અગિયાર મહિનામાં ૨.૯ ટકા વધીને ૧૨૪.૭ બિલિયન ડૉલર

નવી દિલ્હીઃ પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ અગિયાર મહિનામાં ભારતનું ક્રૂડ આયાત બિલ ૨.૯ ટકા વધીને ૧૨૪.૭ બિલિયન ડોલર થયું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૪ ના સમાન સમયગાળામાં ૧૨૧.૨ બિલિયન ડોલર હતું. દેશે એપ્રિલ અને ફેબ્રુઆરી વચ્ચે ૨૧૯.૯ મિલિયન ટન ક્રૂડ ઓઇલ આયાત કર્યું હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૨૧૩.૪ મિલિયન ટનથી ત્રણ ટકા વધુ છે. ફેબ્રુઆરી મહિનામાં જ ક્ડ ઓઇલ આયાત બિલ લગભગ ૩% વધીને ૧૦.૬ બિલિયન ડોલર થયું, જ્યારે આયાત વોલ્યુમ ફેબ્રુઆરી ૨૦૨૪ ની સરખામણીમાં ૫% વધીને ૧૯.૧ મિલિયન ટન થયું હતું. વધતી માંગ વચ્ચે, ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-ફેબ્રુઆરી દરમિયાન ભારતની ક્રૂડ ઓઇલ આયાત પરની નિર્ભરતા વધીને ૮૮.૨% થઈ ગઈ, જે નાણાકીય વર્ષ ૨૪ ના સમાન સમયગાળામાં ૮૭.૭% હતી.નાણાકીય વર્ષ ૨૦૨૫ ની શરૂઆતમાં, ઇકરાએ રશિયન ક્ડ ઓઇલ પર ડિસ્કાઉન્ટ ઘટાડવા અને આયાત પરની નિર્ભરતાને કારણે ભારતના ચોખ્ખા ક્રૂડ ઓઇલ આયાત બિલ ૧૦૧-૧૦૪ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ લગાવ્યો હતો, જે નાણાકીય વર્ષ ૨૪ માં ૯૬.૧ બિલિયન ડોલર હતું.

ઘણી ભારતીય તેલ અને ગેસ કંપનીઓ યુએસ પાસેથી વધુ ક્રૂડ ઓઇલ અને એલએનજી મેળવવા પર નજર રાખી રહી છે. અમેરિકા દેશને ક્રૂડ ઓઇલના ટોચના પાંચ સપ્લાયર્સમાંનો એક છે. વિશ્લેષકો અને ઉદ્યોગના ખેલાડીઓ અપેક્ષા રાખે છે કે વડા પ્રધાન મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની તાજેતરની મુલાકાત પછી બંને દેશો ઊર્જા વેપાર અને સંબંધોને મજબૂત બનાવવા માંગે છે, તેથી આગળ જતાં યુએસ ક્રૂડ ઓઇલ અને ગેસની આયાતમાં વધારો થશે. વિશ્લેષકોના મતે, યુએસ ક્રૂડ ઓઇલની વધતી ઉપલબ્ધતા રશિયા સહિત અન્ય વૈશ્વિક સપ્લાયર્સને ભારતીય બજારમાં ભાવ-સ્પર્ધાત્મક રાખવામાં મદદ કરી શકે છે. વધુમાં, ભારત સરકાર ૨૦૩૦ સુધીમાં ઊર્જા મિશ્રણમાં કુદરતી ગેસનો હિસ્સો ૬% થી વધારીને ૧૫% કરવાનું લક્ષ્ય રાખે છે, તેથી યુએસ ગેસની વધુ આયાતને સકારાત્મક વિકાસ તરીકે જોવામાં આવે છે.

# લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો, કૃષિ, અફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રે લોનને પ્રોત્સાહન

નવી દિલ્હીઃ ભારતીય રિઝર્વ બેન્કે લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો (એમએસએમઇ), કૃષિ, અફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રે લોનને મળે એ પ્રકારે નિયમોમાં ફેરફાર જાહેર કર્યા છે. રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયાએ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ-પીએસએલ)ના નિયમોમાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે.

નવા નિયમ પહેલી એપ્રિલ, ૨૦૨૫થી લાગુ થશે. આ ગાઇડલાઇન્સ વર્તમાન જોગવાઈઓની વ્યાપક સમીક્ષા અને સંબંધિત સ્ટેકહોલ્ડર્સ પાસેથી પ્રાપ્ત પ્રતિક્રિયાઓના આધારે તૈયાર કરવામાં આવી છે. આ ફેરફારથી એમએસએમઈ, કૃષિ, રિન્યુએબલ એનર્જી, અફોર્ડેબલ હાઉસ અને નબળા વર્ગને આપવામાં આવતી લોનને વેગ મળશે.

આ પગલું વિવિધ આવક જૂથોમાં, ખાસ કરીને નાના નાના શહેરોમાં ઓછી કિંમતના, અફોર્ડેબલ હાઉસિંગને પ્રોત્સાહન આપશે. સમારકામના કામો માટે લોન મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. આરબીઆઈએ હવે જૂના કે જર્જરિત મકાનોના સમારકામ માટે ઉપલબ્ધ લોનની મર્યાદા વધારી છે. આ પગલું બેન્કો અને અન્ય નાણાકીય સંસ્થાઓ માટે સલામત અને વિશિષ્ટ ક્ષેત્રમાં લોનનું વિતરણ કરવાની નવી તકો ખોલે છે. વધુમાં, તે ઘરમાલિકોના નાણાંકીય તણાવમાં પણ ઘટાડો કરશે. રિન્યુએબલ એનજીર્ને વેગ મળે એવા નિર્ણયો લેવાયા છે. રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ માટે લોન મર્યાદા રૂ. ૩૦ કરોડથી વધારી રૂ. ૩૫ કરોડ કરવામાં આવી છે. લોન મર્યાદા પહેલાંની જેમ જ રૂ. ૧૦ લાખની રહેશે. આ પગલાંથી ભારતને ૨૦૩૦ સુધીમાં તેના ૫૦૦ ગ્ન્ઠ નોન-ફોસિલ ફ્યુલ અને ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો લક્ષ્યાંકને પહોંચી વળવામાં મદદ મળશે. પહેલી જુલાઈ, ૨૦૧૫ના રોજ, આરબીઆઈએ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગનો વ્યાપ વિસ્તાર્યો હતો. લોનધારકો માટે રૂ. ૧૫ કરોડ સુધીની લોન મંજૂર કરવામાં આવી છે. જેમાં સૌર ઉર્જા જનરેટર, બાયોમાસ આધારિત જનરેટર, માઇક્રો-હાઇડ્રલ પ્લાન્ટ્સ અને બિન-પરંપરાગત ઉર્જા આધારિત સ્ટ્રીટ લાઇટ પબ્લિક લાઇટ રીલેક્શન જેવા કામો સંકળાયેલા છે. નબળાં વર્ગો, ખેડૂતો અને શહેરી સહકારી બેન્કોને મોટી રાહત મળવાની સંભાવના છે. આરબીઆઇ દ્વારા પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ માર્ગદર્શિકામાં કરાયેલા ફેરફારો અનુસાર કારીગરો અને મહિલા લાભાર્થીઓ માટે લોનની મર્યાદા રૂ. એક લાખથી વધારી રૂ. બે લાખ કરવામાં આવી છે.

વધુમાં, ટ્રાન્સજેન્ડર અને જોઈન્ટ લાયબિલિટી ગ્રુપ સભ્યોને પણ હવે પીએસએલ માટેની પાત્રતામાં સામેલ કરવામાં આવ્યા છે. કૃષિ ક્ષેત્રને પણ મોટી રાહત આપવામાં આવી છે. વેરહાઉસ રિસિપ્ટ સામે લોનની મર્યાદા વધારીને રૂ. ચાર કરોડ કરવામાં આવી છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



રાજકોટમાં કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયાએ સાયકલોફનનો ફ્લેગ ઓફ કરી પ્રારંભ કરાવ્યો હતો... (તસવીર-પ્રવીણ સેદાણી,રાજકોટ)

# ભાવનગરમાં રામનવમીની ભવ્ય ઉજવણી

## શોભાયાત્રા નીકળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર અને જિલ્લામાં રામનવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિરોમાં આરતી અને પૂજા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. શ્રીખંડ, મઠો અને ફરાળી કચોરી ખરીદવા લોકોની મોટી ભીડ જામી હતી. સમગ્ર ગોહિલવાડ પંથકમાં રામનવમીની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ હતી. ભગવાન રામની શોભાયાત્રા ભાજપ કાર્યાલયથી નીકળી કાળાનાળા રામજી મંદિર સુધી પહોંચી. ત્યાં મહાઆરતી સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

ભાવનગરમાં વિશ્વ હિંદુ પરિષદ પ્રેરિત શ્રી રામજન્મોત્સવ સમિતિએ ૧૯૯૨થી પરંપરાગત રીતે રામલલાની શોભાયાત્રાનું આયોજન કર્યું. પોલીસે રૂટ પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. શોભાયાત્રા સાંજે ૪:૩૦ કલાકે તપસ્વી મહારાજની જગ્યાથી નીકળી યાત્રા સંત ક્વરરામ ચોક, જૈન દેરાસર, ચાવડીગેટ થઈને ભીડભંજન મહાદેવ મંદિર સુધી પહોંચી હતી.

ભાવનગરમાં નગરજનોએ મોટી સંખ્યામાં શ્રીખંડ, મઠો, કેરીનો રસ અને ફરાળી કચોરી જેવી વાનગીઓ ખરીદી હતી. રામનવમી નિમિત્તે શહેરના રૂપાણી વિસ્તારમાં આવેલ શ્રી ગોળીબાર હનુમાન મંદિરે સુંદર પાઠ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ■

# આશાપુરી ધૂપની મહેક વચ્ચે માતાના મઢમાં હવનનું બીડું હોમાયાની સાથે ચૈત્રી નવરાત્રિ પર્વ સંપન્નં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના કુળદેવીમાં આશાપુરાના સ્થાનક માતાનામઢ અને ભુજના આશાપુરા મંદિર ખાતે આ વખતે ચૈત્રી નવરાત્રિ પર્વ દરમ્યાન શ્રદ્ધાળુઓનું ગોડાપૂર ઉમટી રહ્યું છે ત્યારે સાતમના નોરતાની મોડી રાત્રે પરંપરાગત વિધિ-વિધાન વચ્ચે મઢ જાગીરના અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્રસિંહજીએ હવનમાં બીડું હોમવાની સાથે ચૈત્રી નવરાત્રિ પર્વનું રંગેચંગે સમાપન થયું હતું.

રાત્રે ૧૦ વાગ્યે માં જગદંબાના પૂજન સાથે હોમ-હવનની વિધિનો પ્રારંભ થયો હતો. ઐતિહાસિક મંદિર પરિસરની યજ્ઞશાળામાં આચાર્ય શાસ્ત્રી દેવકૃષ્ણ મૂલશંકર વાસુ અને અન્ય ભૂદેવોએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે વિધિવત્ પૂજન કરાવ્યું હતું. મોડી રાત્રે મઢ જાગીરના અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવાના હસ્તે ઢોલ-શરણાઈના સૂરો સાથે બીડું હોમવામાં આવ્યું હતું.

જાગીર અધ્યક્ષે આશાપુરા માતાજી અને હિંગલાજ માતાજીના મંદિરમાં પૂજન-અર્ચન કરી આરતી ઉતારી હતી. આ પાવન પ્રસંગે માતાના મઢ જાગીરના ટ્રસ્ટીઓ ખેંગારજી જાડેજા, વિનોદ સોલંકી, ચત્રભુજ ભાનુશાલી, કનૈયાલાલ ભાનુશાલી અને મયુરસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા. આશાપુરી ધૂપની મહેક વચ્ચે શ્રદ્ધાળુઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાવપૂર્વક પવિત્ર હવન વિધિમાં જોડાઇ માં આશાપુરાના ચરણોમાં શીશ ઝુકાવી દર્શન કર્યા હતા. ■

# રાજકોટ જેતપુર સિક્સ લેન હાઈવેની કામગીરીમાં ૧૫ ધાર્મિક સહિત 300 દબાણો હટાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જેતપુર સીકસ લેન હાઈવેની કામગીરીમાં અત્યાર સુધીમાં અડચણરૂપ ૩૦૦ જેટલા દબાણો હટાવી લેવાયાં છે. જેમાં હાઈવે પરની હોટેલો-ધાબાનાં ગેરકાયદે બાંધકામો કાચા-પાકી દુકાનો સહિતના દબાણોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત આ હાઈવે પર ૩૮ જેટલા ધાર્મિક દબાણો ખડકાયા હતા તેમાંથી ૧૫ દબાણોને હટાવી દેવામાં આવ્યા હતાં.

હાઈવે ઓથોરિટીનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, સીકસ લેન હાઈવેની આ કામગીરીમાં ૧૫ દબાણો રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલા છે. આ દબાણોને હટાવવા માટે પણ આગામી ટૂંક સમયમાં જ કામગીરી હાથ ધરવામાં આવશે. ધાર્મિક દબાણોમાં નાની દેરીઓ સહિતનાં દબાણોનો સમાવેશ થાય છે. હાઈવેની આ કામગીરીમાં પીઠડિયા અને શાપર વચ્ચે ૧૬ જેટલા ફલાયઓવર બ્રિજની કામગીરી પણ હાથ ધરાઈ છે જે પૂર્ણતાને આરે છે.

હાઈવે ઓથોરિટીનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ ૧૬ ફલાયઓવર બ્રિજને આગામી ચોમાસા પહેલા શરૂ કરવા હાઈવે ઓથોરિટીની તૈયારી છે. રાજકોટ-જેતપુર હાઈવે પર હાલ ભરચકક ટ્રાફિક રહેતો હોવાથી વાહન ચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે. આ સંજોગોમાં સીકસ લેન હાઈવેનો આ પ્રોજેકટ આગામી દોઢ વર્ષમાં પૂર્ણ કરવા માટેનો ટાર્ગેટ રખાયો છે. આ પ્રોજેકટ પૂર્ણ થતાં જ રાજકોટ જેતપુર વચ્ચેનું અંતર વાહનચાલકો માત્ર ૪૫ મિનિટમાં જ કાપી શકશે. ■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રામનવમી પર્વે માધવપુર મેળાનો પ્રારંભ કરાવ્યો

## યાત્રી સુવિધાઓનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પોરબંદર જિલ્લાના માધવપુરમાં રામનવમી પર્વની સંધ્યાએ ભવ્ય માધવપુર મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે આ અવસરે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રુકમણી મંદિર પરિસરમાં રૂ. ૩૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા યાત્રી સુવિધાના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ પણ કર્યું હતું.

મુખ્ય પ્રધાને આ પ્રસંગે કહ્યું કે, માધવપુરનો મેળો શ્રીરામ અને શ્રીકૃષ્ણ બંનેની ભક્તિ અને પરંપરાના સંગમનું પ્રતીક છે. એક તરફ શ્રીરામના જન્મોત્સવની દિવ્યતા છે અને એક તરફ ભગવાન શ્રીકૃષ્ણના લગ્ન ઉત્સવની ભવ્યતા છે. માધવપુરનો મેળો એ માત્ર ધાર્મિકોત્સવ જ નહિ, પરંતુ આપણી એકતા, સાંસ્કૃતિક વિરાસત અને પરસ્પરના પ્રેમનું જીવંત પ્રતીક છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ભગવાન શ્રીકૃષ્ણના પશ્ચિમ પ્રદેશ અને રુકમણીજીના પૂર્વોત્તર ભારતની સંસ્કૃતિના અનુબંધને ઉજાગર કરતું માધવપુર સદીઓથી ધાર્મિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતનાનું કેન્દ્ર છે. આ મેળો માત્ર સાંસ્કૃતિક પ્રવૃત્તિ કે લોકકલાને માણવાનો અવસર નહિ, પરંતુ બીચ સ્પોર્ટ્સ જેવી સાહસિક રમતોની સ્પર્ધાનો ઉત્સવ બને તેની પણ કાળજી લીધી છે. તેમણે ગાંધી જન્મભૂમિ પોરબંદર, સોમનાથ, દ્વારકા અને માધવપુર આખોય વિસ્તાર બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ટૂરિઝમ બની રહ્યો છે તેની ભૂમિકા આપી હતી. આ સ્થળોએ વધુને વધુ પ્રવાસીઓને આકર્ષિત કરવા રાજ્ય સરકાર કનેક્ટિવિટીને વધુ સંગીન બનાવી રહી છે. આ હેતુસર પોરબંદર એરપોર્ટનું વિસ્તરણ તથા રન-વે વિસ્તૃતિકરણ તેમજ સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વે માટે આ વર્ષના બજેટમાં નાણાકીય જોગવાઈ કરી છે.■

## અમદાવાદમાં એક મહિના સુધી બંધ રહેલું

# માણેકચોકનું ખાણીપીણી બજાર ૭ એપ્રિલથી ફરી ધમધમશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં માણેકચોકનું ખાણીપીણી બજાર ડ્રેનેજ લાઈનના રીપેરિંગને કારણે મહાનગરપાલિકા દ્વારા એક મહિના સુધી બંધ રાખવામાં આવ્યું હતું. આ કામગીરી પૂર્ણ થતાં હવે આ રાત્રિ બજાર આજથી ફરીથી શરૂ કરાશે. હવે લોકો માણેકચોકની ભાજીપાંવ, પીઝા, ભેળ, આઈસક્રીમ, કે સેન્ડવીચ સહિતની ચીજવસ્તુઓની મજા માણી શકશે.

ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, અમદાવાદના માણેકચોક વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજ લાઈનની કામગીરીના કારણે ૫ માર્ચ ૨૦૨૫થી રાત્રિ ખાણી-પીણી બજાર બંધ કરવામાં આવ્યું હતું. એક મહિના સુધી કામગીરી કરવાની તેમ જ જ્યાં ખાણીપીણી બજાર આવેલું હતું, ત્યાં ભારે મશીનરી મૂકવાની હતી. જેના કારણે રાત્રિ ખાણીપીણી બજાર બંધ કરવાની જરૂરિયાત ઊભી થઈ હતી. તેથી વેપારીઓએ સહકાર આપી અને એક મહિના માટે બજાર બંધ કર્યું હતું. આ વિસ્તારમાં માણેકનાથ બાવાની સમાધિ ખાણી-પીણી બજાર જે વચ્ચેના ભાગે ભરાય છે તે જ સ્થળ ઉપર ભારે મશીનરી મૂકી અને કામગીરી કરવામાં આવી હતી. રાણીના હજીરાથી સાંકડી શેરીથી મદન ગોપાલ હવેલીથી આસ્ટોડિયા રંગાટી બઝારથી આસ્ટોડિયા દરવાજા સી.આઈ.પી.પી મેથડળી રીહેબિલિટેશનના કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. ફલો ડાયવર્ઝન તેમ જ સી.આઈ.પી.પી લાઈનર નાખવાની કામગીરી કરાઈ હતી. આ રીહેબિલિટેશનની કામગીરી પૂર્ણ થયા બાદ માણેકચોકની સાંકડી શેરી સહિત આસપાસના વિસ્તારોમાં ગટર ઊભરાવવાની સમસ્યા દૂર થશે.■

# દ્વારકાના ખંભાળિયામાં આજે ૭૬ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દ્વારકા જિલ્લાના ખંભાળિયા શહેરમાં આજે ૭૬.૪ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટોનું ખાતમૂહૂર્ત કરાશે. તે ઉપરાંત ૨.૬૦ કરોડના નવા કામોનું ભૂમિપૂજન પણ કરાશે.ધારાસભ્ય અને કેબિનેટ પ્રધાન મુળુભાઈ બેરા આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મુખ્ય વિકાસ કાર્યોમાં ૨૯ કરોડનો જામનગર ફાટક પાસે ઓવરબ્રિજ, ૨૯ કરોડનું અને તેલી નદીની બંને બાજુ ડ્રેનેજ બોક્સનું નિર્માણ સામેલ છે. આ ઉપરાંત ૪.૬૨ કરોડનું મોડેલ ફાયર સ્ટેશન અને ૧૦ કરોડના ખર્ચે પાણીની જૂની મશીનરી બદલવાનું કામ હાથ ધરાશે.

જ્યારે નવા પ્રોજેક્ટ્સમાં રૂ. ૧.૬૭ કરોડનું એમ.આર.એફ. સેન્ટર, રૂ. ૮૮ લાખનું સ્ટ્રોમ વોટર ડ્રેનેજ અને ફૂટપાથ, રૂ. ૭૩ લાખનો આઇકોનિક રોડ અને રૂ. ૫૦ લાખમાં હિંદુ સ્મશાન પાસે ચેક ડેમનું રિનોવેશન સામેલ છે. તે ઉપરાંત અહીં ભૂમિપૂજન થનારા પ્રોજેક્ટ્સમાં ૧.૮૦ કરોડનો દ્વારકા ગેટ પાસે પ્રાર્થના હોલ અને ૮૦ લાખનો નગર ગેઈટથી મિલન ચાર રસ્તા સુધીનો સી.સી. રોડ સામેલ છે. ■



રાજકોટમાં રામનવમીની રામ ભગવાનની રથયાત્રા નીકળી હતી, શહેરના નાણાવટી ચોકથી રામ ભગવાનની રથ યાત્રા નીકળી હતી અને બીજા ફ્લોટ્સ પણ જોડાયા હતા... (તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

# નકલી ડિલિવરી પાસના આધારે ખનિજ ચોરી બદલ ચાર સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ખનિજનું પરિવહન કરવા માટે ખાણ ખનિજ કચેરી દ્વારા ઈસ્યૂ થતાં ખાસ સિરિયલ નંબરવાળા નકલી ડિલિવરી પાસના આધારે થઇ રહેલી ચાઈના કલેની ખનિજ ચોરીના કૌભાંડનો પર્દાફાશ થતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો હતો. તાજેતરમાં શિકારપુર નજીક ખાણ ખનિજ તંત્રની સૂરજબારી ચેકપોસ્ટ પર ઓવરલોડ ચાયના કલે ભરેલું ડમ્પર પકડાયાં બાદ ડ્રાઈવરે રજૂ કરેલાં નકલી કાગળિયાના આધારે બહાર આવેલા કૌભાંડ અંગે જાણવા મળેલી વિગતો મુજબ, નાડાપાની ભાગ્ય લક્ષ્મી મિનરલ્સ કંપનીના ભાગીદારો મહેશ વાલા ગાગલ અને શિવજી રૂપા ગાગલ (બંને રહે. ઢોરી, ભુજ)ને ભુજ ખાણ ખનિજ વિભાગે ડિલિવરી પાસ ઈસ્યૂ કર્યો હતો. અંજાર ખાણ ખનિજ કચેરીએ ગહન તપાસ કરતાં આ ડિલિવરી પાસ નકલી નીકળતાં ચેકપોસ્ટ ખાતે ફરજ બજાવતા માઈન્સ સુપરવાઈઝરે મહેશ અને શિવજી ગાગલ સાથે ડમ્પરના ડ્રાઈવર દેવશી કમા રબારી અને ડમ્પર માલિક કાનજી શામજી બાલાસરા (ધાણેટી) સહિત ચાર લોકો સામે સામખિયાળી પોલીસ મથકે ગુનાહિત કાવતરું રચીને નકલી ડિલિવરી પાસ પર ઓવરલોડ ચાઈના ક્લેનું પરિવહન કરી ૨.૨૭ લાખની ખનિજ ચોરીનો ગુનો નોંધાવ્યો હતો. ■

# રાપરના ગાગોદર નજીક માર્ગ અકસ્માત બાદ ટ્રેઈલરમાં આગ લાગતાં કૅબિનમાં ફસાયેલો ચાલક જીવતો ભૂંજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર તાલુકાના ગાગોદરથી રહાડી પાટિયા વચ્ચેના ધોરીમાર્ગ પર પૂરપાટ વેગે જઈ રહેલું ટ્રેઇલર આગળ જતાં ડમ્પરની પાછળ અથડાયા બાદ બન્ને વાહનોમાં લાગેલી ભયાનક આગમાં કેબિનમાં ફસાયેલો ટ્રેઇલર ચાલક જીવતો ભૂંજાઈ જતાં પંથકમાં અરેરાટી પ્રસરી હતી.

રાજસ્થાનના બિકાનેરના ટ્રાન્સપોર્ટર ભગવાનારામ દુર્ગારામ જાટે ગાગોદર પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તેઓ તથા તેમના પિતરાઈ કાલુરામ અલગ અલગ ટ્રેઇલરમાં બિકાનેરની કોલાયત ખાણમાંથી ગાડીઓ લોડ કરી કંડલા બંદર તરફ જવા રવાના થયા હતા. ગત ચાર એપ્રિલના મધરાત્રે એકાદ વાગ્યાના અરસામાં કાલુરામે તેનું ટ્રેઇલર આગળ જઈ રહેલા અન્ય વાહન પાછળ ટકરાવી દીધું હતું જેમાં બન્ને વાહનોમાં આગ લાગતાં કાલુરામનું જીવતા ભૂંજાતા મોત થયું હતું. ગાગોદર પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે. ■

# મચ્છુ-૨ ડેમમાંથી છોડાયેલા પાણીથી મોરબીના માળિયા અને હરિપર વિસ્તારમાં મીઠાનો પાક જોખમમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોરબીમાં મચ્છુ-૨ ડેમના ૩૩ દરવાજા બદલવાની કામગીરી શરૂ કરાઈ હોવાથી ડેમનું પાણી ખાલી કરવા માટે સિંચાઈ વિભાગે કવાયત હાથ ધરી છે. આ અંતર્ગત મચ્છુ નદીમાં સિંચાઈ વિભાગ દ્વારા ૪૧૩ એમસીએફટી પાણી છોડવામાં આવતાં આ પાણી માળિયા તાલુકાના મીઠાના રણ વિસ્તાર સુધી પહોંચ્યું હતું. જેનાથી ધોમધખતા તાપમાં મીઠાની ખેતી કરતાં અગરિયાઓ માટે મોટી મુસીબત ઊભી થઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે માળિયા તાલુકાના હરિપર અને તેની આસપાસના વિસ્તારોમાં મીઠાના કારખાના અને નાના યુનિટ આવેલા છે. જ્યાં અગરિયાઓ રાત દિવસ મીઠુ પકવવાનું કામ કરે છે. છેલ્લા બે ત્રણ દિવસથી મીઠાનો પાક તૈયાર થઈ ગયો હતો, પરંતુ અગરિયાઓ આ પાક લેવાની કામગીરી કરે તે પહેલા મચ્છુ નદીનું પાણી મીઠાના ખેતરોમાં પહોંચી ગયું હતું અને અગરિયાઓની તનતોડ મહેનત પાણીમાં ગઈ હતી.

હરિપર ગામની આસપાસના ૭૦ જેટલા અગરિયાઓ પાસે ૭૦૦ ટન જેટલો મીઠાનો પાક તૈયાર હતો, પરંતુ મચ્છુ નદીના પાણીથી આ પાકને મોટું નુકસાન થયું હતું. મચ્છુ-૨ ડેમના ૩૩ દરવાજા બદલવાની કામગીરી માટે પાણી ખાલી કરવું જરૂરી હતું. બુધવારે બપોરે ૪ વાગ્યાથી બે દરવાજા બે ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા. પાણી મચ્છુ-૨ ડેમથી દરિયા સુધીના માર્ગમાં આવતા ૧૦ ચેકડેમ અને મચ્છુ-૩ ડેમમાં ભરાયું છે. ■

# રાજ્ય સરકાર ૨૦૦ કરોડના ખર્ચે પોરબંદરના મોકર સાગર વેટલેન્ડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રવિવારે પોરબંદર નજીક આવેલા મોકર સાગર જળપ્લાવિત ક્ષેત્રની મુલાકાત લીધી હતી. રાજ્ય સરકાર આ વિસ્તારને અંદાજે ૨૦૦ કરોડના ખર્ચે પ્રવાસન સ્થળ તરીકે વિકસાવી રહી છે. મુખ્ય પ્રધાને આ પ્રોજેક્ટની વિગતવાર માહિતી માનચિત્ર દ્વારા મેળવી હતી. તેમણે દૂરબીનથી મોકર સાગરનો નૈસર્ગિક નજારો નિહાળ્યો હતો.

મુખ્ય પ્રધાને સ્થાનિક અને યાયાવર પક્ષીઓના પ્રાકૃતિક જીવનની સુરક્ષા માટે ખાસ સૂચનાઓ આપી હતી. પ્રવાસન વિભાગના સચિવ રાજેન્દ્રકુમારે તેમને પ્રોજેક્ટની વિશેષતાઓ અને પક્ષીઓના વૈવિધ્ય વિશે માહિતી આપી હતી. શિયાળામાં મોકર સાગર યાયાવર પક્ષીઓનું આકર્ષણ કેન્દ્ર બને છે. અહીં સ્થાનિક પક્ષીઓનું પણ વિપુલ વૈવિધ્ય જોવા મળે છે.

આ વેટલેન્ટ પર આવનારા પ્રવાસીઓ માટે વોચ ટાવર, ઇન્ટરપ્રિટેશન સેન્ટર અને વેટલેન્ડ પાર્ક બનાવવામાં આવી રહ્યા છે. સ્થાનિકોને રોજગારી મળે તે માટે ફૂડ કોર્ટ અને કોમ્યુનિટી સેન્ટરનું નિર્માણ પણ થઈ રહ્યું છે. આ પ્રોજેક્ટનું ઈ-ખાતમુહૂર્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાઠી ખાતેથી કર્યું હતું. કાર્યક્રમમાં પ્રવાસન પ્રધાન મુળુભાઈ બેરા, મુખ્ય સચિવ પંકજ જોશી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ■

# કચ્છ-ગુજરાતમાં ગરમીની રેડ ઍલર્ટ વચ્ચે કચ્છમાં હિટવેવની કમઠાણ

## ભુજમાં ૪૪ ડિગ્રી સે. જેટલું મહત્તમ તાપમાન નોંધાયું

ભુજ: સૌરાષ્ટ્ર-કચ્છમાં મોસમ વિભાગ દ્વારા અપાયેલાં ગરમીના રેડ ઍલર્ટ વચ્ચે ફરી વળેલાં કાળઝાળ ગરમીના મોજાં હેઠળ રણપ્રદેશ કચ્છમાં ગરમીએ જોર પકડ્યું છે અને ચિંતાની વાત તો એ છે કે, આગામી સપ્તાહે ઉષ્ણતામાનનો મહત્તમ આંક આ રણપ્રદેશમાં ૪૭ ડિગ્રી સેન્ટિગ્રેડ પર પહોંચવાની વકી ઊભી થઇ છે. ભુજ ખાતે ૪૪ ડિગ્રી સે. જેટલું મહત્તમ તાપમાન નોંધાયું હતું.

ઉલ્લેખનીય છે કે, ગરમીનું આ મોજું પાકિસ્તાનથી કચ્છ થઈને ગુજરાત તરફ આગળ વધશે. પાકિસ્તાનના સિંધ પ્રાંત સહિતના વિસ્તારોમાં મહત્તમ તાપમાનનો આંક કેટલાક સ્થળોએ ૪૯ ડિગ્રી સે. સુધી પહોંચ્યો છે અને ઉત્તર દિશાએથી આવતા પ્રતિ કલાકે ૧૩ કિલોમીટરની ઝડપ વાળા ગરમ પવનોની સંગાથે ગરમીનું આ મોજું કચ્છ થઇ ગુજરાત અને છેક રાજસ્થાન સુધી પહોંચી જશે જેની અસર અત્યારથી જ વર્તાવવી શરૂ થઇ ચૂકી છે. ■

## સતત ત્રીજા વર્ષે ગુજરાત વિધાનસભાના જાહેર હિસાબ સમિતિના પ્રમુખપદે

# ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીની વરણી

ભાવનગર: ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર દરમિયાન અધ્યક્ષ શંકરભાઇ ચૌધરીએ વિધાનસભાની તમામ નાણાકીય તથા બિન-નાણાકીય સમિતિઓની મુદત સાતમા સત્ર સુધી લંબાવવાની જાહેરાત કરી હતી. જેના પરિણામે સતત ત્રીજા વર્ષે જાહેર હિસાબ સમિતિના પ્રમુખપદે જીતુભાઈ વાઘાણીની વરણી થઇ હતી. સમિતિમાં વિનેન્દ્રસિંહ ઝાલા, સી. કે. રાઉલજી, જયેશ રાદડિયા, ઇશ્વરસિંહ પટેલ, કિશોર (કુમાર) કાનાણી અને નરેશભાઇ પટેલ તેમ જ અનુભવી ધારાસભ્યો અર્જુનભાઇ મોઢવાડિયા, શૈલેષ પરમાર, કાંતીલાલ અમૃતિયા, અરવિંદ રાણા સાથે નવા યુવા ધારાસભ્યો પ્રવિણકુમાર માળી, ડો. હસમુખ પટેલ, અમુલ ભટ્ટ અને હેમંતભાઇ આહિર કાર્યરત રહેશે.

જીતુભાઈ વાઘાણીના નેતૃત્વ હેઠળ પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિએ પોતાનો પ્રથમ અહેવાલ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ, બીજો અહેવાલ ૨૩મી ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ અને તાજેતરમાં પૂર્ણ થયેલા બજેટ સત્રમાં ૨૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ સને ૨૦૧૧-૧૨ અને ૨૦૧૪-૧૫ના બે વર્ષના કુલ બે અહેવાલો વિધાનસભાગૃહમાં રજૂ કર્યા હતા. સમિતિ એ અત્યારસુધીમાં અંદાજે રૂપિયા ૩,૫૦,૦૦૦ કરોડની નાણાકીય બજેટ જોગવાઈની તપાસ પૂર્ણ કરી છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સમિતિએ કુલ ૪૦ બેઠકમાં ૨૬૯૨ ફકરાઓ અને વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૨૯ બેઠકમાં ૧૫૧૭ ફકરાઓ સેટલ કર્યા છે. આમ, બે વર્ષમાં કુલ ૪૨૮૯ પારાને સેટલ કરવામાં આવ્યા છે, જે સમિતિની કાર્યક્ષમતા અને પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ■